# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

તારીખ : 09-11-2025 - રવિવાર - વર્ષ-14 । અંક-347 । વિક્રમ સંવત-2082 । કારતક વદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ

અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




પેજ-08

રશ્મિકા મંદાનાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર ચિંતા વ્યક્ત કરી



પેજ-09

ટી20 વર્લ્ડકપ 2026 પહેલા ન્યૂઝીલેન્ડને ઝટકો, કેન વિલિયમસને લીધો સંન્યાસ




### 2002 રમખાણોના એક કેસમાં ગોધરા કોર્ટે ત્રણ આરોપીઓને નિર્દોષ છોડ્યા'તા

# હાઈકોર્ટે ગોધરા ફાસ્ટટ્રેક કોર્ટના ચુકાદાનો યોગ્ય ઠેરવ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 08



ગોધરા ફાસ્ટ ટ્રેક સેશન્સ કોર્ટે વર્ષ 2003માં અપાયેલા ચુકાદામાં નિર્દોષ છૂટેલા ત્રણ વ્યક્તિઓ જગદીશ ત્રિવેદી, રમેશ ડામોર અને મોહન પંચાલ સામે ગુજરાત હાઈકોર્ટમાં વર્ષ 2004માં રાજ્ય સરકાર દ્વારા અપીલ દાખલ કરવામાં આવી હતી. જો કે હાઈકોર્ટે સરકારની અપીલ નકારીને ત્રણેય વ્યક્તિઓને નિર્દોષ છોડ્યા છે અને ફાસ્ટ ટ્રેક કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો છે.

કેસને વિગતે જોતા વર્ષ 2002ના ગુજરાત રમખાણો દરમિયાન ફરિયાદી આરજુબેન શેખે ખાનપુર પોલીસ મથક ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જે ગામમાં રહેતા હતા તે ગામના ભરવાડ સમાજ દ્વારા મુસ્લિમોને જાણ કરાઈ હતી કે તેમની ઉપર હુમલો થવાની શક્યતા છે. તેથી તેઓએ પોતાના સગાઓ સાથે ગામ છોડીને સુરક્ષિત સ્થળે જતા રહેવું જોઈએ. આથી ફરિયાદી પોતાના પરિવાર અને ગામના 30 થી 35 પરિવારો કરાતાં ગામ જવા નીકળ્યા હતા. જેમાં એક ટેમ્પોમાં 40 જેટલા લઘુમતી સમુદાયના લોકો હતા.

ટેમ્પો જ્યારે કરાંતા જતા લીંબડીયા ચાર રસ્તાથી ડાબી તરફ વળ્યો, ત્યારે તે તૂટી ગયો હતો. આ દરમિયાન 100 જેટલા લોકોનું ટોળું મારો કાપો કરતું ટેમ્પો ઉપર હુમલો કરવા આવ્યું હતું. જેથી ટેમ્પોમાંથી બધા કૂદીને દોડવા લાગ્યા હતા. જેમાંથી ચારથી પાંચ લોકો ફરિયાદી મહિલાની પાછળ પણ પડ્યા જેઓએ ફરિયાદીને હાથમાં તલવારોના ઘા માર્યા હતા. ફરિયાદી મહિલા રોડની એક બાજુમાં કેબિનની પાછળ મૃત્યુ પામ્યા હોવાનું નાટક કરતાં પડ્યા રહ્યા. ત્યારે તેમને સાંભળ્યું કે ટોળામાંથી એક જણે કહ્યું કે, ટેમ્પો ઉપર કેરોસીન નાખીને તેને સળગાવી નાખો અને તે પ્રમાણેનું કૃત્ય કરવામાં આવ્યું.

ત્યારબાદ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી. પોલીસ ફરિયાદીને ઊભા કરીને લુણાવાડા ખાતે હોસ્પિટલે સારવાર માટે લઈ ગઈ બાદમાં ખાનપુર પોલીસ મથકે મહિલાની ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસી આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી. જ્યારે ભાગેડુ આરોપીઓ સામે પુરવણી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી. જેમાં બે કેસ નંબર પડ્યા હતા.

હાઈકોર્ટમાં સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે ઉપરોક્ત સમયગાળામાં બે અલગ અલગ ઘટનાઓ બની હતી. જે બંનેને એક સાથે નોંધવામાં આવી છે. પરંતુ ખરેખરમાં બે અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધવાની જરૂર હતી. બંનેના સાહેદ અને પીડિતો પણ અલગ અલગ છે. આથી હાઈકોર્ટે કોઈ સિનિયર ઓફિસરને આ કેસમાં ફરીથી તપાસના આદેશ આપવા જોઈએ. કોર્ટે પોતાના ચુકાદામાં તપાસમાં રહેલી ખામીઓ અને પીડિતોના આક્ષેપો અંગે નોંધ કરી છે. તેમજ સિનિયર ઓફિસરને તપાસ સોંપવા અંગે સલાહ આપી છે. પીડિતાએ કહ્યું કે તેઓએ જે જેના નામ આપ્યા તે વ્યક્તિઓને આરોપી બનાવાયા નથી. પોલીસે પંચનામામા જે વ્યક્તિઓ પાસેથી હથિયાર મેળવ્યા છે, તેમનું નામ આરોપીઓમાં નથી. કેસમાં 65 પુરાવા અને 15 સાહેદ રજૂ કરવામાં આવ્યા હતા. ફરિયાદી પોતે ઘાયલ અને આંખો દેખ્યા સાક્ષી હતા. તેણે આરોપીના નામ આપ્યા છે. વળી આરોપીઓ એક લઘુમતી સાહેદને ત્યાંથી જ કેરોસીન લઈને ગયા હતા. બે મૃતકોને ધારિયા મારતા ફરિયાદીના પતિએ સંતાઈને જોયા છે. કેટલાક સાહેદો તપાસાયા નથી. પોલીસે ઘટના સ્થળનું પંચનામું પણ કર્યું હતું. જેથી ફરી તપાસ કરાય અને ફરી ટ્રાયલ કરવામાં આવે. એક સાહેદે કહ્યું હતું કે ટોળામાં જગદીશ ત્રિવેદી, મોહન અને રમેશ ડામોર નહોતા. રમેશભાઈ ટ્રેક્ટરમાં કેરોસીન લઈને ગયા તે ઘર સળગાવ્યાનો બનાવ અને લીંબડીયા આગળ ટેમ્પો સળગાવવાનો બનાવ અલગ અલગ છે.

# સાણંદ હત્યા કેસનો ભેદ ઉકેલાયો, LCB એ મોરૈયાથી આરોપીને દબોચ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 08

રાજ્યમાં સતત વધી રહેલા ગુનાખોરીના બનાવો વચ્ચે ગુરુવારે રાત્રે સાણંદ તાલુકાના મોરૈયા ગામમાં એક ઘાતકી હત્યાનો ગુનો નોંધાયો હતો. ત્યારે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ કેસનો ગણતરીના કલાકોમાં જ ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ગત 6 નવેમ્બરના રોજ મોરૈયા ખાતેના મંગલમ્ શોપિંગ સેન્ટરના રૂમ નં. 305 માંથી અમરનાથ નાઈ નામના વ્યક્તિની ઘાતકી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. હત્યારાએ અમરનાથના પેટમાં છરીના ઘા ઝીંકી આંતરડા બહાર કાઢી નાખ્યા હતા અને ગળા પર ઊંડો ઘા મારી તેનું સ્થળ પર જ મોત નીપજાવ્યું હતું. આ ઘટનાના પગલે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને સાણંદ પોલીસની અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી અને 100થી વધુ રહીશોની પૂછપરછ કરી હતી. આજુબાજુની લેબર કોલોનીઓ, ફેક્ટરીઓ અને ગોડાઉનોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, તેમજ સિક્યુરિટી ગાર્ડ, કામદારો અને કોન્ટ્રાક્ટરોની પૂછપરછ કરવામાં આવી હતી. વિસ્તારમાં અવરજવર કરતા શંકાસ્પદ વ્યક્તિઓની વિગતો ચકાસવામાં આવી હતી અને આરોપીને ટ્રેસ કરવા માટે ટેકનિકલ સર્વેલન્સની પણ મદદ લેવામાં આવી હતી. કલાકોની સઘન તપાસ બાદ પોલીસને એક ચોક્કસ કડી મળી હતી જેના આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી.

આરોપીની ઓળખ બંશીલાલ ઉર્ફે બુલ્લીયા ધનપત ભૈરારામ મહેરા (રહે. સોમનાથ સોસાયટી, મોરૈયા ગામ) તરીકે થઈ છે. તેને મોરૈયા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. LCB એ આરોપીને વધુ કાયદેસરની કાર્યવાહી માટે ચાંગોદર પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે. પોલીસે જણાવ્યું કે, હત્યા પાછળનો હેતુ શું હતો તે અંગે હાલ તપાસ ચાલી રહી છે અને આરોપીને પીડિત સાથે કોઈ જૂની અદાવત કે અંગત ઝઘડો હતો કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ન્યુઝ શોર્ટ્સ

### મંદિરમાંથી આખી દાનપેટી જ ઉઠાવી ગયા, પૂજારીએ કહ્યું-'છેલ્લા ત્રણ વર્ષથી દાનપેટી ખોલી નહોતી...'

અમદાવાદ | અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલા મંદિરમાં તસ્કરો ત્રાટક્યાં હોવાની ઘટના સામે આવી છે. ચોરોએ મંદિરમાંથી આખી દાનપેટી જ ઉઠાવીને લઈ ગયા હતા. સમગ્ર ઘટના મામલે પોલીસને જાણ કર્યા છતાં કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જ્યારે મંદિરના પૂજારી અને સ્થાનિકો દ્વારા તસ્કરોને ઝડપી પાડવા પોલીસને કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. પોલીસે ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### બંધ મકાનને નિશાન બનાવી 20 કલાકના ગાળામાં 10 લાખની ઘરફોડ ચોરી

ગાંધીનગર | ગાંધીનગરના ઝુંડાલ ગામમાં રહેતા એક પરિવારના સભ્યો સ્વજનની ખબર અંતર પૂછવા માટે ગયા હતા. આ દરમ્યાન 20 કલાકના ગાળામાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી અંદાજિત 10 લાખની કિંમતના સોના ચાંદીના દાગીનાની ચોરીને અંજામ આપ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના ઝુંડાલ ગામમાં જોગણી માતાના મંદીર પાસે વચલો વાસમાં રહેતા અમૃતજી મંગાજી ઠાકોર ટેક્સી ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

### નોકરિયાતોએ રિટર્નમાં તમામ વિગતો જાહેર કરી હોવા છતાં ITની નોટિસ

અમદાવાદ | નોકરિયાતોએ આવકવેરાનું રિટર્ન ફાઈલ કરીને તમામ વિગતો આપી દીધી હોવા છતાં મિસમેચની સમસ્યાને કારણે તેમને આવકવેરા ડિપાર્ટમેન્ટ તરફથી નોટિસો મળવા માંડી છે. જોકે આવકવેરા ડિપાર્મેન્ટની આ નોટિસનો જવાબ આપીને સમસ્યાને ટાળી શકાય છે. આ નોટિસથી નોકરિયાત કરદાતાએ ગભરાઈ જવાની જરૂર નથી. આવકવેરાના નિષ્ણાતોનું કહેવું છે કે નોકરિયાતોના આ રિટર્નમાં ફોર્મ ૨૬-એએસ અને રિટર્નમાં આપેલી વિગતોમાં એકરૂપતાનો અભાવ હોવાની વધુ સંભાવના છે.

# અમદાવાદના કુબેરનગરમાં ભગવતી સ્કૂલની માન્યતા રદ, 1000 વિદ્યાર્થીને અન્ય ટ્રાન્સફર કરાશે

(એજન્સી) અમદાવાદ । તા. 08

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા અમદાવાદ પૂર્વમાં કુબેરનગર વિસ્તારમાં આવેલી ભગવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે. જેથી બોર્ડના આદેશ મુજબ બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થતા જ અમદાવાદ શહેરના ડીઈઓ દ્વારા સ્કૂલના 1000 જેટલા વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. માન્યતા રદ થતા હવે આ સ્કૂલમાં ભણતા ધો.10 અને 12ના વિદ્યાર્થીઓના બોર્ડ પરીક્ષાના ફોર્મ પણ આ સ્કૂલમાંથી નહીં ભરાય. જે સ્કૂલમાં ફાળવાશે તે સ્કૂલમાંથી જ ફોર્મ ભરાશે.

અમદાવાદમાં કુબેનગર વિસ્તારમાં ભાર્ગવ રોડ પર આવેલી સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચલાતિ ભગવતી હિન્દી હાઈસ્કૂલ સામે અનેક ફરિયાદો બાદ અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા સ્થળ તપાસ અને ડોક્યુમેન્ટ ચકાસણી કરાઈ હતી. જેમાં રીપિટરોને નિયમિત વિદ્યાર્થીઓ તરીકે સ્કૂલમાં નોંધીને શિક્ષકની ભરતી માટે એનઓસી લેવાઈ ઉપરાંત નિયમ વિરૂદ્ધ ફી લેવામાં આવતી હોવા સહિતની ગેરરીતિ સામે આવી હતી.




### શિક્ષક ભરતી માટે ખોટી રીતે NOC મેળવાઈ

ધો.9 અને 10ના વિદ્યાર્થીઓની ખોટી સંખ્યા દર્શાવી શિક્ષકની ભરતી માટે ખોટી રીતે એનઓસી પણ લેવામાં આવી હતી. સ્કૂલ દ્વારા 4 ખોટી એનઓસી માટે ભરતી સંબંધે જાહેરાત અપાઈ હોવાનું પણ તપાસમાં આવ્યું હતું. આમ આ પ્રકારની વિવિધ ગેરરીતિને લઈને શહેર ડીઈઓ દ્વારા ભલામણ સાથેનો રિપોર્ટ કર્યો હતો. સુનાવણી સહિતની પ્રક્રિયા પૂર્ણ કરીને શિક્ષણ બોર્ડને માન્યતા રદ કરવાની ભલામણ સાથેનો રિપોર્ટ કર્યો હતો.

### શિક્ષણ બોર્ડે માન્યતા રદ કરવાનો આદેશ આપ્યો

ડીઈઓના રિપોર્ટના પગલે ગુજરાત શિક્ષણ બોર્ડે દિવાળી પહેલા જ માન્યતા રદ કરવાની વિધિવત પ્રક્રિયા કરવા આદેશ કરતો પરિપત્ર કરી દેવાયો હતો. પરંતુ 13 ઓક્ટોબરથી વિદ્યાર્થીઓની સત્રાંત પરીક્ષા શરૂ થતી હોઈ અને ત્યારબાદ દિવાળી વેકેશન હોવાથી બીજુ સત્ર પુરુ થતા સ્કૂલની માન્યતા રદ કરવાની અને આ સ્કૂલના બાળકોને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરવા સહિતની કાર્યવાહી પૂર્ણ કરવા બોર્ડે ડીઈઓને આદેશ કર્યો હતો. જેને પગલે અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા બે નોડલ અધિકારી નિમવામાં આવ્યા છે.

તેમજ આ સ્કૂલમાં ધો.9 થી 12માં ભણતા 1000 જેટલા વિદ્યાર્થીઓને અન્ય ટ્રાન્સફર કરવા માટે પ્રક્રિયા શરૂ કરાઈ છે. જેમાં આ જ વિસ્તારની આસપાસની પાંચ જેટલી અન્ય સ્કૂલોમાં બાળકોને ટ્રાન્સફર કરાશે. જે માટે વાલીઓ સાથે બેઠક પણ કરવામાં આવશે.

# અમદાવાદમાં કમળા-કોલેરા માટેના 27 એરીયા જાહેર કરાયા

(એજન્સી) અમદાવાદ । તા. 08

અમદાવાદમાં સતત વધી રહેલા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસને લઈ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ઈન્ચાર્જ મેડીકલ ઓફિસરને ગુરુવારે અધિકારીઓ સાથેની બેઠકમાં ખખડાવી નાંખ્યા હતા.કમિશનરે કહયુ, તમે ઓછા કેસ બતાવીને રોગચાળો કાબૂમાં છે એમ બતાવવાની કોશીશ ના કરતા. આમ કરવાથી તમે પોતે ખોટા સાબિત થશો.શહેરમાં આવેલા ખાનગી પ્રેકટિસનરો ઉપરાંત હોસ્પિટલોમાંથી પણ મચ્છર અને પાણીજન્ય રોગના કયાં-કેટલા દર્દી નોંધાય છે એ વિગતો જાહેર કરવાનુ રાખજો.ચોમાસુ પુરુ થયા પછી કમળા અને કોલેરા માટેના ૨૭ હાઈરીસ્ક એરીયા હેલ્થ વિભાગ તરફથી જાહેર કરાયા છે.

અમદાવાદમાં આ વર્ષે ચોમાસાનો સમય દિવાળી પછી પણ લંબાયેલો જોવા મળ્યો હતો. શહેરીજનો શરદી,ખાંસી,તાવ ઉપરાંત વાઈરલ ફિવર જેવા રોગથી મોટી સંખ્યામા બીમાર પડી રહયા છે.આ જ સ્થિતિ પાણીજન્ય રોગમાં પણ જોવા મળી રહી છે.વિશ્વ આરોગ્ય સંસ્થાના નિયમ મુજબ પાણી ના સેમ્પલ ૯૫ ટકા સુધી ફીટ આવે તો તેને પીવાયોગ્ય ગણાય છે.મ્યુનિ.કમિશનરે ઈન્ચાર્જ મેડીકલ ઓફિસર ભાવિન સોલંકી પાસે પાણીના લેવામા આવતા સેમ્પલ પૈકી કેટલા સેમ્પલમાં કલોરીન નીલ આવ્યુ અને કેટલા સેમ્પલ અનફીટ થયા એ વિગત માંગતા મેડીકલ ઓફિસરની સ્થિતિ કફોડી બની હતી.કેમકે અત્યાર સુધી તેઓ વીકલી રીવ્યુ બેઠકમાં પાણીજન્ય રોગના કેસ વધવા મામલે ઈજનેર વિભાગ ઉપર ઠીકરુ ફોડતા હતા. તેમણે જ આપેલી વિગત મુજબ વર્ષ-૨૦૨૫માં અત્યારસુધીમા કુલ ૫.૨૨ લાખ સેમ્પલ હેલ્થ વિભાગે લીધા હતા.

# અમદાવાદમાં કેનેડાના PR વિઝાના બહાને ₹35 લાખની છેતરપિંડી

(એજન્સી) અમદાવાદ । તા. 08

વિદેશ જવાની લાલચમાં વધુ એક અમદાવાદી વેપારી છેતરપિંડીનો ભોગ બન્યા છે. અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતા 34 વર્ષીય બિઝનેસમેનને કેનેડાના પરમેનન્ટ રેસિડન્સી (PR) વિઝા અપાવવાનું કહી ચાર લોકોએ મળીને રૂ.35 લાખનો ચૂનો લગાવ્યો હોવાની ફરિયાદ રાણીપ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ કેસમાં કેનેડા સ્થિત પિતા અને તેની પુત્રી સહિત ચાર લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

રાણીપ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ દરિયાપુરમાં હાર્ડવેરની દુકાન ધરાવતા ફરિયાદી વિષ્ણુભાઈ પટેલનો સંપર્ક જૂન 2023માં તેમની સાસુ મારફતે અશ્વિનભાઈ પટેલ નામના શખ્સે કર્યો હતો.

અશ્વિનભાઈએ પોતે કેનેડામાં ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ હોવાનો દાવો કર્યો અને વિષ્ણુભાઈ તથા તેમની પત્નીને રૂ.70 લાખમાં PR વિઝા કરાવી આપવાની ખાતરી આપી. એટલું જ નહીં, તેણે IELTS પરીક્ષા પણ 'સેટિંગ'થી પાસ કરાવી દેવાનું વચન આપ્યું હતું. અશ્વિનભાઈ પર વિશ્વાસ કરીને વિષ્ણુભાઈએ પ્રારંભિક એડવાન્સ તરીકે રૂ.35 લાખ આપવાનું નક્કી કર્યું.

ફરિયાદીના જણાવ્યા મુજબ, તેમણે જુલાઈ 2023માં રૂ.10 લાખ રોકડા અને રૂ.25 લાખના પાંચ અનસાઈન્ડ ચેક અશ્વિનભાઈની પુત્રી સુવર્ણાબેન પટેલ (ઉર્ફે ટીના પટેલ)ને આપ્યા હતા. આરોપીઓએ કહ્યું હતું કે અશ્વિનભાઈની ગેરહાજરીમાં સુવર્ણાબેન તમામ પેપરવર્ક અને પેમેન્ટ સંભાળશે. વિષ્ણુભાઈએ પોતાના અને પત્નીના પાસપોર્ટ, શૈક્ષણિક દસ્તાવેજો વગેરે પણ વોટ્સએપ પર મોકલી આપ્યા હતા.



પોલીસના જણાવ્યા અનુસાર, ફરિયાદીએ આપેલા પાંચેય ચેક અશ્વિનભાઈ પટેલ, સુરજભાઈ પ્રજાપતિ અને જીગરભાઈ પટેલના અલગ-અલગ ખાતામાં જમા કરવામાં આવ્યા હતા. આ ટ્રાન્ઝેક્શનની જાણ વિષ્ણુભાઈને પાસબુક ચેક કરતાં થઈ હતી.

# ત્રણ પેટ્રોલ પંપના માલિકનો નર્મદા કેનાલમાં બે દીકરી સાથે આપઘાત: મૃતદેહ કેનાલમાંથી મળ્યા

### બોરીસણાથી આધારકાર્ડ કઢાવવાનું કહી ઘરેથી ગાડી લઈ નીકળ્યા હતા

(એજન્સી) ગાંધીનગર । તા. 08

ગાંધીનગર જિલ્લામાં બોરીસણા ગામના ધીરજભાઈ ભલાભાઈ રબારી ગઈકાલે(7 નવેમ્બર) સવારે પોતાની બે દીકરીઓના આધારકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા. જેઓ મોડી સાંજ સુધી ઘરે પરત નહીં ફરતા પરિવારજનોએ ગઈકાલે સાંતેજ પોલીસ સ્ટેશનમાં બે દીકરીઓ સાથે ધીરજભાઈ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસની અલગ અલગ ટીમોએ ધીરજભાઈની તપાસ હાથ ધરી હતી.

આજે સવારે બંને દીકરીઓના મૃતદેહ કલોલ તાલુકા પોલીસ મથકની હદ વિસ્તારની મુખ્ય કેનાલમાંથી મળી આવતા રબારી સમાજમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં સાંતેજ પોલીસે બંને બાળકીઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાથમિક વિગતો મુજબ ધીરજભાઈ સુખી સંપન્ન પરિવાર ધરાવે છે. જેઓને કલોલના વડસર ઉપરાંત અન્ય બે સ્થળોએ પેટ્રોલ પંપ પણ હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે સવારે ધીરજ બંને દીકરીઓના આધારકાર્ડ કઢાવવાનું કહી ઘરેથી ગાડી લઈ નીકળ્યા હતા



આ અંગે સાંતેજ પોલીસ મથકના પીઆઈ એસ. આર. મૂછાળએ જણાવ્યું કે ધીરજ રબારી કલોલ શહેર પોલીસ મથકની હદમાં આવેલા બોરીસણા ગામમાં રહે છે. જેમના પરિવારમાં પત્ની માતા-પિતા અને બે નાની દીકરીઓ છે. ગઈકાલે સવારે ધીરજ તેમની બંને દીકરીઓને આધાકાર્ડ કઢાવવાનું કહીને ઘરેથી ગાડી લઈને નીકળ્યા હતા. ધીરજે પોતાની ગાડીનું લોકેશન-મોબાઈલનો પાસવર્ડ પરિવારને મોકલ્યો હતો

મોડે સુધી ઘરે પરત ન ફરતા ધીરજે પોતાની ગાડીનું લોકેશન અને મોબાઈલનો પાસવર્ડ પરિવારને મોકલી આપ્યો હતો. જેની તપાસમાં ધીરજની ગાડી શેરીસા નર્મદા કેનાલથી મળી આવી હતી. જેના પગલે તરવૈયા અને ફાયર બ્રિગેડ દ્વારા કેનાલમાં શોધખોળ શરૂ કરાઈ હતી, પરંતુ ત્રણેયની ક્યાંય ભાળ મળી નહોતી. બંને દીકરીઓના મૃતદેહ પિયજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મળી

આજે બંને દીકરીઓના મૃતદેહ કલોલ તાલુકા પોલીસ મથકના પિયજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી મળી આવી છે. જ્યારે ધીરજની હજી સુધી કોઈ ભાળ મળી નથી. ધીરજને વડસર ઉપરાંત અન્ય બે જગ્યાએ પેટ્રોલ પંપ હોવાનું પણ જાણવા મળ્યું છે.

# અમદાવાદમાં કમળા-કોલેરા માટેના 27 હાઈરિસ્ક એરિયા જાહેર

### મ્યુનિસિપલ કમિશનરે મેડિકલ ઓફિસરને ખખડાવ્યાં

(એજન્સી) અમદાવાદ । તા. 08

અમદાવાદમાં સતત વધી રહેલા પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસને લઈ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ઈન્ચાર્જ મેડીકલ ઓફિસરને ગુરૂવારે અધિકારીઓ સાથેની બેઠકમાં ખખડાવી નાંખ્યા હતા.

કમિશનરે કહ્યું, તમે ઓછા કેસ બતાવીને રોગચાળો કાબૂમાં છે એમ બતાવવાની કોશીશ ના કરતા. આમ કરવાથી તમે પોતે ખોટા સાબિત થશો. શહેરમાં આવેલા ખાનગી પ્રેકટિસનર ઉપરાંત હોસ્પિટલોમાંથી પણ મચ્છર અને પાણીજન્ય રોગના ક્યાં-કેટલા દર્દી નોંધાય છે એ વિગતો જાહેર કરવાનુ રાખજો. ચોમાસાનો સમય દિવાળી પછી લંબાયેલો જોવા મળ્યો હતો.

Ministry of Culture
Government of India

**સાંસ્કૃતિક સંસાધનો અને તાલીમ કેન્દ્ર**
(સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર)
પ્લોટ નં. ૧૫ એ, સેક્ટર-૭, દ્વારકા, નવી દિલ્હી-૧૧૦૦૭૫

વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં યુવા કલાકારોને
શિષ્યવૃત્તિ પુરસ્કાર (SYA)

ભારતીય શાસ્ત્રીય સંગીત, ભારતીય શાસ્ત્રીય નૃત્ય, રંગભૂમિ, માઈમ, દ્રશ્ય કલા, લોક, પરંપરાગત અને સ્વદેશી કલા અને હળવા શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રમાં CCRT, ભારત સરકાર દ્વારા ઑફલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. 'વિવિધ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં યુવા કલાકારોને શિષ્યવૃત્તિ પુરસ્કાર' માટે

કૃપા કરીને નોંધ લો કે ૧૦ નવેમ્બર, ૨૦૨૫થી અમલમાં આવતા વર્ષ ૨૦૨૫-૨૬ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. આ વર્ષે ૪૦૦ શિષ્યવૃત્તિઓ ઉપલબ્ધ છે. યોજનાની વિગતો, અરજદારો માટેની સૂચનાઓ, પાત્રતા શરતો/માપદંડો અને અરજી ફોર્મ ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અને CCRT ની નીચેની વેબસાઈટ્સ પર ઉપલબ્ધ છે.

www.indiaculture.gov.in.www.certindia.gov.in
૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ છે.
ફક્ત ઑફલાઈન અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

cbc09127/12/0007/2526

# ગાંધીનગરનો નીરવ દવે નિવૃત્ત ડેપ્યુટી સચિવનો પુત્ર : પતિ-પત્નીનાં ચાર બેંક એકાઉન્ટ સીઝ

(એજન્સી) ગાંધીનગર । તા. 08

ગાંધીનગર ઈન્ફોસિટી વિસ્તારમાં આફિસ ધરાવતા ઠગ દંપતી નીરવ દવે અને મીરા દવેએ વડનગર, પાટણ, દ્વારકા, સુરત અને અમરેલીમાં ગુજરાત ટૂરિઝમ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નામે સરકારી ટેન્ડર બતાવી 22 કરોડથી વધુનું ફુલેકું ફેરવ્યાની ફરિયાદ નોંધાઈ હતી, જોકે ઈન્ફોસિટી પોલીસની ઘનિષ્ઠ તપાસમાં આરોપી નીરવ દવે નિવૃત્ત ડેપ્યુટી સચિવ મહેન્દ્ર દવેનો પુત્ર હોવાનો ઘટસ્ફોટ થયો છે. આરોપી નીરવ દવે એરટેલ કંપનીની ગાંધીનગર બ્રાન્ચનો હેડ અને પૂર્વ ડેપ્યુટી સચિવનો પુત્ર હોવાની ઓળખ આપી વેપારીઓનો વિશ્વાસ જીતતો હતો. આમ, આરોપી ઠગ દંપતીએ અન્ય 10 લોકો સાથે પણ ઠગાઈ આચરતાં પોલીસ ચોપડે છેતરપિંડીનો આંકડો 40 કરોડને પાર કરી ચૂક્યો છે.

અમદાવાદના સોલા કારગિલ પેટ્રોલ પંપ પાછળ સંગીત કોમ્પ્લેક્સમાં રહેતા ભાવિક પટેલ FMCG પ્રોડક્ટનો હાલ વેપાર કરે છે, જેઓ વર્ષ 2004માં એરટેલ કંપનીમાં એક્ઝિક્યુટિવ મેનેજર તરીકે નોકરી કરતા હતા. એ સમયે નીરવ દવે એરટેલ કંપનીની ઓમ એન્ટરપ્રાઈઝ નામે દુકાન નં. 29 ઈન્ફોસિટી મોલ-1 ખાતે એજન્સી ચલાવતો હતો. આ દરમિયાન નીરવ દવે અને ભાવિક પટેલ વચ્ચે મિત્રતા કેળવાઈ હતી.





નિરવ દવે

મીરા દવે

આ પછી છેતરપિંડીનો સિલસિલો ચાલુ થયો હતો. નીરવે અલગ અલગ સમયે પાંચ જુદી જુદી પ્રોજેક્ટ્સનાં નકલી ટેન્ડર બતાવ્યાં હતાં, જેમાં પાટણની રાણકી વાવ ખાતે ઈલેક્ટ્રિક લાઈટિંગનું ટેન્ડર બતાવીને રૂ. 1.03 કરોડ, દ્વારકાનો શિવરાજપુર બીચના ડેવલપમેન્ટનું ટેન્ડર બતાવીને રૂ. 5.15 કરોડ, સુરતના તાપી રિવરફ્રન્ટના બ્યૂટિફિકેશનનું ટેન્ડર બતાવી રૂ. 8 કરોડ, અમરેલીનો રાજમહેલ કિલ્લાનું રિનોવેશન અને ડેવલપમેન્ટનું ટેન્ડર બતાવી રૂ. 1.32 કરોડ તેમજ સુરતના તાપી રિવરફ્રન્ટ બ્યૂટિફિકેશનનું બીજું ટેન્ડર બતાવીને ભાવિક પટેલના સાળા બ્રિજેશ પટેલ અને તેમના સંબંધીઓ પાસેથી રૂ. 5.45 કરોડ લીધા હતા.

આ ઉપરાંત ઈન્ફોસિટી ખાતે ભારત ગેસ એજન્સી ચલાવતા 56 વર્ષીય દર્શનભાઈ ગોરધનભાઈ રામીએ પણ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. દર્શનભાઈની બાજુની દુકાન નં. 28માં 'ઓમ એન્ટરપ્રાઈઝ' નામની ઓફિસ ધરાવતા નીરવ દવે અને તેની પત્ની મીરાએ (બંને રહે.689/2 પ્રાણકુંજ, સેક્ટર 23, ગાંધીનગર) બાર વર્ષ અગાઉ પરિચય કેળવ્યો હતો. બાદમાં ઠગ દંપતીએ જૂન 2024માં દર્શનભાઈને કહ્યું હતું કે તેમની ઓમ એન્ટરપ્રાઈઝ કંપનીને સુરત તાપી નદી રિવરફ્રન્ટ સજાવટનું રૂ. 22.58 કરોડનું સુરત મહાનગરપાલિકાનું (SMC) ટેન્ડર પાસ થયું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ઘોડીને ટ્રેક્ટર અડ્યું ને વિવાદ વકર્યો: 307ની કલમ હટાવવા સુરતમાં પાટીદારો એકજૂથ થયા

# અમરેલીના ફુલઝરમાં ધીંગાણામાં પાટીદારો સામે ખોટી ફરિયાદના આક્ષેપ

સુરત | અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ફુલઝર ગામમાં 5 નવેમ્બરની મોડી રાત્રે લગ્નના ફુલેકામાં ઘોડીને ટ્રેક્ટર અડી જતા થયેલી બબાલમાં એકની હત્યા થઇ હતી, જ્યારે 10 જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. આ મામલે બંને પક્ષે સામસામે 50થી વધુ લોકો સામે ફરિયાદ નોંધાઇ હતી. રાત્રે ગામમાં ધિંગાણુ સર્જાતા પોલીસના ધાડેધાડા ઉતારવામાં આવ્યા હતા.આ હિંસક જૂથ અથડામણના ગંભીર પડઘા હવે સુરતમાં પડ્યા છે.

ફુલઝર ગામમાં પાટીદારો પર અસામાજિક તત્વો દ્વારા કરાયેલા હિંસક હુમલો અને ત્યારબાદ ખોટી રીતે કેસ કરાયાના આક્ષેપોને લઈને સુરતના પાટીદારો મેદાને પડ્યા છે. આ મામલે એક વિશાળ અને મહત્ત્વપૂર્ણ બેઠક પણ યોજાઈ હતી. આ બેઠકમાં પાટીદારો સામે લાગેલી 307ની કલમ નહીં દૂર કરવામાં આવે તો સુરતથી ફુલજર જવાની પણ તૈયારીઓ કરી લીધી છે.

### CCTVના આધારે પાટીદાર યુવાનો નિર્દોષ છે: વિજય માંગુકીયા

આ અંગે પાટીદાર આગેવાન વિજય માંગુકીયાએ જણાવ્યું કે, અમરેલી જિલ્લાના બાબરાના ફુલઝર ગામમાં સરપંચની ચૂંટણીમાં હાર થઈ અને હાર સહન ન થતા અનિષ્ટ પ્રવૃત્તિ કરતા શખ્સે દિવાળી વેકેશન કરવા માટે ગયેલા પાટીદાર યુવાનો ગામમાં ઉભા હતા ત્યારે ફોર વ્હીલ ચઢાવી દઈ 7ને ઈજા પહોંચાડી હતી. સાથે સાથે નિર્દોષ વટેમાર્ગુ એવા એક કાઠી દરબાર પર ગાડી ચઢાવી હત્યા કરી છે.આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે અને તેના આધારે જો ફરિયાદ દાખલ કરી હોય તો પાટીદાર યુવાનો નિર્દોષ સાબિત થાય છે.

સુરતમાં પાટીદાર સમાજના આગેવાનો, યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. આ બેઠકમાં વિજય માંગુકિયા, અભિન કળથીયા, અલ્પેશ કથીરીયા સહિત અનેક અગ્રણી પાટીદાર યુવાનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમાજમાં ફુલઝરની ઘટનાને



લઈને ભારે રોષ અને ન્યાયની માગ ઊભી થઈ છે.

પાટીદાર સમાજના આગેવાનોના આક્ષેપ મુજબ, ફુલઝર ગામમાં કાઠી દરબારના યુવાનો અને પાટીદાર યુવાનો વચ્ચે જૂથ અથડામણ થઈ હતી. આ દરમિયાન, હથિયારો સાથે કાઠી દરબારો દ્વારા પાટીદારો પર હિચકારો હુમલો કરાયાનો આક્ષેપ છે. સૌથી ગંભીર બાબત એ છે કે, જ્યારે પાટીદારો ગામના ચોકમાં ઊભા હતા, ત્યારે હુમલાખોરો દ્વારા તેમના પર ગાડી ચડાવી દેવામાં આવી હતી. આ ગંભીર હુમલામાં 7 જેટલા પાટીદારો ઈજાગ્રસ્ત થયા હતા અને બહાર ગામથી આવેલા એક કાઠી દરબારનું મોત નીપજ્યું હતું, જેનાથી ગામમાં ભારે તંગદિલી ફેલાઈ હતી.

### 'પોલીસે CCTVને અવગણીને ખોટી રીતે ફરિયાદ કરી'

કાઠી દરબારના મોતનો આરોપ પાટીદારો પર લગાવીને કાઠી દરબારના આગેવાનોએ પાટીદારો પર વળતો હુમલો કર્યાનો આક્ષેપ છે. પરંતુ, સુરતમાં એકઠા થયેલા પાટીદાર સમાજનો મુખ્ય આક્ષેપ એ છે કે, આ ઘટનામાં ખોટી રીતે પાટીદારો સામે કેસ કરાયા છે. આ ઘટનામાં 29 જેટલા પાટીદાર લોકો પર નામજોગ અને અન્ય 50 સામે ફરિયાદ નોંધાઈ છે. સાથે તેમણે દાવો કર્યો છે કે, ફરિયાદમાં એવા યુવકોના નામ લખાયા છે જે ઘટના સમયે ત્યાં હાજર નહોતા. એક યુવકનું તો સુરતની હોસ્પિટલમાં ઓપરેશન ચાલી રહ્યું હતું અને અન્ય એક યુવક તેના લગ્ન પ્રસંગમાં હાજર હતો. સમાજે એવો પણ આરોપ લગાવ્યો છે કે, તેમની પાસે CCTVના પુરાવા હોવા છતાં પોલીસ દ્વારા આ પુરાવાઓને અવગણીને ખોટી રીતે ફરિયાદ નોંધવામાં આવી છે.

### ન્યાય માટે પાટીદારો સુરતથી રેલીરૂપે ફુલઝર ગામ સુધી જશે

પાટીદાર સમાજ ન્યાયની માગ સાથે સુરતમાં એકત્રિત થયો અને નિર્ણય લેવાયો છે કે જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. ન્યાય મેળવવા માટે આંદોલનના ભાગરૂપે સુરતથી પાટીદારો રેલીરૂપે ફુલઝર ગામ સુધી જશે અને ન્યાયની માંગણી કરશે. સમાજે પોલીસ અને તંત્રને વિનંતી કરી છે કે, પુરાવાઓના આધારે નિષ્પક્ષ તપાસ કરીને ખોટી રીતે ફસાયેલા નિર્દોષ પાટીદારોના નામ ફરિયાદમાંથી દૂર કરવામાં આવે. સાથે સરકારને ચેતવણી આપી છે કે, જો આ મામલે યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આ આંદોલન વધુ ઉગ્ર બનશે.

## ન્યૂઝ ફ્લેશ

### ડો. બાબા સાહેબની પોસ્ટના મુદ્દે યુવકને મારી નાંખવાની ધમકી

વડોદરા | ડો.બાબા સાહેબ આંબેડકરની પોસ્ટના મુદ્દે યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. જે અંગે બાપોદ પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગરના મહુવાનો નિલેશ નાનજીભાઇ જીતીયા હાલમાં ન્યૂ વી.આઇ.પી. રોડ ડી માર્ટની પાછળ મણીનગરમાં રહે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે,મેં એમ.બી.એ. માર્કેટિંગનો અભ્યાસ કરૃં છું અને વડોદરામાં ટેમ્પો ચલાવું છું. ગત ૩૦ મી ઓગસ્ટે બપોરે ૧૨ વાગ્યે હું મોબાઇલમાં યુ ટયૂબ જોતો હતો. તે સમયે ડો. બાબા સાહેબ આંબેડકરનો એક ફોટો એડિટ કરીને અપલોડ કરેલો ધ્યાને આવતા મેં ફોટો અપલોડ કરનાર નાગદાન આહિરને કોલ કરીને તે ફોટો હટાવી લેવા કહ્યું હતું. અમારી વચ્ચે બોલાચાલી થઇ હતી. મારા મિત્રે મને એક ઓડિયો ક્લિપ મોકલી હતી.

### ઇન્વેસ્ટમેન્ટના નામે 35.30 લાખની ઠગાઈમાં ત્રણ યુવક પકડાયા

વડોદરા | વડોદરાના એક ઇન્વેસ્ટરને ફસાવી 35.30 લાખની છેતરપિંડી કરવાના બનાવવામાં પોલીસે રાજકોટ નજીકથી ત્રણ યુવકોને ઝડપી પાડ્યા છે. વડોદરાના એક ઇન્વેસ્ટરને એક લિંક મોકલ્યા બાદ રજીસ્ટ્રેશન કરાવી ટ્રેડિંગની ટિપ્સ આપવાના નામે બોગસ એકાઉન્ટમાં સારો પ્રોફિટ બતાવી 36.50 લાખ ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. ઓનલાઇન ઠગોએ 1.20 લાખ પરત કરી બાકીની રકમ પરત કરી ન હતી. પોલીસે ઉપરોક્ત રકમમાંથી 1.70 લાખની રકમ જે એકાઉન્ટમાં ટ્રાન્સફર થઇ હતી તેના ખાતેદાર જયરાજ મધુભાઈ ખુમાણ તેમજ આ એકાઉન્ટમાંથી રકમ બીજાને ટ્રાન્સફર કરવાની સવલત કરી આપનાર સિધ્ધરાજ રાહુજીભાઈ રાઠોડ અને ધૃપલ દિનેશભાઈ પટેલ (અસ્થાનજી કમ્પાઉન્ડ, સુરત)ની ધરપકડ કરી છે.

### અરજદારને બોલાવવા કહેતાં RTO ઇન્સ્પેક્ટર સાથે ઝપાઝપી

જૂનાગઢ | જૂનાગઢ આરટીઓ કચેરી ખાતે આવેલા શખ્સને અરજદારને બોલાવી લાવવા કહેતા આ શખ્સે ગાળો આપી ઝપાઝપી કરી છરી બતાવી ફરજમાં રૂકાવટ કરી હતી, જેમાં આરટીઓ ઇન્સપેક્ટર અને સિક્યુરિટી કર્મચારીને ઈજા થતાં સારવારમાં ખસેડાયા હતા. આ અંગે ફરિયાદ થતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વધુ વિગત મુજબ શહેરના મીરાનગરમાં રહેતા અને આરટીઓ કચેરીમાં મોટર વાહન નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હિતેષકુમાર વિનોદકુમાર પંડિત ગઈકાલે કચેરીએ હતા ત્યારે ભાવિન રમણીક કરથીયાએ ત્રણ અરજી ફોર્મ આપ્યા હતા. ફોર્મમાં આ શખ્સનું નામ ન હોવાથી હિતેષકુમારે અરજદારને બોલાવવા કહ્યું હતું. આથી ભાવિન કરથીયાએ ઉશ્કેરાઇ જઇ 'અહીં શુ થાય છે એ બધી મને ખબર છે' એમ કહી ખોટા આક્ષેપ કર્યા હતા.

## યુવક પર ધોકા-પાઈપથી હુમલો કરી ફાયરિંગ કર્યાનો આક્ષેપ

# રેલનગરમાં વાહન પાર્કિંગ બાબતે પિતા-પુત્ર સહિતના ટોળાએ પાડોશીને માર માર્યો

રાજકોટ | રાજકોટ શહેરમાં વધુ એક મારામારીની ઘટના સામે આવી છે, જેમાં રેલનગર વિસ્તારમાં વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે પિતા-પુત્ર સહિતની ટોળકીએ યુવાન પર ધોકા પાઇપ વડે હુમલો કર્યો હતો. બાદમાં હવામાં ફાયરિંગ કર્યાનો પણ આક્ષેપ ઈજાગ્રસ્ત યુવાન દ્વારા કરવામાં આવી રહ્યો છે. જો કે ફાયરિંગ થયું છે કે કેમ? તે બાબતે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.







### ઘટનાની જાણ થતાં SOG-ક્રાઇમ બ્રાન્ચની ટીમ પણ સ્થળે દોડી ગઈ

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં પોપટપરા નજીક આવેલી અમૃત સોસાયટીમાં થોડા દિવસ અગાઉ વાહન પાર્ક કરવા બાબતે થયેલી માથાકૂટનો ખાર રાખી ગત મોડીરાતે સંજય રાઠોડ નામના યુવાન પર પાડોશી ગોવિંદ ચાવડા અને તેના પુત્ર જીતુ ચાવડા સહિત સાત જેટલા શખસોએ આવી ધોકા-પાઈપ વડે હુમલો કર્યા હતો. એટલું જ નહિ હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ ઈજાગ્રસ્ત સંજય રાઠોડ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ઘટનાની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસ સાથોસાથ SOG અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જો કે, પ્રાથમિક તપાસમાં ફાયરિંગ થયાનો કોઈ પુરાવો પોલીસને મળ્યો નથી.

### સમાધાન બાબતે વાતચીત કરે તે પહેલાં જ મારવા લાગ્યાઃ મીરા રાઠોડ

ઈજાગ્રસ્ત સંજય રાઠોડના પત્ની મીરા રાઠોડએ જણાવ્યું હતું કે, બે ત્રણ દિવસ વાહન પાર્ક કરવા બાબતે પાડોશી ગોવિંદ ચાવડા સાથે બોલાચાલી થઈ હતી. આ પછી સમાધાન પણ થઈ ગયું હતું. દરમિયાન આજે (7 નવેમ્બરની મોડીરાતે) ગોવિંદ ચાવડા ઘર પાસે આંટા મારી સંજય ક્યાં છે? કહી સંજયને બોલાવ કહી માથાકૂટ કરવા લાગ્યા હતાં.

બાદમાં સંજય આવતા સમાધાન બાબતે કોઈ વાતચીત કરે તે પૂર્વે જૂની અદાવતનો ખાર રાખી માર મારવા લાગ્યા હતાં. આ લોકો દ્વારા હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. હાલ મારા પતિ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જ્યારે આ ઘટનાની જાણ થતા રાજકોટ શહેર પ્રદ્યુમનનગર પોલીસ, SOG ક્રાઇમ બ્રાન્ચ તેમજ સાથે સાથે એસીપી અને ડીસીપી કક્ષાના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. રાજકોટ શહેર ઝોન 2 ડીસીપી રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે, વાહન પાર્ક કરવાની જૂની માથાકૂટનો ખાર રાખી ગોવિંદભાઈ ચાવડા અને જીતુભાઈ ચાવડા સહિતનાઓએ સંજય રાઠોડ પર હુમલો કર્યો હોવાની જાણ પોલીસને મળી છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત સંજય રાઠોડ દ્વારા ફાયરિંગ થયા અંગે આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જો કે, હાલમાં ફાયરિંગ થયા અંગે કોઈ ચોક્કસ પુરાવા પોલીસને હાથ લાગ્યા નથી, જેથી પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી છે.

## વધુ એક ઘટના... દિલ્હી-વડોદરાની ત્રણ ફ્લાઈટ દોઢથી ત્રણ કલાક મોડી આવી

# એટીસીમાં ટેકનિકલ ક્ષતિ સર્જાઇ

વડોદરા | દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે એટીસીમાં ટેકનિકલ ક્ષતિ સર્જાતા સમગ્ર દેશમાં હવાઈ સેવાને અસર થઇ હતી અને તેના કારણે વડોદરા દિલ્હીની ત્રણ ફ્લાઇટ પણ મોડી પડી હતી. ત્રણ ફ્લાઇટ દોઢ ત્રણ કલાક મોડી પડતા પેસેન્જરોને ભારે પરેશાની ભોગવવી પડી હતી.

એરપોર્ટના સુત્રોએ જણાવ્યું હતું કે, સવારે વડોદરા દિલ્હીની બે ફ્લાઇટ લેટ પડી હતી, જેમાં ઇન્ડિગોની દિલ્હીથી વડોદરા આવતી ફ્લાઇટ સાડા ત્રણ કલાક લેટ થઇ હતી તો એર ઇન્ડિયાની દિલ્હી વડોદરા ફ્લાઇટ પણ દોઢ કલાક મોડી પડી હતી. સવારની ફ્લાઇટના પેસેન્જરો સમયસર એરપોર્ટ પર પહોંચી ગયા હતા



પરંતુ બન્ને ફ્લાઇટ લેટ થતાં પેસેન્જરો પરેશાન થઇ ગયા હતા.

જ્યારે સાંજે ઇન્ડિગોની દિલ્હી રુટની ફ્લાઇટ ૨ કલાક મોડી આવી હોવાનું એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દિલ્હી એરપોર્ટ પર એટીસીમાં ટેકનિકલ ક્ષતિ સર્જાતા એરપોર્ટ પર વિમાનોનું લેન્ડિંગ અને ટેક ઓફ મુશ્કેલ બની ગયું હતું અને તેના કારણે એટીસીને મેન્યુઅલી કામ કરવાની ફરજ પડતા અસંખ્ય ફ્લાઇટ ડીલે થઇ હતી.

# મસ્તી કરતા નશેબાજો પોલીસ આવતા ભાગ્યા એક ઝડપાયો, કારમાંથી દારૂની બોટલ મળી

વડોદરા | વડોદરા,મકરપુરા તરસાલી રિંગ રોડ પર મોડીરાતે નશેબાજ લોકો દારૃ પીને મસ્તી કરતા હતા. પોલીસ સ્તળ પર પહોંચતા જ તેઓ ભાગવા લાગ્યા હતા. જે પૈકી એકને પોલીસે ઝડપી પાડયો છે.

મકરપુરા તરસાલી રિંગ રોડ અમૃત ઇલાયચી નામની દુકાન પાસે જોરજોરથી ગાયનો વાગે છે અને દારૃ પીને નાટક કરે છે. તેવી માહિતીના આધારે પોલીસે સ્થળ પર જઇને તપાસ કરતા ચાર થી પાંચ લોકો ઉભા હતા. પોલીસને જોઇને તેઓ ભાગવા લાગ્યા હતા. જે પૈકી એક વ્યક્તિ પોતાની કારમાં બેસી ગયો હતો. તેને નીચે ઉતારીને પૂછતા તેણે પોતાનું નામ વિજય જેસીંગભાઇ પરમાર (રહે. ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, વડસર બ્રિજ પાસે, માંજલપુર) જણાવ્યું હતું. કારની સીટ



પરથી દારૃની બોટલો મળી આવી હતી. જેથી, પોલીસે તેની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ભાગી ગયેલા અન્ય વ્યક્તિઓની પણ તપાસ શરૃ કરી છે. પકડાયેલો આરોપી પ્રોવિઝન સ્ટોર ચલાવે છે.

# બહેનપણીને મદદ કરવું પરિણીતાને ભારે પડ્યું,પતિ સાથે રંગે હાથ પકડાઇ

વડોદરા | મુશ્કેલીમાં મુકાયેલી બહેનપણીને મદદ કરવાનું એક પરિણીતાને ભારે પડયું હતું અને તેની બહેનપણી જ તેના માટે મુશીબતનું કારણ બની હતી.

સમા વિસ્તારમાં રહેતી એક પરિણીતા પાસે પાંચ મહિના પહેલાં તેની બહેનપણીએ પરિવારમાં મુશ્કેલી હોવાથી મદદ માંગી હતી. જેથી પરિણીતાએ તેને તમામ પ્રકારની મદદ કરવાની તૈયારી બતાવી ત્રણ મહિના સુધી પોતાને ઘેર રાખી હતી. આ દરમિયાન બહેનપણી અને પરિણીતાના પતિ વચ્ચે પ્રેમસબંધ બંધાયો હતો. પરિણીતાને બંનેની વર્તણૂક પરથી શંકા જતાં તેણે બહેનપણીને વિદાય કરી હતી.પરંતુ ત્યારપછી પણ પતિ અને બહેનપણી વચ્ચે સબંધ ચાલુ



રહેતાં પરિણીતાએ ઘર બદલી નાંખ્યું હતું. ત્રણ દિવસ પહેલાં પતિ મોડીરાત સુધી પરત નહિ આવતાં અને તેનો ફોન પણ સ્વીચ ઓફ આવતાં પરિણીતાને શંકા ગઇ હતી અને રાતે જ બહેનપણીને ત્યાં પહોંચી જતાં પતિની મોટર સાઇકલ બહાર જ જોવા મળી હતી.રંગેહાથે પકડાઇ ગયેલા પતિ અને બહેનપણીની સાન ઠેકાણે લાવવા પરિણીતાએ અભયમની મદદ લેતાં બંને પ્રેમીઓએ માફી માંગી હતી.

# પ્રિ-વેડિંગ શૂટિંગ કરતી વખતે દરિયામાં મોજુ આવતા 5 તણાયા : યુવતી લાપત્તા

વેરાવળ | વેરાવળ તાલુકના આદ્રી ગામે લગ્નનું પ્રિવેડીંગ શુટીંગ દરીયાકાંઠે કરતા હતા ત્યારે મોજું આવતા ચાર યુવાનો અને એક યુવતી તણાઈ ગયા હતાં. જેમાં ચાર યુવાનો બહાર નિકળી ગયા હતાં, પણ યુવતી લાપતા થઈ જતા શોધખોળ કરાઈ હતી, પણ મોડી સાંજ સુધી કોઈ પત્તો લાગ્યો નહોતો.

વેરાવળતાલુકાના આદ્રી ગામે દરીયા કાંઠે લગ્નનું પ્રિવેડીંગ શુટીંગ કરવા સવારે 11 વાગ્યે છોકરા છોકરીઓ કરી રહ્યા હતાં. ચાર છોકરા તથા એક છોકરી પાણીમાં ઉભેલા હતાં ત્યારે જોરદાર મોજું આવતા તમામને દરીયામાં લઈ ગયું હતું. મહામહેનતે ચાર છોકરાઓ બહાર નિકળી ગયા હતાં. બચાવો બચાવોની બુમપાડતા લોકો ભેગા થઈ ગયેલા હતાં. તાત્કાલીક પોલીસ, ફાયર બ્રિગેડ અને ડીઆરએફટીમ પહોંચી હતી. દરીયામાં નવાપરાની જ્યોતી હરસુખભાઈ પરમાર લાપત્તા થઈ હતી. સાંજે 7



વાગ્યા સુધી કોઈપણ પત્તો મળેલો ન હોતો. માંગરોળ તાલુકાના ઢોલાણા ગામના યુવકનાં છાત્રોડા ગામની યુવતી સાથેલગ્ન થવાના હોય, નવાપરા રહેતી યુવતી તેની માસીઆઈ બહેન હોય તે પણ પ્રિવેડીંગ શુટીંગ માટે આવી હતી, જે તણાઈ ગઈ હતી. શુટીંગ કરનાર ફોટોગ્રાફરનો કેમેરો પણ દરીયામાં પડી ગયો તે પણ મળેલો ન હતો. બનાવના સ્થળે ખારવા સમાજ પટેલ તેમની ટીમ સાથે પહોંચી ગયેલા હતાં.

# સુરતના સારોલીમાં ટેક્સટાઈલ માર્કેટમાં 12મા માળે આગ

### અફરાતફરી વચ્ચે ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે

સુરત | સુરતના સારોલીમાં આવેલી ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. અહીં કુબેરજી ટેક્સટાઈલ વર્લ્ડ માર્કેટમાં 12મા માળે આગ લાગી હોવાની જાણકારી સામે આવી રહી છે. જોકે આ ઘટનાની જાણ કરાતા જ ફાયરબ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. વેપારીઓમાં અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે ગણતરીના કલાકોમાં જ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો છે અને ફાયર વિભાગ દ્વારા હાલ કુલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

આગની જાણ થતાં જ ફાયરબ્રિગેડનો મોટો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગના જવાનો દ્વારા આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો યુદ્ધના ધોરણે શરૃ કરી આગ પર કાબૂ મેળવી લીધો છે. 12મા માળે આગ લાગી હોવાથી ફાયરબ્રિગેડને આગ બુઝાવવામાં પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આગના ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાઈ જોવા હતા. ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા, જેમને પોલીસે દૂર હટાવવાની કામગીરી હાથ ધરી હતી. હાલમાં આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

## તમે પણ ચેતજો..... રોકાણ પર નફાના નામે છેતરી 35.30 લાખ પડાવ્યા, આરોપીઓના બેંક ખાતામાં 8 કરોડથી વધુના ટ્રાન્જેક્શન મળ્યા

# શેર માર્કેટમાં નફાની લાલચ આપી ઠગતી ગેંગના ત્રણ ઝડપાયા

વડોદરા | શેર માર્કેટમાં રોકાણના નામે લાલચ આપીને લોકોને છેતરતી આંતરરાજ્ય ટોળકીના ત્રણ સભ્યોને વડોદરા શહેર સાયબર ક્રાઇમ પોલીસે ઝડપી પાડ્યા છે. આરોપીઓએ નકલી ફર્મ બનાવીને તેના નામે બેંક ખાતાં ખોલાવ્યા હતા અને તેમાંથી કરોડો રૂપિયાની છેતરપિંડીના નાણાંની હેરફેર કરી હતી. આ ગુનામાં સંડોવાયેલા અને અભ્યાસ બાદ નોકરી કરતા યુવાઓ દ્વારા લોકોને છેતરવાનો આ કારસાનો પર્દાફાશ થયો છે, જેમાં ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

### શેરબજારમાં નફાની લાલચ આપી 35.30 લાખની છેતરપિંડી આચરી

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ફરિયાદીને અજાણ્યા નંબર પરથી વ્હોટ્સએપ પર શેર માર્કેટ ટ્રેડિંગના ગ્રુપમાં જોડાવા માટે લિંક મોકલવામાં આવી હતી. ગ્રુપમાં ટ્રેડિંગ ટિપ્સ આપવામાં આવતી હતી. જે બાદ ફરિયાદીને બનાવટી વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરાવીને અલગ-અલગ



ખાતાઓમાં ટુકડે ટુકડે રૂ. 36.50 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. વિશ્વાસ વધારવા માટે રૂ. 1.20 લાખ પ્રોફિટ તરીકે પરત પણ કરવામાં આવ્યા હતા. વેબસાઇટમાં અનેકગણું રિટર્ન બતાવવામાં આવ્યું, પરંતુ વિથડ્રો કરવા જતાં પૈસા મળ્યા ન હતા. જેથી ફરિયાદી સાથે કુલ રૂ. 35.30 લાખની છેતરપિંડી થઈ હતી.

### 8 કરોડથી વધુના ફ્રોડના નાણાંની હેરફેર થયાનું બહાર આવ્યું

આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસ મથકના PI જે.ડી.પરમાર અને ટીમે આરોપીઓની ધરપકડ અને તપાસ અર્થે ટેક્નિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદ લેતા આરોપીઓનું લોકેશન વાવ-થરાદ (બનાસકાંઠા) અને રાજકોટમાં હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ ટીમે દરોડો પાડીને ત્રણેયને ઝડપી લીધા હતા. તપાસમાં આરોપીઓના ખાતામાંથી કુલ રૂ.8 કરોડથી વધુના ફ્રોડના નાણાંની હેરફેર થયાનું બહાર આવ્યું હતું.

ઝડપાયેલા આરોપીઓ

જયરાજ મધુભાઈ ખુમાણ, (રાજકોટ), સિધ્ધરાજ રાહજીભાઈ રાઠોડ (થરાદ), ધ્રુપલભાઇ દિનેશભાઇ પટેલ (સુરત)

આરોપી જયરાજના ખાતામાં ફરિયાદીના રૂ. 1.70 લાખ ટ્રાન્સફર થયા હતા. આ સાથે સિદ્ધરાજ અને ધ્રુપલે આ ખાતું ફ્રોડના નાણાં ટ્રાન્સફર માટે વાપર્યું અને પછી સહઆરોપીઓને સોંપી દીધું હતું. આ ગુનામાં આરોપીઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વ્હોટ્સએપ, ટેલિગ્રામ અને યુટ્યુબ પર લોભામણી જાહેર ખબરો દ્વારા લોકોને આકર્ષતા હતા.

## મહિલા દોષિતને 11 વર્ષે રેગ્યુલર જામીન મળ્યા

# પરિણીત મહિલાને પ્રેમી જોડે રહેવા જવામાં પોતાના 2 બાળકો નડતા હતા

જામનગર | જામનગરની સેશન્સ કોર્ટે વર્ષ 2018માં એક મહિલા આરોપી અને તેના પ્રેમી પુરુષ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. જેમાં મહિલા આરોપીએ વર્ષ 2018માં તેની સામે હાઈકોર્ટમાં દાખલ કરેલી અપીલમાં રેગ્યુલર જામીન અરજી મંજૂર થતા 11 વર્ષ બાદ તેને જેલમાંથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવામાં આવશે.


કેસની વિગતો જોતા પરિણીત મહિલા આરોપીને 5 વર્ષ અને 2 વર્ષના એમ બે પુત્રો હતા. જેને અન્ય એક પુરુષ સાથે પ્રેમ થઈ ગયો હતો, તે પુરુષ પણ પરિણીત હતો. મહિલાના પ્રેમીએ તેને બંને બાળકો સાથે રાજકોટ આવવા કહ્યું હતું. બંનેને સાથે રહેવામાં મહિલાના બાળકો નડતા હોવાથી તેમને મારવાનો પ્લાન ઘડવામાં આવ્યો હતો. જે મુજબ બાધલા ગામના વાડી વિસ્તારમાં આવેલ કુવામાં બંનેએ ભેગા મળીને મહિલાના પતિના બંને બાળકોને નાખી દીધા હતા. જે સંદર્ભે બાળકોના પિતાએ લાલપુર પોલીસ મથકે વર્ષ 2014માં ગુનો નોંધાવ્યો હતો અને કેસ જામનગર સેશન્સ કોર્ટમાં ચાલ્યો હતો. જામનગરની સેશન્સ કોર્ટે 31 સાહેદ અને 22 પુરાવાને આધારે આરોપીઓને આજીવન સજા ફટકારી હતી. પોલીસને બનાવની જગ્યાએથી બીડીના ઠુંઠા મળ્યા હતા. જેને FSL તપાસમાં મોકલવામાં આવતા, તેની ઉપર આરોપી મહિલાના પ્રેમી એવા સહ આરોપી રમેશની લાળ મળી આવી હતી. મહિલા ઘરેથી તેના પતિને લોનનો હપ્તો ભરવાનું કહીને બે બાળકોને લઈને નીકળી ગઈ હતી. સહ આરોપી રમેશ અગાઉ મહિલાનો પાડોશી હતો. વળી જે જગ્યાએ બનાવ બન્યો ત્યાં મહિલા શા માટે ગઈ હતી તે પણ પ્રશ્ન સર્જાયો હતો.

## નાતાલ વેકેશન પૂર્વે સુદામા સેતુ ખૂલશે ?
# દ્વારકાની ઓળખ સમો સુદામા સેતુ 3 વર્ષથી બંધ

દ્વારકા | દ્વારકાની ગોમતી નદી પર નિર્મિત ફૂટ બ્રીજ સુદામા સેતુ વર્ષ 2011 માં રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને લોક ભાગીદારીથી શરૂ કરાયા બાદ 2016 માં લોકાર્પણની સાથે જ ગોમતી ઘાટ અને સામે આવેલ પંચનદ તીર્થ તથા બીચ પર જવા માટેના પ્રમુખ સ્ત્રોત સાથે આગવી ઓળખ પણ બની ગયો હતો.

દ્વારકા આવતા દરેક યાત્રીક સુદામા સેતુની અચૂક મુલાકાત લેતા અને ગોમતી નદી,જગતમંદિર, સનસેટ અને બીચ લોકેશનના સંગમ સમા જગતમંદિરની નજીક બનેલ સુદામા સેતુ જગતમંદિર બાદ પર્યટકોની પ્રથમ પસંદ બની રહ્યો હતો.

જે ગત ઓકટોબર 2022 માં થયેલ મોરબી પૂલ દુર્ઘટના બાદ સમારકામના નામે બંધ થયેલા સુદામા સેતુની મરમ્મતની કામગીરી હજુ સુધી કરવામાં આવી નથી. જેના કારણે દ્વારકાના



પ્રમુખ આકર્ષણ સમા સુદામા સેતુની મુલાકાતથી ભાવિકો તથા સહેલાણીઓ વંચિત રહયા છે. થોડા સમય પૂર્વે સુદામા સેતુના નવનિર્માણની વાતો બહાર આવેલ આમ છતાં હજુ સુધી સમારકામ યા તો નવનિર્માણ ની કામગીરી ન થતાં તંત્ર દ્વારા સલામતીના કારણોસર યાત્રીકો માટે ખૂલ્લો મૂકી શકાય તેવી સ્થિતિમાં જણાતો નથી. યાત્રાધામમાં દિવાળીના પખવાડિયાના વેકેશનના સમયગાળામાં લાખો યાત્રીકોએ જગતમંદિરની મુલાકાત લઈ દર્શન કર્યા હોય સ્વાભાવિક રીતે જો સુદામા સેતુ યાત્રીકો માટે ખૂલ્લો રાખી શકાયો હોત તો લાખો યાત્રીકોએ આ બેનમૂન ફુટબ્રીજની મુલાકાત લીધી જ હોત. આ બ્રીજ બંધ રહેવાથી સુદામા સેતુ સોસાયટીને લાખો રૂપિયાની નુકસાની ગયાનો અંદાજ છે. હવે આગામી ડિસેમ્બર માસમાં પણ યાત્રાળુઓની ભરચક સીઝન શરૂ થઈ રહી હોય લાખો પ્રવાસીઓ નાતાલના વેકેશન તેમજ સમગ્ર ડિસેમ્બર માસમાં યાત્રાધામની મુલાકાતે આવનાર હોય છેલ્લાં સમયમાં અગ્રણીઓએ પણ એક થી વધુ વખત સુદામા સેતુ ખૂલે તેવી માંગ ઉઠાવી હોય ત્યારે વહીવટી તંત્ર સુદામા સેતુને પુનઃ શરૂ કરી શકાય તે દિશામાં કાર્યવાહી કયારે કરે છે તે જોવાનું રહેશે.

## ઉમરેઠ પંથકમાં વિધર્મીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગર્ભવતી બનાવી

આણંદ : ઉમરેઠ પંથકની એક સગીરાને વિધર્મી યુવકે પ્રેમ જાળમાં ફસાવી અવારનવાર તેણીના ઘરે જઈ દુષ્કર્મ ગુજારતા સગીરા ગર્ભવતી બની હતી. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે વિધર્મી યુવક વિરૂદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ઉમરેઠ પંથકના એક ગામમાં રહેતી ૧૬ વર્ષીય સગીરા ગત ઓક્ટોબર માસમાં રાત્રિના સુમારે જમ્યા બાદ ગોળીઓ લઈ રહી હતી. તેણીની વિધવા માતા જોઈ જતા માતાએ કઈ ગોળીઓ લઉ છુ તેમ પૂછયું હતું પરંતુ સગીરા મૌન રહી હતી. ત્યારબાદ અવારનવાર પૂછપરછ કરતા સગીરાએ માસિક નહીં આવ્યું હોવાનું જણાવ્યું હતું. જેથી તેનું કારણ પૂછતા એકાદ વર્ષ પૂર્વે શહેબાઝ અનવરભાઈ મલેક તેણીને મળી પ્રેમનો પ્રસ્તાવ મુક્તા તેણીએ હા પાડી હતી તેમ કહ્યું હતું. ત્યારબાદ બીજા દિવસે તેણી ઘરે એકલી હતી ત્યારે શહેબાઝ ત્યાં આવી ચઢ્યો હતો અને તેણી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ અવારનવાર શહેબાઝ મલેકે તેણીના ઘરે તેમજ ઘર પાછળ આવેલા ખેતરમાં તેણી સાથે દુષ્કર્મ આચર્યું હોવાથી ગર્ભવતી બની હતી. શહેબાઝ મલેકે પ્રેગ્નન્સી ટેસ્ટની કિટ આપતા તપાસમાં પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

ગર્ભનો નિકાલ થાય તે માટે શહેબાઝે ગોળીઓ લાવી આપી હોવાની કબુલાત કરતા વિધવા માતા કલ્પાંત કરી ઉઠી હતી.

## ચાવડીગેટમાં દારૂ પકડવા ગયેલી પોલીસ પર ટોળાનો હુમલો, એસીડ એટેકનો પ્રયાસ કરાયો...

ભાવનગર : શહેરના ચાવડીગેટ વિસ્તારમાં વિદેશી દારૂ અંગે દરોડો પાડવા ગયેલી એલસીબી પોલીસ ઉપર એસીડ ફેંકવાનો અને વિદેશી દારૂ ભરેલી કાર ભગાડવાનો ટોળાએ પ્રયાસ કર્યો હતો. પોલીસે ટોળાનો પ્રતિકાર કરી ચાર શખ્સને ઝડપી લીધા હતા. હાથમાં ટયુબ લાઈટના ધોકા સાથે આવેલ મહિલા સહિતના ટોળાએ પોલીસની ફરજમાં રૂકાવટ કરી હતી તેમજ એક શખ્સે ફિનાઈલ પી લેવાનો પણ પ્રયાસ કર્યો હતો. જો કે પોલીસે તેને અટકાવતા ટોળાએ ઝપાઝપી કરી હતી. આ ઘટનામાં એક પોલીસ કર્મચારીને ઈજા પહોંચી હતી.

એલસીબીનો સ્ટાફ ગત રાત્રિના પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે, ચાવડી ગેટ વિસ્તારમાં ગ્રે કલરની મારૂતિ કંપનીની કારમાં અમુક માણસો ગોવાથી વિદેશી દારૂનો જથ્થો લાવીને દેવીપૂજકવાસમાં આવેલ રાકેશ મનુભાઈ શાહના મકાનમાં ઉતરવાના છે. જે બાતમીના આધારે એલસીબીએ ચાવડીગેટ વિસ્તારમાં પાર્ક કરેલી કાર મળી આવી હતી અને કારમાં દિનેશ રાજુભાઈ શાહ, કિશન રાકેશભાઈ શાહ અને વિશાલ અજયભાઈ યાદવ મળી આવતા તેમની પૂછપરછ કરી હતી. દરમિયાન રાકેશ મનુભાઈ શાહ, અજય જેન્તીભાઈ ચુડાસમા, પ્રકાશ નરેશભાઈ શાહ, હાદક ઉર્ફે બોમ્બ, આશાબેન રાકેશભાઈ શાહ તેમજ અજાણી મહિલા અને પુરૂષોનું ટોળું ટયુબલાઈટના ધોકા લઈને દોડી આવ્યું હતું અને દારૂ ભરેલી કાર ઉપર ધોકા પછાડી ચાલકને કાર લઈને ભાગી જવાનું કહ્યું હતું અને પોલીસ કર્મચારી સાથે ઝપાઝપી કરી ફરજમાં રૂકાવટ કરી હતી. ટોળામાં હાજર એક શખ્સે એસીડની બોટલ પોલીસ કર્મચારી ઉપર ફેંકવાનો પ્રયાસ કરતા પોલીસ કોન્સ્ટેબલ ઉમેશભાઈ હુંબલે શખ્સના હાથમાંથી એસીડની બોટલ ઝૂંટવી લીધી હતી. દરમિયાન પીઆઈ એ.આર.વાળા, પીએસઆઈ વી.સી.જાડેજા, પી.ડી.ઝાલા તેમજ પોલીસ કાફલો દોડી આવ્યો હતો અને સ્થિતિ કંટ્રોલ કરી હતી. પોલીસનો મોટો કાફલો આવી જતા ત્યાં હાજર અજય જેન્તીભાઈ ચુડાસમાએ ફિનાઈલની બોટલ ગટગટાવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કરતા ટોળાએ ફરી પોલીસ સાથે ઝપાઝપી કરી હતી.

## News Brief

### ભુજ બસ પોર્ટ સામે સહયોગ હોલ બન્યો 'ગંદકીનું ઘર'

ભુજ: ભુજ બસ પોર્ટ સામે આવેલા સહયોગ હોલને કોરોના કાળથી નજર અંદાજ કરાતા વર્તમાન સમયમાં સહયોગ હોલ ગંદકીનું ઘર બન્યું છે. સહયોગ હોલના ગેટ પાસે જ કચરો ઠાલવવામાં આવે છે. એક સમયે સહયોગ હોલમાં શિક્ષકોની તાલીમ, બદલી કેમ્પો સહિતના આયોજન કરવામાં આવતા હતા પરંતુ વર્તમાનમાં સહયોગ હોલને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેને લઈને શિક્ષણ વિભાગને પણ રસ નથી. કોરોના કાળ પહેલા પ્રાથમિક શિક્ષણ વિભાગ સહિતના સંબંધિત વિભાગ દ્વારા સહયોગ હોલનો શિક્ષકોના બદલી કેમ્પો, તાલીમો તેમજ અન્ય કાર્યક્રમો માટે ઉપયોગ કરવામાં આવતો હતો પણ ૨૦૨૦માં કોરોના કાળ બાદ સહયોગ હોલ એક વર્ષથી પણ લાંબા સમય માટે બંધ રહ્યું.

### સાર્વજનિક જગ્યા ખાલી કરવાનું કહેતા યુવતીને માર મારી ધમકી દીધી

જૂનાગઢ| કેશોદમાં લીમડા ચોક પાસે ખોજા ખાના ગલીમાં રહેતા 25 વર્ષીય સમાબેન અબ્દુલભાઈ ચૌહાણએ આઠ મહિના પહેલા મેમુદાબેનની બાજુમાં મકાન લીધું હતું. પરંતુ મહિલાએ મકાનની બાજુમાં આવેલ સાર્વજનિક પ્લોટમાં દબાણ કર્યું હતું. જેથી સમાબેનના પિતાએ મહિલા અને સાર્વજનિક જગ્યા ખુલી કરવાનું કહ્યું હતું. જેનું મનદુઃખ રાખી મેમુદાબેન, તેનો દીકરો તથા બે દીકરીએ ઘરે આવી સમાબેનને ઢીકાપાટુ માર મારી જાનથી પતાવી દેવાની ધમકી આપી હોવાની ફરિયાદ યુવતીએ કરતા પોલીસે કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.

## વાહન પાર્કિંગ બાબતે પિતા-પુત્ર સહિતના ટોળાએ પાડોશીને માર માર્યો
# પાઈપથી હુમલો કરી ફાયરિંગ કર્યાનો આક્ષેપ

રાજકોટ | રાજકોટ શહેરમાં વધુ એક મારામારીની ઘટના સામે આવી છે, જેમાં રેલનગર વિસ્તારમાં વાહન પાર્ક કરવા જેવી નજીવી બાબતે પિતા-પુત્ર સહિતની ટોળકીએ યુવાન પર ધોકા પાઈપ વડે હુમલો કર્યો હતો. બાદમાં હવામાં ફાયરિંગ કર્યાનો પણ આક્ષેપ ઈજાગ્રસ્ત યુવાન દ્વારા કરવામાં આવી રહ્યો છે. જો કે ફાયરિંગ થયું છે કે કેમ? તે બાબતે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં પોપટપરા નજીક આવેલી અમૃત સોસાયટીમાં થોડા દિવસ અગાઉ વાહન પાર્ક કરવા બાબતે થયેલી માથાકૂટનો ખાર રાખી ગત મોડીરાતે સંજય રાઠોડ નામના યુવાન પર પાડોશી ગોવિંદ ચાવડા અને તેના પુત્ર જીતુ ચાવડા સહિત સાત જેટલા શખસોએ આવી ધોકા-પાઈપ વડે હુમલો કર્યો હતો. એટલું જ નહિ હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ ઈજાગ્રસ્ત સંજય રાઠોડ દ્વારા કરવામાં આવી રહ્યો છે. ઘટનાની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસ સાથોસાથ SOG અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જો કે, પ્રાથમિક તપાસમાં ફાયરિંગ થયાનો કોઈ પુરાવો પોલીસને મળ્યો નથી.

ઈજાગ્રસ્ત સંજય રાઠોડના પત્ની મીરા રાઠોડએ જણાવ્યું હતું કે, બે ત્રણ દિવસ વાહન પાર્ક કરવા બાબતે પાડોશી ગોવિંદ ચાવડા સાથે બોલાચાલી થઈ હતી. આ પછી સમાધાન પણ થઈ ગયું હતું. દરમિયાન આજે (7 નવેમ્બરની મોડીરાતે) ગોવિંદ ચાવડા ઘર પાસે આંટા મારી સંજય ક્યાં છે? કહી સંજયને બોલાવ કહી માથાકૂટ કરવા લાગ્યા હતાં. બાદમાં સંજય આવતા સમાધાન બાબતે કોઈ વાતચીત કરે તે પૂર્વે જૂની અદાવતનો ખાર રાખી માર મારવા લાગ્યા હતાં. આ લોકો દ્વારા હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું. હાલ મારા પતિ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જ્યારે આ ઘટનાની જાણ થતા રાજકોટ શહેર પ્રદ્યુમનનગર પોલીસ,



SOG ક્રાઈમ બ્રાન્ચ તેમજ સાથે સાથે એસીપી અને ડીસીપી કક્ષાના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. રાજકોટ શહેર ઝોન 2 ડીસીપી રાકેશ દેસાઈએ જણાવ્યું હતું કે, વાહન પાર્ક કરવાની જૂની માથાકૂટનો ખાર રાખી ગોવિંદભાઈ ચાવડા અને જીતુભાઈ ચાવડા સહિતનાઓએ સંજય રાઠોડ પર હુમલો કર્યો હોવાની જાણ પોલીસને મળી છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત સંજય રાઠોડ દ્વારા ફાયરિંગ થયા અંગે આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. જો કે, હાલમાં ફાયરિંગ થયા અંગે કોઈ ચોક્કસ પુરાવા પોલીસને હાથ લાગ્યા નથી, જેથી પોલીસે એ દિશામાં તપાસ હાથ ધરી છે.

### નડિયાદમાં મનપાની દુકાનો પર ગેરકાયદે કબજા બાદ નવું બાંધકામ શરૂ થતા વિવાદ


નડિયાદ: નડિયાદ મહાનગરપાલિકાની માલિકીની દુકાનોને ખાનગી વ્યક્તિ દ્વારા તોડીને ગેરકાયદે રીતે રિકન્સ્ટ્રક્શન શરૂ કરી દેવાતા વિવાદ સર્જાયો છે. કબ્રસ્તાન ચોકડીની સામે આવેલી તંત્રની માલિકીની દુકાનો વર્ષોથી ગેરકાયદે કબ્જો કરીને રાખવામાં આવી હતી. હવે તેને તોડીને નવું કન્સ્ટ્રક્શન કરવામાં આવી રહ્યું છે. આ સમગ્ર મામલે નડિયાદ મનપાએ તપાસ હાથ ધરી હોવા છતાં કોઈ કાર્યવાહી ના થતા સવાલો ઉભા થયા છે.

મહાનગરપાલિકાની કબ્રસ્તાન ચોકડી પાસે આવેલી તંત્રની માલિકીની દુકાનો પર વર્ષોથી ખાનગી વ્યક્તિ દ્વારા ગેરકાયદે કબ્જો જમાવવામાં આવ્યો હતો. આ દુકાનોને હવે રાતોરાત તોડી પાડીને નવા કન્સ્ટ્રક્શનની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવાઈ છે. દુકાનોનું કામ પાયાના લેવલથી પ્લીન્થ લેવલ સુધી લાવી દેવામાં આવ્યું છે અને હવે ગમે ત્યારે સ્લેબ કાસ્ટિંગ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### કપડવંજ નગરમાં રખડતા ઢોર, શ્વાનના ત્રાસથી અકસ્માતનો ભય...

કપડવંજ : કપડવંજ નગરમાં રખડતા ઢોર અને શ્વાનનો ત્રાસ વકર્યો છે. રસ્તા ઉપર બેઠેલા પશુઓના કારણે વાહન ચાલકોને અકસ્માતનો ભય રહેલો છે. ત્યારે પાલિકા તંત્ર સુપ્રીમ કોર્ટના આદેશને ઘોળીને પી ગયું હોય તેમ કાર્યવાહી કરવામાં ઠાગાઠૈયા કરતું હોવાના આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. કપડવંજ ખાતે નડિયાદ મોડાસા રોડ, બસ સ્ટેશન, ટાઉન હોલ, ત્રિવેણી પાર્ક, ડાકોર રોડ, નગરપાલિકા વિસ્તાર રત્નાગીરી રોડ, આઝાદચોક, મીના બજાર સહિત નગરના સંખ્યાબંધ રસ્તાઓ પર ગાયો, આખલા અને રખડતા શ્વાનોના કારણે રાહદારીઓ, વાહન ચાલકોને અકસ્માતના કિસ્સાઓ વધ્યા છે. છતાં નગરપાલિકાના સત્તાધીશો રખડતા પશુઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આંખ આડા કાન કરી રહ્યા છે. તમામ મહાપાલિકા, નગરપાલિકા સતત પેટ્રોલિંગ કરી રખડતા પશુઓને અલગ આશ્રયસ્થાનમાં પૂરે અને રખડતા શ્વાનોનું ખસીકરણ કરવાનો સુપ્રીમ કોર્ટે પણ આદેશ કર્યો છે.

## ખંભાળિયાના વોર્ડ નં.1માં રોડમાં મસમોટા ખાડા, ગટરો છલકાઈ



ખંભાળિયા | ખંભાળીયા નગરપાલિકા વોર્ડ-1ના વિપક્ષી મહિલા સદસ્યા લાખીબેન આલાભાઈ પતાણીએ ખંભાળીયા પાલિકાના ચીફ ઓફિસરને વોર્ડ-1ની સમસ્યાઓ અંગે વિસ્તૃત રજૂઆતો કરીને તાકીદે નિરાકરણ લાવવા માંગ કરી છે.

આ રજુઆતમાં તેમણે જણાવ્યુ છેકે, વોર્ડ-1ના વિસ્તારોમાં રોજ ગટરો છલકાય છે જેથી અનેક સ્થળે ગંદુ પાણી ફેલાતા ગંદકી થાય છે તથા ગટરોના મોઢા પાસે તથા પાણીની નાલીઓ પણ છલકાતી હોય તે પણ દરરોજ સાફ કરવાની જરૂર છે.જયારે વોર્ડમાં અનેક રસ્તાઓ એવા છે કે જે ચોમાસામાં જર્જરિત થઈ ગયા છે તથા ખાડાઓ પડી જતા વાહન ચાલકો રાહદારીઓ તથા વૃધ્ધો અને બાળકોને સમસ્યા રહે છે પણ રીપેરીંગ કે નવા બનતા નથી. વોર્ડ-1માં સફાઈ કામદારોની પૂરતી સંખ્યા પણ ના હોવાથી સફાઈમાં અવ્યવસ્થા થાય છે જેથી સફાઈ કર્મીઓની સંખ્યામાં વધારો કરવાની સાથો સાથ ગટરો છકલાવી, નાલીઓ ભરાવી વિ. બાબતે પણ ચોક્કસ કર્મચારીને ફાળવવા જેથી ગંદકી ના રહે. વોર્ડ-1માં ખામનાથ સોસાયટી પાસે રાજધાની હોટલની બાજુમાં એક વર્ષો જુના મકાનની છત જર્જરિત અને ગમે ત્યારે પડતા મોટો અકસ્માત થવાનો સંભવ હોય તે બાબતે પણ તુરંત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. વોર્ડ-1 પછાત વિસ્તાર હોય ગરીબ મજૂરો તથા સામાન્ય પરિવારજનો વધુ રહેતા હોય તેમના માટે આવા પ્રશ્નોથી પરેશાની થતી હોય તાકીદે ઉકેલની માંગ કરવામાં આવી છે.

## ધો. 10 અને 12 ની સામાન્ય પરીક્ષાના આવેદનપત્રો ભરવાનો પ્રારંભ થયો...



ભાવનગર : રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાલક્ષી તૈયારી શરૂ કરાઇ છે. જ્યારે ધો.૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ભરવા આજથી સાઇટ ઓપન કરાઇ છે જે તા.૬ ડિસેમ્બર સુધીમાં ફોર્મ ભરી શકાશે. ધો.૧૦, સંસ્કૃત પ્રથમા, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની ફેબુરઆરી-૨૦૨૬થી યોજાનાર બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ઑઓનલાઇન તા.૭-૧૧ના રોજથી તા.૬ ડિસેમ્બરના રોજ રાત્રીના ૧૨ કલાક સુધી બોર્ડની વેબસાઇટ પરથી ભરી શકાશે. ધો.૧૦, સંસ્કૃત પ્રથમા, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાના તમામ (નિયમિત, પુનરાવર્તિત (રિપીટર) તથા પૃથ્થક વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજીયાત ઓનલાઇન ભરવા જણાવાયું છે.

## પાલિતાણામાં ઉભરાતી ગટરના પ્રશ્ને ઉપવાસ આંદોલન છેડવાની ચિમકી



પાલિતાણા : ઉભરાતી ગટરનો પ્રશ્ન ગંભીર બન્યો હોવા છતાં તંત્ર ભેદી મૌન સેવીને બેઠું હોય, લોકોના આરોગ્ય ઉપર ગંભીર અસર પડી રહી છે. પાલિતાણા નગરપાલિકાની બેદરકારીને કારણે શહેરમાં ગટર વ્યવસ્થાનો પ્રશ્ન અત્યંત ગંભીર બન્યો છે. તાજેતરમાં વરસેલા માવઠાંના કારણે મોટાભાગના વિસ્તારોમાં ગટર ઉભરાઈ રહી છે. ખારો નદી ભરેલી હોવાથી ગટરનું ગંદું પાણી પાછું મારી લોકોના ઘર સુધી પહોંચ્યું છે. નગરપાલિકામાં ગટર ઉભરાવાની ૩૫૦થી વધુ ફરિયાદો આવી છે. તેમ છતાં નક્કર પગલા લેવામાં આવી રહ્યા નથી. જેના કારણે બાળકો, મહિલાઓ, વૃદ્ધોના સ્વાસ્થ્ય ઉપર જોખમ ઉભું થયું છે. આ બાબતે ન.પા.ના વિપક્ષના નેતાએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી ગટર ઉભરાવાની સમસ્યાનું સાત દિવસમાં નિરાકરણ નહીં.

# વડોદરાના હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકો માટે નવી રમતોની સુવિધા

વડોદરા : હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકોના આનંદ અને શારીરિક વિકાસ માટે આધુનિક રમતગમતના સાધનો સાથે નાગરિકોના સ્વાસ્થ્ય માટે ઓપન જીમ સહિતની સુવિધા ઉભી કરાશે.

હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકોના મનોરંજન માટે રમત-ગમતના સાધનોમાં વધારો કરાશે. બાળકો માટે ખાસ કરીને : ઝૂલો, લપસણી, મેટલ પ્લેટફોર્મ મેરી ગો રાઉન્ડ, મલ્ટિસિટર શી શો, જેવા સાધનો લગાડવામાં આવશે. સાથે એક નવીન અને અધ્યતન "મલ્ટી પ્લે સ્ટેશન" લગાડવાનું આયોજન છે. આ એક જ સાધનમાં સ્પાઈરલ સાઈડર, કર્વ સાઈડર, રોટો ટનલ, બ્રીજ, રોક ક્લાઈમ્બર અને બેંચનો સમાવેશ થાય છે. જે બાળકોના શારીરિક વિકાસ સાથે તેમના આનંદમાં પણ વધારો કરશે. આ ઉપરાંત નાગરિકો માટે ઓપન જીમની સુવિધા મળી રહે અને પાર્કની મુલાકાત લેતા નાગરિકોનું સ્વાસ્થ્ય




જળવાઈ રહે તે હેતુથી કસરત માટે એરિઅલ સ્ટ્રોલર, એરો રાઈડર, સાયકલ, સીટેડ એન્ડ સ્ટેન્ડીંગ ટ્વિસ્ટર, એ.બી.એસ. બોર્ડ, પુસઅપ બાર અને પુલ અપ સ્ટેશન વગેરે સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.


## વડોદરા રોડ ઉપર ફાર્મ હાઉસમાંથી 4.70 લાખનો દારૂ ઝડપાયો

આણંદ : વાસદ પોલીસ ઊંઘતી રહી અને આણંદ એલસીબી પોલીસે ગતરોજ હાડગૂડ વડોદ રોડ ઉપર કુખ્યાત બુટલેગરના ફાર્મ હાઉસ ઉપર છાપો મારીને વિદેશી દારૂના કટિંગનું રેકેટ ઝડપી પાડયું હતું. પોલીસે ઘટના સ્થળેથી બે શખ્સોને રૂા. ૪.૭૦ લાખના વિદેશી દારૂના જથ્થા તથા એક પીકઅપ ડાલા સાથે ઝડપી પાડયા હતા. પોલીસે રૂપિયા ૧૨.૭૨ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી કુખ્યાત બુટલેગરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આણંદ સહિત પાંચ જિલ્લાઓમાંથી તડીપાર કરાયેલા કુખ્યાત બુટલેગર બહાદુરસિંહ અમરસિંહ રાઠોડ હાડગૂડ વડોદ રોડ ઉપર આવેલા તેના ફાર્મ હાઉસમાં રહે છે અને ત્યાં મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો મંગાવી કટીંગ કરતો હોવાની બાતમી આણંદ એલસીબી પોલીસને મળી હતી. પોલીસની ટીમે છાપો મારતા બહાદુરસિંહ રાઠોડ પોલીસને જોઈ ફાર્મ હાઉસની દીવાલ કૂદીને ખેતરાળ રસ્તે ફરાર થઈ ગયો હતો. જ્યારે અન્ય બે શખ્સોને પોલીસે ઝડપી પાડયા હતા. ફાર્મ હાઉસ ખાતેથી પીકઅપ ડાલુ અને લોખંડના પીપ મળી આવ્યા હતા. તપાસ કરતાં લોખંડના પીપોમાં છુપાવી રાખેલા વિદેશી દારૂની પેટીઓ મળી આવી હતી. જેની અંદાજિત કિંમત રૂપિયા ૪,૭૦,૪૦૦ જેટલી થવા જાય છે.

## ઈન્વેસ્ટમેન્ટના નામે 35.30 લાખની ઠગાઈમાં 3 યુવક પકડાયા, 8 કરોડના ટ્રાન્જેક્શન થયા

વડોદરા : વડોદરાના એક ઈન્વેસ્ટરને ફસાવી 35.30 લાખની છેતરપિંડી કરવાના બનાવવામાં પોલીસે રાજકોટ નજીકથી ત્રણ યુવકોને ઝડપી પાડ્યા છે. વડોદરાના એક ઈન્વેસ્ટરને એક લિંક મોકલ્યા બાદ રજીસ્ટ્રેશન કરાવી ટ્રેડિંગની ટિપ્સ આપવાના નામે બોગસ એકાઉન્ટમાં સારો પ્રોફિટ બતાવી 36.50 લાખ ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. ઓનલાઈન ઠગોએ 1.20 લાખ પરત કરી બાકીની રકમ પરત કરી ન હતી. આ અંગે સાયબર સેલમાં ફરિયાદ નોંધાતા ટ્રાન્સફર થઈ ગઈ રકમ બાબતે બેન્ક એકાઉન્ટની વિગતો મેળવવામાં આવી હતી. પોલીસે ઉપરોક્ત રકમમાંથી 1.70 લાખની રકમ જે એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હતી તેના ખાતેદાર જયરાજ મધુભાઈ ખુમાણ (નીલમ સીટી, યુનિવર્સિટી રોડ,રાજકોટ) તેમજ આ એકાઉન્ટમાંથી રકમ બીજાને ટ્રાન્સફર કરવાની સવલત કરી આપનાર




સિધ્ધરાજ રાહુજીભાઈ રાઠોડ (અયોધ્યા નગર સોસાયટી, દિયોદર વાવ થરાદ) અને ધૃપલ દિનેશભાઈ પટેલ (અસ્થાનજી કમ્પાઉન્ડ, સુરત)ની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વડોદરાના ઈન્વેસ્ટરની રકમ જે એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હતી તેમાં 8 કરોડના ટ્રાન્ઝેક્શન જણાઈ આવ્યા છે. જેથી તે દિશામાં પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

**કર્ક (ડ,હ)**
ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

**સિંહ (મ,ટ)**
વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે.

**કન્યા (પ,ઠ,ણ)**
એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો.

**તુલા (ર,ત)**
કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**વૃશ્ચિક (ન,ય)**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**ધન (ભ,ધ,ફ)**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**મકર (ખ,જ)**
તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે.

### જીએસટીમાં ઘટાડાથી સૌથી વધુ ખરીદી પેસેન્જર તથા ટુ વ્હીલર્સમાં જોવા મળી

# તહેવારોની મોસમમાં વાહનોનું બાવન લાખથી વધુ વિક્રમી વેચાણ

## કેટલાક શહેરોમાં તો ડીલરો પાસે વાહનોના પૂરવઠા કરતા પણ વધુ માંગ

(એજન્સી) મુંબઈ | તા 08

વર્તમાન વર્ષના નવરાત્રી થી દિવાળીની ૪૨ દિવસની તહેવારોની મોસમ દરમિયાન દેશમાં ઓટો રિટેલ વેચાણ આંક બાવન લાખથી વધુ સાથે વિક્રમી સપાટીએ જોવા મળ્યો છે. ગયા વર્ષના નવરાત્રી થી દિવાળીની મોસમની સરખામણીએ વર્તમાન વર્ષના આ ગાળામાં રિટેલ વેચાણમાં ૨૧ ટકા વધારો જોવા મળ્યો છે. પેસેન્જર વાહનો તથા ટુ વ્હીલર્સના વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ થયાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા)ના સુત્રોએ જણાવ્યું હતું.આગામી લગ્નસરાની મોસમમાં પણ વેચાણમાં નોંધપાત્ર વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. વર્તમાન વર્ષના નવરાત્રીના પ્રથમ દિવસથી જ ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)માં જોરદાર ઘટાડાને કારણે વાહનોની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થતા ગ્રાહકોમાં તહેવારો દરમિયાન ખરીદીનું આકર્ષણ વધ્યું હતું.

એકંદર ઓટો રિટેલ વેચાણ આંક જે ગયા વર્ષના નવરાત્રી થી દિવાળીના તહેવારોમાં ૪૩,૨૫,૬૩૨ રહ્યો હતો તે વર્તમાન વર્ષમાં ૨૧ ટકા વધી ૫૨,૩૮,૪૦૧ રહ્યાનું ફાડાના નિવેદનમાં જણાવાયું હતું. પેસેન્જર વાહનોનું વેચાણ ૬,૨૧, ૫૩૯ એકમથી ૨૩ ટકા વધી ૭,૬૬,૯૧૮ રહ્યું હતું જ્યારે ટુ વ્હીલર્સનું વેચાણ ૩૩,૨૭,૧૯૮ એકમ પરથી ૨૨ ટકા વધી ૪૦,૫૨,૫૦૩ વાહન જોવા મળ્યું હતું. જીએસટીમાં ઘટાડાને કારણે વાહનોની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થતા ખરીદીમાં વધારો થયો હતો. કેટલાક શહેરોમાં તો ડીલરો પાસે માલના પૂરવઠા કરતા માગ વધારે જોવા મળી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો. ટુ વ્હીલર્સના વેચાણમાં વધારા માટે સારી લિક્વિડિટી તથા જીએસટીમાં કપાતથી એફોર્ડિબિલિટી કારણભૂત રહ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ટુ વ્હીલર્સની ઊંચી માગ રહી હતી.




તાજેતરના વર્ષોમાં વર્તમાન વર્ષની તહેવારોની મોસમ શ્રેષ્ઠ રહ્યાનો ડીલરો જણાવી રહ્યા હતા. થ્રી વ્હીલર્સ તથા કમર્સિઅલ વાહનોના વેચાણમાં પણ અનુક્રમે ૯ ટકા અને ૧૫ ટકા વધારો થયો હતો. ઓકટોબર મહિનાની વાત કરીએ તો ઓટો વેચાણમાં વાર્ષિક ધોરણે ૪૧ ટકા વધારો થઈને એકંદર વેચાણ ૪૦,૨૩,૯૨૩ એકમ રહ્યું છે. ઓકટોબરમાં ટુ વ્હીલર્સ તથા પેસેન્જર વાહનોનો વેચાણ આંક અત્યારસુધીનો સૌથી વિક્રમી વેચાણ આંક રહ્યો છે. જીએસટીમાં રાહતને પરિણામે આગામી ત્રિમાસિક માટે ઓટો રિટેલનું આઉટલુક નિર્ણયાત્મક રીતે પોઝિટિવ જણાઈ રહ્યું હોવાનો દાવો કર્યો હતો. તહેવારોની મોસમ બાદ લગ્નસરાની મોસમમાં પણ માગ ઊંચી રહેવાની ડીલરો અપેક્ષા રાખી રહ્યા છે.

## ચાંદીના ઘરેણાં પર પણ મળશે લોન, કેટલો હશે LTV રેશિયો?


(એજન્સી) મુંબઈ | તા 08

હવે તમે ચાંદી ગીરવે મૂકીને પણ લોન મેળવી શકો છે. સિલ્વર લોન લેવી હવે શક્ય બની છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નવું સર્ક્યુલર જાહેર કરવામાં આવ્યું છે. હાલ સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ત્યારે ઘણા લોકો પૈસાની જરૂરિયાત પડતા સોનું ગીરવે મૂકીને તેના પર લોન મેળવે છે. જેને આપણે ગોલ્ડ લોન તરીકે ઓળખીએ છીએ. જોકે, હવે તમે ચાંદી ગીરવે મૂકીને પણ લોન મેળવી શકો છે. સિલ્વર લોન લેવી હવે શક્ય બની છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા નવું સર્ક્યુલર જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સોના સાથે હવે ચાંદી પર પણ લોન આપવાની સુવિધાને મંજૂરી આપવામાં આવી છે.

જો તમારી પાસે સોનાના સિક્કા કે ઘરેણાં છે, તો હવે તેનો ઉપયોગ માત્ર શણગાર પૂરતો સિમિત રહેશે નહીં, તેના પર તમે જરૂરતના સમયે લોન મેળવી શકો છો. ભારતીય રિઝર્વ બેંક દ્વારા પહેલીવાર 2025 નામથી નવી ગાઈડલાઈન બહાર પાડી છે. જે અંતર્ગત હવે તમને ચાંદી પર પણ લોન મળી શકે છે. આ નિયમ એપ્રિલ 2026 એટલે કે આગામી નાણાકીય વર્ષથી લાગૂ થશે. અત્યાર સુધી બેંક ફક્ત સોનાના ઘરેણાં કે સિક્કા પર ગોલ્ડ લોન ઓફર કરતી હતી. RBI દ્વારા કરવામાં આવેલા નિયમોમાં ફેરફાર બાદ હવે ચાંદીના ઘરેણાં અને સિક્કા પર લોન ઓફર કરશે.

## News Brief

### સૌથી જૂની બાઇકનું નેક્સ્ટ જનરેશન મોડલ, EICMA 2025માં Royal Enfield નો ધમાકો



(એજન્સી) મુંબઈ | તા 08

નવી બુલેટ 650માં તેનો ક્લાસિક અને મજબૂત દેખાવ જાળવી રાખવામાં આવ્યો છે. તેમાં હેન્ડ-પેઈન્ટેડ પિનસ્ટ્રાઈપ્સ, 3D વિંગ્ડ બેજ, અને 'ટાઇગર-આઇ' પાયલોટ લેમ્પ જેવી તેની ઓળખ બની ચૂકેલી વસ્તુઓ જોવા મળે છે.મોટરસાઇકલ જગતમાં રોયલ એનફિલ્ડ એક મોટું નામ છે, અને તેની સૌથી જૂની બાઇક બુલેટનો રુતબો અનોખો છે. વર્ષ 1932માં જન્મેલી આ મોટરસાઇકલ સતત ઉત્પાદનમાં રહેનારી વિશ્વની સૌથી જૂની બાઇક છે. હવે 93 વર્ષ પછી બુલેટને બિલકુલ નવું સ્વરૂપ મળ્યું છે. કંપનીએ ઇટાલીના મિલાન શહેરમાં શરૂ થયેલા EICMA 2025 ઓટો શોમાં તેના સૌથી દમદાર અવતાર 'બુલેટ 650' પરથી પડદો ઉઠાવ્યો છે. આ નેક્સ્ટ જનરેશન મોડલ 90 વર્ષની ગૌરવશાળી પરંપરાને આધુનિક યુગમાં લઈ જઈ રહ્યું છે, જેમાં ક્લાસિક દેખાવ અને આધુનિક ટેકનોલોજીનું અદ્ભુત મિશ્રણ છે. ક્લાસિક લુક, દમદાર 648 CC એન્જિનનવી બુલેટ 650માં તેનો ક્લાસિક અને મજબૂત દેખાવ જાળવી રાખવામાં આવ્યો છે. તેમાં હેન્ડ-પેઈન્ટેડ પિનસ્ટ્રાઈપ્સ, 3D વિંગ્ડ બેજ, અને 'ટાઇગર-આઇ' પાયલોટ લેમ્પ જેવી તેની ઓળખ બની ચૂકેલી વસ્તુઓ જોવા મળે છે. જોકે, આ બાઇકની સૌથી મોટી વિશેષતા તેનું એન્જિન છે. નવી બુલેટમાં રોયલ એનફિલ્ડનું ભરોસાપાત્ર 648 CC પેરેલલ-ટ્વિન એન્જિન આપવામાં આવ્યું છે, જે ઇન્ટરસેપ્ટર 650 અને કોન્ટિનેન્ટલ GT 650માં પણ પોતાની શક્તિ સાબિત કરી ચૂક્યું છે. આ એન્જિન સિક્સ-સ્પીડ ગિયરબોક્સ અને સ્લિપર ક્લચ સાથે આવે છે, જે રાઈડિંગનો સરળ અનુભવ પૂરો પાડે છે. બુલેટ 650ની કિંમતની વાત કરીએ તો, યુકેમાં તેની કિંમત 6,749 પાઉન્ડ (લગભગ 7.81 લાખ) રાખવામાં આવી છે. યુરોપ અને નોર્થ અમેરિકાના બજારોમાં હાલમાં માત્ર કેનન બ્લેક વેરિઅન્ટ જ વેચવામાં આવશે અને તેની વૈશ્વિક બજારમાં 2026થી શરૂ થશે. જોકે, કંપનીએ ભારતમાં લોન્ચિંગની સત્તાવાર તારીખની જાહેરાત કરી નથી, પરંતુ એવી અપેક્ષા છે કે બુલેટ 650 આગામી વર્ષે ભારતમાં રોયલ એનફિલ્ડની 650cc લાઇનઅપ (ઇન્ટરસેપ્ટર, કોન્ટિનેન્ટલ GT અને સુપર મીટિઓર)માં સામેલ થશે. કંપની તેને માત્ર બાઇક નહીં, પણ "એક જીવંત વાર્તા" ગણાવી રહી છે.

### 53 લાખની હોમ લોન માત્ર 6 વર્ષમાં કરી પૂરી! દિલ્હીના એન્જીનિયરે જણાવી આ ખાસ ટિપ્સ

દિલ્હીના સોફ્ટવેર એન્જીનિયરે જર્મનીમાં નોકરી કરતા 6 વર્ષમાં 53 લાખની હોમ લોન ચુકવી દીધી. Reddit પર તેમણે પોતાની આ કહાની જણાવી અને 6 મહત્વના મુદ્દા પણ જણાવ્યા જે દરેક હોમબાયર માટે પ્રેરણાદાયક છે.દિલ્હીના એક સોફ્ટવેર એન્જીનિયર, જે હાલ જર્મનીમાં કામ કરી રહ્યા છે. તેમણે માત્ર 6 વર્ષની અંદર જ 53 લાખની હોમલોન પૂરી કરી દીધી છે. Reddit પર શેર કરેલી પોસ્ટમાં તેમણે લખ્યુ કે,મે સપ્ટેમ્બર 2029માં હોમ લોન લીધી હતી અને નવેમ્બર 2025માં તેને પૂરી કરી દીધી છે. તેમણે આને મોટી ઉપલબ્ધિ બતાવતા કહ્યુ કે આ યાત્રા સરળ નથી રહી. પરંતુ આનાથી અનેક મહત્વની વાતો શીખવા મળી છે. એન્જીનિયરે લખ્યુ કે જો તમે વધારે વિચારો છો અથવા ચિંતિત રહેતા હોવ તો હોમ લોન ન લો. તેમણે જણાવ્યું કે EMIનો તણાવ દર મહિને અનુભવાય છે અને જો આર્થિક યોજના મજબૂત ન હોય તો આ ભાર વધુ થઈ જાય છે.તેમનો બીજો પાઠ હતો કે કોઈ પણ લોન લેતા પહેલા મિત્રો, પરિવાર અથવા ફાઈનાન્સિયલ એક્સપર્ટ્સની સલાહ લેવી જરૂરી છે. તેમણે કહ્યું કે લોન સાથે આવતી જવાબદારીઓને પહેલા સમજવું વધુ સારું છે જેથી બાદમાં પસ્તાવો ન થાય.તેમણે જણાવ્યુ કે 2021માં જર્મની ગયા બાદ તેમની આવક વધી, જેના કારણે તેઓ લોન ઝડપથી ચૂકવી શક્યા. તેમણે લખ્યું, વિદેશમાં રહીને બચત વધારવી સરળ થઈ અને એ જ મને વ્યાજ બચાવવા મદદરૂપ થયું.તેમણે સ્પષ્ટ કહ્યું કે ઘર ખરીદવું ભાવનાત્મક રીતે આનંદદાયક હોય છે, પરંતુ સાથે જ મેઈન્ટેનન્સ અને ખર્ચ પણ આવે છે. તેમણે લખ્યું, ઘરના માલિક હોવું એટલે તેની દરેક સમસ્યા માટે જવાબદાર પણ હોવું.તેમણે જણાવ્યું કે તેમની ઘર હાલ 1 કરોડ રૂપિયાના મૂલ્યનું છે, પરંતુ બેન્ક અકાઉન્ટ લગભગ ખાલી છે. એટલે કાગળ પર અમીર દેખાવા અને વાસ્તવમાં પૈસા હોવા, આ બંને અલગ બાબતો છે. તેમણે કહ્યું, યોજના બનાવવી જરૂરી છે, નહીંતર લોનમાંથી બહાર આવતા વર્ષોના વર્ષ વિતી જશે.તેમની પોસ્ટ પર હજારો યૂઝર્સે તેમને અભિનંદન આપ્યા. એક યૂઝરે લખ્યું, "EMIના તણાવથી મુક્ત થવું સૌથી મોટી જીત છે, ઉજવણી જરૂર છે!" બીજા યૂઝરે કહ્યું, "તમારી કહાની પ્રેરણાદાયક છે, તેમાં મહેનત અને શિસ્ત બંને જોવા મળે છે.

### દરેક પેમેન્ટ પર મળશે સોનું!

## Paytmનું નવું દમદાર ફિચર, કેવી રીતે કરશો રિડીમ

(એજન્સી) મુંબઈ | તા 08

ભારતનું અગ્રણી ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ Paytm પોતાના યૂઝર્સને ગોલ્ડ રિવોર્ડ આપવાની શરૂઆત કરી રહ્યું છે. હવે Paytm યૂઝર્સ દરેક ટ્રાન્ઝેક્શન પર ડિજિટલ ગોલ્ડ મેળવી શકે છે. ભારતનું પ્રખ્યાત ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ Paytm પોતાના યૂઝર્સને ગોલ્ડ રિવોર્ડ આપવાની શરૂઆત કરી રહ્યું છે. હવે Paytm યૂઝર્સ દરેક ટ્રાન્ઝેક્શન પર ગોલ્ડ મેળવી શકે છે. Paytmની પેરેન્ટ કંપની One97 Communications તરફથી ગુરુવારે તેની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જણાવાયું છે કે હવેથી Paytmના લોયલ્ટી પોઈન્ટ્સને ડિજિટલ ગોલ્ડમાં કન્વર્ટ કરવામાં આવશે. સાથે જ કંપનીએ એક નવું આઈ ફિચર પણ લોન્ચ કર્યું છે. જે ટ્રાવેલ પ્લેટફોર્મનું નવું વર્ઝન બનશે. જેમાં ગ્રાહકોને એક આઈ આસિસ્ટન્ટ આપવામાં આવશે. Paytmના સંસ્થાપક વિજય શેકર શર્માએ જાણકારી આપી હતી કે Paytm યૂઝર્સને હવે દરેક UPI પેમેન્ટ અને કોઈ વ્યક્તિને પેમેન્ટ કરવા પર ગોલ્ડ પોઈન્ટ્સ રિવોર્ડ તરીકે આપવામાં આવશે. જેને ગ્રાહક પછી ડિજિટલ ગોલ્ડમાં બદલી શકશે. સાથે જ તેમણે જણાવ્યું કે કંપનીના આ ફીચરને ખુબ જ સરળ બનાવવામાં આવ્યું છે. હવે દરેક ટ્રાન્ઝેક્શન પર ગોલ્ડ કમાવાની તક લોકો પાસે છે. સાથે જ તેની કોઈ લિમિટ સેટ કરવામાં નથી આવી. વિજય શર્માનો દાવો છે કે કોઈ બીજી એપ આ લેવલના રિવોર્ડ નથી આપતી.

### પ્રાઈવેટ ઈક્વિટીએ છેલ્લા ૨૫ વર્ષોમાં જાહેર બજારો કરતાં ૬.૭ ટકા વધુ સારો દેખાવ કર્યો

## ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટી FDIનું સૌથી મોટું ચાલક પરિબળ પુરવાર થયું

અમદાવાદ : પ્રાઈવેટ ઈક્વિટી (PE) કંપનીઓ ભારતમાં સીધા વિદેશી રોકાણમાં સૌથી મોટા ફાળો આપનાર તરીકે ઉભરી આવી છે અને રોજગાર સર્જનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટીનો પ્રવેશ ખાસ કરીને ઓછો છે. ભારત છેલ્લા ત્રણ વર્ષથી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા રહી છે. જે જોતાં ભારત ખાનગી ઈક્વિટીની વૈશ્વિક માંગમાં અગ્રેસર રહેશે તેમ ઉદ્યોગના વરિષ્ઠ સુત્રોએ જણાવ્યું હતું. આ સુત્રોએ જણાવ્યું હતું કે, ભારત ઘણા વર્ષોથી વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું વૈકલ્પિક બજાર રહ્યું છે. આનું કારણ એ પણ છે કે આપણે નાના આધારથી શરૂઆત કરી રહ્યા છીએ અને પ્રાઈવેટ ઈક્વિટી તેની ક્ષમતાને ઓછી કરી રહી છે. પરંતુ હવે આપણી પાસે પૂરતો ડેટા અને મજબૂત વલણો છે જે દર્શાવે છે કે ભારતમાં પ્રાઈવેટ ઈક્વિટી મુખ્ય પ્રવાહનું ક્ષેત્ર બનવા તરફ આગળ વધી રહી છે. અત્યાર સુધી, બેંકો, વીમા અને મ્યુચ્યુઅલ ફંડ મુખ્ય પ્રવાહમાં રહ્યા છે. પ્રાઈવેટ ઈક્વિટીએ છેલ્લા ૨૫ વર્ષમાં જાહેર બજારો કરતાં ૬.૭ ટકા વધુ સારો દેખાવ કર્યો છે. જ્યારે વૈશ્વિક સ્તરે રોકાણ ૨ ટ્રિલિયન ડોલરને વટાવી ગયું છે. તેથી, જ્યારે વૈશ્વિક સ્તરે વાત આવે છે, ત્યારે તે ચોક્કસપણે મુખ્ય પ્રવાહમાં છે. ભારતમાં સોદાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. તે ખૂબ જ ગતિશીલ ઈકોસિસ્ટમ છે, અને ભારતમાં છૈંખજ અને ફંડ મેનેજરોને હવે સ્થાનિક મૂડીનો એક મોટો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. વેલ્થ મેનેજરો અતિ-ધનવાન અને પરિવારની ઓફિસોની સંપત્તિનું સંચાલન કરી રહ્યા છે. આ હેઠળ, ફાળવણી માત્ર ૭ થી ૮ ટકા હવે છૈંખજ તરફ છે, આ ફાળવણી વધીને ૧૫ થી ૧૬ ટકા થવાની ધારણા છે.

## TATAએ રૂ.59,000માં સૌથી સસ્તી બાઇક લોન્ચ કરી? વાયરલ ખબરની સચ્ચાઇ

અમદાવાદ : છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ પર એક સમાચાર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે કે ટાટા મોટર્સ દ્વારા માત્ર રૂ.59,000ની કિંમતમાં એક નવી 125સીસીની બાઈક લોન્ચ કરવામાં આવી છે. જે 90 kmplની માઈલેજ આપે છે. આ સમાચાર જોઈને ઘણા યુવાનો અને ગ્રાહકો ઉત્સાહિત છે. પરંતુ હકીકત એ છે કે આ ખબર તદ્દન ખોટી અને પાયાવિહોણી છે.ટાટા મોટર્સ તરફથી ટુ-વ્હીલર માર્કેટમાં પ્રવેશ કરવા અંગે કોઈ અધિકૃત જાહેરાત કરવામાં આવી નથી. કંપની પાસે હાલમાં ટુ-વ્હીલર બનાવવાની કોઈ ઉત્પાદન સુવિધા પણ નથી. ભારતનું ટુ-વ્હીલર બજાર પહેલેથી જ બજાજ, ટીવીએસ, હીરો, હોન્ડા જેવી દિગ્ગજ કંપનીઓના કબજામાં છે. આ માર્કેટમાં એકલા પ્રવેશવું ટાટા માટે સહેલું નથી. જો ટાટા ખરેખર આવું વિચારી રહી હોત તો તે ચોક્કસપણે કોઈ મોટી કંપની સાથે ભાગીદારી કરત, જે અત્યાર સુધી જોવા કે સાંભળવા મળી નથી. માટે સ્પષ્ટ છે કે ટાટા બાઈક લોન્ચ કરી રહી હોવાના દાવા બનાવટી છે.

### બેંક એકીકરણના પ્રથમ તબક્કામાં ૧૩ બેંકોનું મર્જર કરીને પાંચ બેંકો બનાવવામાં આવી હતી

## મોટી બેંકો બનાવવા માટે PSU બેંકોના મર્જરના બીજા તબક્કા પર ચર્ચા શરૂ

અમદાવાદ : જાહેર ક્ષેત્રની બેંક એકીકરણના બીજા તબક્કા પર ચર્ચા શરૂ થવાનો સંકેત આપતા, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે સરકારે ભારતમાં મોટી બેંકો બનાવવા માટે એક ઈકોસિસ્ટમ વિકસાવવા માટે ભારતીય રિઝર્વ બેંક અને બેંકો સાથે ચર્ચા શરૂ કરી છે. જાહેર ક્ષેત્રની બેંકોનું મર્જર એ દેશમાં મોટી બેંકિંગ સંસ્થાઓ બનાવવાનો એક માર્ગ છે.

દેશને ઘણી મોટી, વિશ્વ-સ્તરીય બેંકોની જરૂર છે. આપણે બેસીને બેંકો સાથે ચર્ચા કરવાની જરૂર છે કે તેઓ કેવી રીતે આગળ વધવા માંગે છે. રિઝર્વ બેંક સાથે પણ ચર્ચા કરવાની જરૂર છે કે તેઓ મોટી બેંકો બનાવવા વિશે શું વિચારે છે. આ અંગે કોઈ નિર્ણય લેતા પહેલા ઘણું કામ કરવાનું બાકી છે. હાલ રિઝર્વ બેંક અને બેંકો સાથે આ અંગે ચર્ચા ચાલુ છે. જાહેર ક્ષેત્રની બેંકોના એકીકરણનો પ્રથમ તબક્કો ૨૦૧૯-૨૦




નાણાકીય વર્ષમાં થયો હતો. તે સમયે, ૧૩ બેંકોને મર્જ કરીને પાંચ બનાવવામાં આવી હતી. ભારતમાં કુલ ૧૨ જાહેર ક્ષેત્રની બેંકો છે, પરંતુ સંપત્તિ દ્વારા વૈશ્વિક બેંકોની ટોચની ૫૦ યાદીમાં ફક્ત એક જ સ્થાનિક બેંક છે. એસએન્ડપી રેન્કિંગ અનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૪૩મા અને HDFC બેંક ૭૩મા ક્રમે ટોચની ૧૦૦ વૈશ્વિક બેંકોમાં શામેલ છે. ટોચની ચાર વૈશ્વિક બેંકો ચીનની છે, અને ટોચની ૨૦ માંથી સાત પણ તે દેશની છે.

## રોકાણકારો માટે કમાણીનો મોકો ! આવતા અઠવાડિયે ખુલી રહ્યા 5 નવા IPO

(એજન્સી) મુંબઈ | તા 08

આગામી અઠવાડિયે શેરબજારમાં નોંધપાત્ર IPO પ્રવૃત્તિ જોવા મળશે. કુલ પાંચ કંપનીઓ તેમના IPO લોન્ચ કરી રહી છે: ત્રણ મોટા મેઈનબોર્ડ IPO અને બે SME IPO છે. વધુમાં, સાત કંપનીઓ લિસ્ટ થવાનું છે. ભારતીય શેરબજારમાં ગયા અઠવાડિયે મંદીનો ટ્રેન્ડ જોવા મળ્યો. બજારનો મુખ્ય સૂચકાંક, સેન્સેક્સ, પાંચ ટ્રેડિંગ દિવસોમાં 1.65% ઘટીને 83,216.28 પોઈન્ટ પર બંધ થયો છે. જોકે, આગામી અઠવાડિયું IPO માટે ખાસ કરીને આશાસ્પદ છે, કારણ કે આ આગામી અઠવાડિયે બજારમાં પાંચ કંપનીઓના ઈશ્યૂ ખુલશે.આગામી અઠવાડિયે શેરબજારમાં નોંધપાત્ર IPO પ્રવૃત્તિ જોવા મળશે. કુલ પાંચ કંપનીઓ તેમના IPO લોન્ચ કરી રહી છે: ત્રણ મોટા મેઈનબોર્ડ IPO અને બે SME IPO છે. વધુમાં, સાત કંપનીઓ લિસ્ટ થવાનું છે.


### છેલ્લા બે દાયકના દરેક ઓકટોબરની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન મહિનામાં સૌથી વધુ જોબ કટ

## AIની અસર: અમેરિકામાં વર્ષમાં10 લાખ લોકો લોકોએ નોકરી ગુમાવી

(એજન્સી) મુંબઈ | તા 08

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને કારણે ઉદ્યોગોમાં કામકાજની પદ્ધતિમાં આવી રહેલા ધરમૂળથી ફેરબદલો અને કોસ્ટ કટિંગના ભાગરૂપ અમેરિકન કંપનીઓ દ્વારા વર્તમાન વર્ષના ઓકટોબરમાં કર્મચારીઓની કરાયેલી છટણીનો આંક બે દાયકામાં કોઈપણ કોઈપણ ઓકટોબર મહિનાનો સૌથી ઊંચો રહ્યો છે. ગયા મહિને અમેરિકન કંપનીઓ દ્વારા કુલ ૧,૫૩,૦૭૪ જોબ કટસની જાહેરાત કરાઈ હતી જે ગયા વર્ષના ઓકટોબરની તુલનાએ લગભગ ત્રણ ગણો છે. કર્મચારીઓની સૌથી વધુ છટણી ટેકનોલોજી અને વેરહાઉસિંગ ક્ષેત્રની કંપનીઓ દ્વારા કરવામાં આવી હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

૨૦૦૩ના ઓકટોબર બાદ વર્તમાન વર્ષના ઓકટોબરમાં આ સૌથી મોટી છટણી છે. ૨૦૦૩માં સેલફોનમાં ક્રાંતિથી ટેલિકોમ ક્ષેત્રે મોટા ફેરબદલો જોવા મળ્યા હતા. કેટલીક કંપનીઓ જેમણે કોરોનાના કાળમાં મોટી ભરતી કરી હતી તેમાં તેઓ ઘટાડો કરી રહી છે પરંતુ ઓકટોબરની છટણી મોટે ભાગે એઆઈ, ગ્રાહક




તથા કોર્પોરેટ ખર્ચમાં ઘટાડાને કારણે આવી પડી છે.જે લોકોને છૂટા કરવામાં આવ્યા છે તેમની માટે રોજગાર મેળવવાનું હાલમાં મુશકેલ જણાઈ રહ્યું છે જેને કારણે અમેરિકામાં લેબર માર્કેટ વધુ નબળી જોવા મળશે. વર્તમાન વર્ષમાં ઓકટોબર સુધીમાં રોજગારમાં કપાતનો આંક દસ લાખને પાર કરી ગયો હોવાનો પણ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે. જ્યારે ભરતીની જાહેરાત ૨૦૧૧ બાદ સૌથી નીચી જોવા મળી છે.

### નિકાસ માટે ચીન અમેરિકા પર વધુ નિર્ભર રહેતું હોવાના ચિહ્નો

## વેપાર તાણથી ઓકટોબરમાં અમેરિકા ખાતે ચીનની નિકાસમાં 25 ટકાનો જંગી ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 08

અમેરિકામાં નિકાસમાં જોરદાર ઘટાડાને પરિણામે ઓકટોબરમાં ચીનની એકંદર નિકાસ નબળી પડી છે. ચીનની સરકાર દ્વારા જારી કરાયેલા ડેટા પ્રમાણે ઓકટોબરમાં અમેરિકા ખાતે નિકાસ વાર્ષિક ધોરણે ૨૫ ટકા ઘટી છે, જેને કારણે એકંદર નિકાસ વાર્ષિક ધોરણે ૧.૧૦ ટકા ઘટી છે. વર્તમાન વર્ષના ફેબ્રુઆરી બાદ નિકાસમાં આ સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે.આ અગાઉ સપ્ટેમ્બરમાં નિકાસમાં ૮.૩૦ ટકા વધારો જોવા મળ્યો હતો. ચીન અન્ય બજારોમાં નિકાસ કરી રહ્યું હોવાછતાં અમેરિકા પર તેની નિર્ભરતા વધુ હોવાનું ઓકટોબરના નિકાસ આંક પરથી કહી શકાય એમ છે. ગયા વર્ષના ઓકટોબરમાં નિકાસ ૧૨.૬૦ ટકા વધી હતી જે વર્ષ કરતા વધુ સમયની ઊંચી સપાટીએ રહી હતી. અમેરિકા ખાતે ચીનની નિકાસ સતત સાતમાં મહિને દ્વીઅંકમાં ઘટી છે. પોતાની નિકાસને ટકાવી રાખવા ચીન સાઉથઈસ્ટ



એશિયા અને આફ્રિકાની બજારો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે.ચીનની આયાત ગયા મહિને ૧ ટકા વધી હતી, જે સપ્ટેમ્બરમાં ૭.૪૦ ટકા વધી હતી. આયાતમાં ઘટાડો ચીનમાં ઘરઆંગણે અર્થતંત્ર પડકારોનું સામનો કરી રહ્યું હોવાનું સૂચવે છે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.

અમેરિકા સાથેની વેપાર તાણ ઘટાડવાના તાજેતરના પ્રયાસોને જોતા આગળ જતા ચીનની નિકાસ ફરી વધી શકે છે. અમેરિકાએ ચીન પરના વધારાના ટેરિફ હાલ પૂરતું મોકૂફ રાખતા નિકાસમાં ફરી વધારો થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ-04

# 'સમાજ માત્ર કાયદાથી નહીં, સંવેદનાથી ચાલે છે', સંઘના શતાબ્દી વર્ષ પર RSSના વડા

કર્ણાટકના બેંગલુરુમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના કાર્યક્રમમાં આજે(શનિવાર) સરસંઘચાલક ડૉ. મોહન ભાગવતે મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. આ દરમિયાન તેમણે સંઘને આખા વિશ્વનું સૌથી અનોખુ સંગઠન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે, આજે સંઘ ભારત સહિત કેટલાક દેશોમાં સમાજસેવાના કાર્ય કરી રહ્યું છે.

શતાબ્દી વર્ષના પ્રસંગે મોહન ભાગવતે કહ્યું કે, 'ભારત ત્યારે જ વિશ્વ ગુરુ બનશે જ્યારે તે દુનિયાને આ પોતાનાપણાનો સિદ્ધાંત શીખવશે. તેમણે પ્રાચીન ભારતીય જ્ઞાન અને આધુનિક વિજ્ઞાન વચ્ચે સમાનતાઓ જણાવતા કહ્યુ કે, જેમ આપણી પરંપરા 'બ્રહ્મ' કે 'ઈશ્વર' કહે છે, તેને આજે વિજ્ઞાન 'યુનિવર્સલ કોન્શસનેસ' કહે છે. સમાજ માત્ર કાયદાથી નહીં, સમાજ સંવેદનાથી ચાલે છે. આ વચ્ચે સમાજમાં પોતાનાપણાની ભાવનાને લઈને સતત જાગરુકતા રાખવી જરૂરી છે. આ જ પોતાનુંપણું સમાજને જોડવાનું કામ કરે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. હેડગેવારની સ્વતંત્રતાની લડાઈમાં ભાગીદારી રહી છે. બાળપણથી જ તેમણે પોતાના વિદ્યાલયમાં અંગ્રેજી અધિકારીનું સ્વાગત 'વંદે માતરમ્' થી કરવાની શરૂઆત કરી હતી. ડૉ. હેડગેવાર તે સમયે પણ 'વંદેમાતરમ્' અને 'ભારત માતા કી જય' બોલવાનો લોકોને સંદેશ આપતા હતા. તેમનો આ સંદેશ બતાવે છે કે તેમણે ભારતને કેટલો પ્રેમ કર્યો હતો. તેઓ ધર્મની સાથો સાથ સમાજ સુધારક પણ હતા. આજે આપણા જનમાનસ રાજનીતિક રીતે સંગઠીત નથી રહ્યું. સામાન્ય વ્યક્તિને પણ રાજનૈતિક રીતે જાગૃત રહેવું જોઈએ. રાજનૈતિક જાગૃતિના કારણે સામાન્ય માણસમાં 'વંદેમાતરમ્' અને 'ભારત માતા કી જય' બોલવાનું સાહસ આવ્યું. 'ભારત માતા કી જય' અને તેના માટે સમસ્ત હિન્દૂ સમાજને એકજુટ કરવાનો સંઘનો એકમાત્ર ઉદ્દેશ્ય છે.

હિન્દુ હોવાનો અર્થ ભારત માતાના વંશજ અને ભારત માટે જવાબદાર બનવું છે. ભારત માટે લડનારા બધા હિન્દુ છે. બધા મુસ્લિમો અને ખ્રિસ્તીઓના પૂર્વજો પણ આ ભૂમિમાંથી આવ્યા હતા, તેથી તેઓ બધા પણ હિન્દુ છે. મુસ્લિમો પણ માને છે કે જ્યાં સુધી માતૃભૂમિની મુઠ્ઠીભર માટીનો ઉપયોગ અંતિમ સંસ્કારમાં ન થાય ત્યાં સુધી જન્નત નસીબ નથી થતી.'

RSS વડા ભાગવતે કહ્યું કે, 'ચાર પ્રકારના હિન્દુઓ છે. પ્રથમ, જેઓ પોતાની ઓળખ પર ગર્વ અનુભવે છે. બીજા હિન્દુ જેઓ કહે છે કે તેઓ હિન્દુ છે પરંતુ ગર્વ અનુભવતા નથી. ત્રીજા હિન્દુ, જેઓ ખાનગી રીતે પોતાને હિન્દુ માને છે પરંતુ નફા કે નુકસાનના ડરથી જાહેરમાં તેનો સ્વીકાર કરતા નથી. અને ચોથા પ્રકારના હિન્દુઓ એવા છે જેઓ ભૂલી ગયા છે કે તેઓ હિન્દુ છે.'

# જૂનાગઢમાં ૧૨મા ગિરનાર મહોત્સવનો પ્રારંભ



નરેન્દ્ર દવે | જૂનાગઢ
પટેલ ફાઉન્ડેશન, મુંબઈ દ્વારા જૂનાગઢ ખાતે છેલ્લા ૧૧વર્ષથી સતત ભારતીય શાસ્ત્રીય સંગીતના અલગ અલગ કાર્યક્રમો ગાયન, વાદન, નૃત્યનો રસથાળ ગિરનાર મહોત્સવ અંતર્ગત રજુ કરવામાં આવે છે, જેમાં ભારતના ખૂણે ખૂણેથી પ્રસિધ્ધ સુસજ્જ કલાકારો આવી પોતાની કલા પ્રસ્તુત કરે છે. આ વર્ષે સાતત્યના 12 માં વર્ષે પટેલ કેળવણી મંડળ, જૂનાગઢના સહયોગથી તારીખ 7 નવેમ્બરથી 11 નવેમ્બર, ૨૦૨૫ એમ પાંચ દિવસ નિ:શુલ્ક ગિરનાર મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ રજૂ થનાર છે તે અંતર્ગત સંગીતપ્રેમી નાગરિકોની બહોળી હાજરીમાં તારીખ 7મી નવેમ્બરના રોજ સાંજે 6 વાગ્યાથી એન.પી.ભાલોડીયા સ્કૂલ ગ્રાઉન્ડ, હાઉસિંગ કોલોની સામે, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે પ્રારંભ થયો છે જેમાં શહેરના અગ્રણીઓ સર્વશ્રી સંજયભાઈ કોરડીયા, ધારાસભ્યશ્રી તથા સવજીભાઈ મેનપરા, કાન્તિભાઈ ફળદુ, શિરીષભાઈ સાપરીયા,રતીભાઈ મારડીયા, ભાવિનભાઈ છત્રાલા, કિશોરભાઈ મેદપરા, ધીરૂભાઈ પટેલ, બ્રહ્માકુમારી સંસ્થાના બહેનો, ચેતનાબેન પંડ્યા, એમ.એમ.પટેલ, હરીશભાઈ ઓઝા તથા નરેન્દ્રભાઈ દવે એ દિપ પ્રાગટય કરી ગિરનાર મહોત્સવની શરૂઆત કરાવ્યા પછી શ્રી સવજીભાઈ મેનપરા તથા ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ પ્રાસંગીક પ્રવચન કરી મહોત્સવ ને સફળ બનાવવા માટે અધિક પ્રમાણમાં સૌએ હાજરી આપી જુદા જુદા રાજ્યોના કલાકારોની કલાને માણવા જણાવ્યું હતું.ત્યાર પછી અમદાવાદના રોહિત પરીહાર તથા હિનલ પંચોલી એ કથ્થક ડયુએટ રજૂ કરી સૌની દાદ મેળવી હતી, પછી ડો. સાગર ટી.એસ. અને શ્રીમતિ તરીકા સાગર એ ભરતનાટ્યમ રજૂ કરેલ, પછી દિલ્હીના સરવી શર્મા તથા મહેક વોરાએ કથ્થક ડયુએટ રજૂ કરેલ, પછી આન્ધ્ર પ્રદેશના રામા કૌન્દીન્યા તથા અન્ના નેહા થોમસ એ કુચીપુડી ડયુએટ રજૂ કરેલ, અને છેલ્લે ગ્વાલિયરના અનીલ ડાંડોતીયા એ વોકલ સંગીત રજૂ કરી કરેલ , ઉપસ્થિત પ્રેક્ષકો દ્વારા દરેક રજુઆત બાદ તાળીઓના નાદથી સૌ કલાકારોને પ્રોત્સાહિત કરવામાં આવતા હતાં.

# મુખ્યમંત્રી શ્રી આજથી બે દિવસ જૂનાગઢના પ્રવાસે

નરેન્દ્ર દવે | જૂનાગઢ સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ જયંતી અવસરે જૂનાગઢના મુક્તિ દિને તા.9 નવેમ્બરના રોજ આવતીકાલે યુનિટી માર્ચ પદયાત્રા જૂનાગઢ માં યોજાશે. મુખ્યમંત્રીશ્રી આ પદયાત્રા અંતર્ગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

**આજે સાંજે ચાર કલાકે કેશોદ એરપોર્ટ પર સ્વાગત કરાશે**

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું આજે તા. 8 નવેમ્બરના રોજ સાંજે ૪ કલાકે કેશોદ એરપોર્ટ પર જિલ્લાના મુખ્ય મહાનુભાવો અને અધિકારીઓ સ્વાગત કરશે. કેશોદ થી મુખ્યમંત્રીશ્રી જૂનાગઢ સર્કિટ હાઉસ ખાતે આવશે. મુખ્યમંત્રીશ્રી આવતીકાલે સવારે 7:30 કલાકે બહાઉદીન કોલેજના મેદાનમાં યુનિટી માર્ચ અંતર્ગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમ બાદ તેઓ યુનિટીમાં પદયાત્રાનો પ્રારંભ કરાવશે. આ પદયાત્રા બહાઉદ્દીન કોલેજ ખાતેથી શરૂ થશે અને શહેરના વિવિધ માર્ગો થઈને 8.6 કિલોમીટર પૂર્ણ કરી સરદાર ચોકમાં સંપન્ન થશે.

## ક્વિક ન્યૂઝ

### શ્રી સોમનાથ ટ્રસ્ટના માન.ટ્રસ્ટીશ્રી લાલકૃષ્ણ અડવાણીના જન્મદિવસની સોમનાથ મંદિર ખાતે ઉજવણી



નરેન્દ્ર દવે | જૂનાગઢ શ્રી સોમનાથ મંદિર ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ ના માન.ટ્રસ્ટીશ્રી ભારત રત્ન માન.લાલકૃષ્ણ અડવાણીજીના જન્મદિવસ નિમીત્તે આયુષ્ય મંત્ર જાપ-મહાપૂજા-તેમના પ્રતીનીધિ સ્વરૂપે જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા અને ટ્રસ્ટ પરિવાર દ્વારા કરવામાં આવેલ. માન.ટ્રસ્ટીશ્રી લાલકૃષ્ણ અડવાણીના નિરામય દિર્ઘાયુષ્ય માટે સોમનાથ મંદિરમાં આયુષ્ય મંત્ર જાપ પણ કરવામ આવ્યા હતા.

વિશેષમાં આજરોજ સોમનાથ મહાદેવને સાયં વિશેષ શૃંગાર સાથે દિપમાલા અર્પણ કરવામાં આવશે.

### 'સહાય'ના નામે ખેડૂતો સાથે ઠગાઈ : 'જેરીકો યુનિવર્સલ વર્લ્ડ' નામની સંસ્થા લાખો રૂપિયા લઈ રફુચક્કર



ડાંગ જિલ્લાનાં ગરીબ આદિવાસી ખેડૂતોની મહેનતની કમાણી પર લેભાગુ સંસ્થાએ હાથ ફેરો કર્યો છે.'જેરીકો યુનિવર્સલ વર્લ્ડ' નામની એક કથિત સંસ્થાએ સરકારી સબસીડી અને ખેતીના સાધનોની લાલચ આપી આહવા ખાતે ઓફિસ ખોલી ખેડૂતો પાસેથી નાણા ઉઘરાવ્યા બાદ શટર પાડી ગાયબ થઈ જતા ખેડૂતોમાં ભારે રોષ અને નિરાશા વ્યાપી છે. ડાંગ જિલ્લાનું મુખ્ય મથક આહવા, જ્યાં કલેક્ટર કચેરી, જિલ્લા વિકાસ અધિકારીની કચેરી અને જિલ્લા પોલીસ વડાની કચેરી સહીત ખેતીવાડી,બાગાયત અને આત્મા કચેરી જેવી મહત્વપૂર્ણ સરકારી કચેરીઓ આવેલી છે.

### સત્યમ સેવા યુવક મંડળ, જૂનાગઢ દ્વારા વાલ્મિકી સમાજની દિકરી ના 109 માં ATM લગ્ન યોજાયા



નરેન્દ્ર દવે | જૂનાગઢ ગત તારીખ 6/11/25 ના રોજ સત્યમ સેવા યુવક મંડળ ના હોલ ખાતે વાલ્મિકીસમાજની દીકરી કુ.નયનાબેન ભીખુભાઈ ચુડાસમાના લગ્ન શ્રી મેહુલભાઈ જયંતીભાઈ વાઘેલા સાથે 109માં આદર્શ લગ્ન( ATM લગ્ન, એની ટાઈમ મેરેજ) કુ.સુશીલાબેન છોટાલાલ શાહ હોલ ખાતે યોજાયા હતા.આ પ્રસંગે કરિયાવરમાં દીકરીને સંસ્થા તરફથી 11 જોડી કપડા, સોનાનો દાણો, ઘરવખરીના સામાન સાથે કુલ 51 પ્રકારની વસ્તુઓ આપેલ હતી.

# શ્રીકષ્ટભંજનદેવને મથુરામાં બનેલા વાઘા પહેરાવ્યા



**સિંહાસને ગુલાબ અને સેવંતીના ફુલનો કરાયો શણગાર સાથે દાદાને 500 કિલો કેળાનો અન્નકૂટ પણ ધરાવ્યો**

નરેન્દ્ર દવે | જૂનાગઢ સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.08-11-2025, શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. આજે સવારે મંગળા આરતી પ.પૂ.શ્રી નૌત્તમપ્રકાશદાસજી સ્વામી અને શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીએ કરી હતી. આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને પ્યોર સિલ્કના કાપડના મથુરામાં સાત દિવસની મહેનતે જરદોશી વર્કવાળા ફુલની થીમના વાઘા અને સિંહાસને ગુલાબ અને સેવંતીના ફુલનો શણગાર કરાયો છે. આ સાથે દાદાના પરિરસમાં આવેલી યજ્ઞશાળામાં આજે મારુતિ યજ્ઞનું આયોજન કરાયું છે.પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે કારતક વદ ત્રીજને શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને મથુરામાં 7 દિવસની મહેનતે 7 કારીગરો દ્વારા બનાવવામાં આવેલા પ્યોર સિલ્કના ફુલની ડિઝાઈનવાળા વાઘા પહેરાવ્યા છે.

### ફેક ID બનાવી મહિલાને બદનામ કરનાર આરોપી સાયબર ક્રાઈમ સેલ ની પકડમાં



ડાંગ જિલ્લાના પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક જયદીપ સરવૈયાનાં માર્ગદર્શન હેઠળ આહવા ખાતેની સાયબર ક્રાઈમ સેલનાં પી.આઈ. આર.એસ.પટેલ દ્વારા સાયબર સ્ટોકિંગના ગંભીર ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીની ધરપકડ કરી છે.આરોપીએ ફેક સોશિયલ મીડિયા આઈડી બનાવીને એક મહિલાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, સાયબર ક્રાઈમ સેલ ડાંગ-આહવાનાં પી.આઈ.આર.એસ.પટેલને 'આશ્વત' પોર્ટલ મારફતે એક અરજી મળી હતી.

## બે દિવસમાં નોટિસનો જવાબ ન અપાતા

# ઓઢવ સ્મશાનગૃહના કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવા તંત્રની કવાયત

(એજન્સી) અમદાવાદ | તા.08

ઓઢવ સ્મશાનગૃહ ખાતે ચિતાને અગ્નિદાહ દેતી વખતે કોન્ટ્રાકટરની બેદરકારીના કારણે ટાયર મુકી અંતિમ સંસ્કાર કરાયાની ચોંકાવનારી ઘટના થોડા દિવસ રહેલા બની હતી. આ ઘટના પછી તંત્રે આ સ્મશાનગૃહના કોન્ટ્રાકટરને બે દિવસમાં ખુલાસો કરવા નોટિસ આપી હતી.કોન્ટ્રાકટરે બે દિવસમા પણ કોર્પોરેશનને કોઈ જવાબ ન અપાતા તેને બ્લેકલિસ્ટ કરવા કવાયત શરુ કરાઈ છે. ભાજપના પૂર્વ કોર્પોરેટર મનહર સોલંકી આખા પ્રકરણ ઉપર લીપાપોપી કરવા તંત્ર ઉપર સતત દબાણ કરી રહયા હોવાનુ જાણવા મળ્યુ છે. મુળ ભાજપના સરસપુર વોર્ડના એક સમયના કોર્પોરેટર મનહર સોલંકીના વિવેકાનંદ ગ્રામ ઉદ્યોગ સેવા સંઘને શહેરના તેર અલગ અલગ સ્મશાનમાં લાકડા પુરા પાડવાનો કોન્ટ્રાકટ આપવામા આવ્યો છે.વર્ષ-૧૯૯૫ની ટર્મમા મનહર સોલંકી સરસપુર વોર્ડમાંથી ભાજપના કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા.

## પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને

# જિલ્લાના તમામ ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથેની સંકલન બેઠક યોજાઈ



### જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે પ્રભારી મંત્રીશ્રી સમક્ષ જિલ્લાના વિવિધ આયોજનના કામો અને યોજનાકીય કામગીરીનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો

વિશાલ જે હરવરા | જામનગર રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી જામનગર ખાતે જિલ્લાના વિકાસલક્ષી અને વહીવટી કામગીરીની સમીક્ષા માટે વિસ્તૃત સંકલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠક દરમિયાન, જિલ્લા કલેક્ટર શ્રી કેતન ઠક્કરે પ્રભારી મંત્રીશ્રી સમક્ષ જિલ્લાના વિવિધ આયોજનના કામો અને યોજનાકીય કામગીરીનો વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો. કલેક્ટરશ્રીએ કમોસમી વરસાદને કારણે ઊભી થયેલી પાક પરિસ્થિતિ અને જિલ્લાના વર્તમાન વાવેતર વિસ્તારની સ્થિતિ, રેશનકાર્ડ ધારકોના ઈ-કેવાયસીની પ્રગતિ, 'સુજલામ સુફલામ જળ અભિયાન' અને 'કેચ ધ રેઈન 2.0' અંતર્ગત થયેલી જળ સંરક્ષણની કામગીરી, મનરેગા યોજનાની અસરકારકતા અને જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે થયેલી પ્રગતિ, વહીવટી સુધારણા અંગેની કામગીરી, અનઅધિકૃત દબાણો દૂર કરવાની ઝુંબેશ, ઓપરેશન સિંદૂર અને ઓપરેશન અભ્યાસ દરમિયાન જિલ્લા વહીવટી તંત્રએ કરેલ સરાહનીય કામગીરી તેમજ મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંગે જાણકારી આપી હતી. મંત્રીશ્રીએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલ સઘન કામગીરીને બિરદાવી હતી.

### ઉપલેટા આઇ.સી.ડી.એસ ઘટક દ્વારા નિવૃત આંગણવાડી કાર્યકર તેડાગર માટે ગ્રેચ્યુઇટી રકમ ચૂકવવામા આવી



વિજય રાડીયા | ઉપલેટા તાલુકાના ૬૨ નિવૃત આંગણવાડી કાર્યકર - તેડાગર માટે ગ્રેચ્યુઇટી ચેક વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં ઉપલેટા વાસીઓના દરેક પ્રશ્ન શાંતિથી સાંભળનાર તેમજ તેનું નિરાકરણ લાવનાર નગરપાલિકા પ્રમુખ શ્રી વર્ષાબેન ગજેરા ઉપસ્થિત રહી બહેનોને ચેક વિતરણ કર્યા હતા સાથે સાથે બહેનોની કામગીરી ની સરાહના કરી કોઈ પણ મૂંઝવણ જણાય ત્યારે તેમનો સંપર્ક કરવા આગ્રહ કર્યો હતો. આ પહેલા ઉપલેટા ઘટકના ૧૪૪ જેટલા બહેનોને ગ્રેચ્યુઇટી મળી ચૂકી છે.

## વન્યજીવ પ્રેમીઓ : સાસણ સિંહસદનની નકલી વેબસાઈટનો ઘટસ્ફોટ

# સાસણગીર ને ભળતી તમામ નકલી બુકિંગ વેબસાઈટ્સ તાત્કાલિક બંધ કરાવો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ




સાસણમાં આવતા પ્રવાસીઓ સાથે અગાઉ ઓનલાઈન સફારી પરમિટના નામે છેતરપિંડી થઈ હતી ત્યાં હવે સાસણ સિંહ સદનના રૂમના ઓનલાઈન બુકીંગના નામે થતું કૌભાંડ સામે આવ્યું છે, જેમાં બોગસ વેબસાઈટ પરથી સિંહસદનના રૂમ બુક કરી પ્રવાસીઓ પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હતા તેમજ પ્રવાસીઓને અજાણ્યા શખ્સે સિંહસદનના ગેસ્ટ હાઉસના કર્મચારી હોવાની ઓળખ આપી હતી. એક પ્રવાસી એ અહીં આવીને રૂમ બુકીંગ થયાની રસીદ બતાવતા વન વિભાગને જાણ થઈ હતી અને એ મામલે ત્રણ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ કરવામાં આવી. વલસાડના પ્રવાસીએ સિંહ સદન આવીને તેને મળેલી રસીદ બતાવતાં વનવિભાગને જાણ થઈ, ત્રણ અજાણ્યા શખ્સ સામે પોલીસ ફરિયાદ સાસણમાં આવેલા સિંહસદન ખાતે ફરજબજાવતા આર.એફ.ઓ. યશ ભરતકુમાર ઉમરાણીયા પાંચેક દિવસ જિલ્લાના ટૂંકવાડા ગામના જતીનભાઈ ધીરજભાઈ શેઠ સિંહ સદનના રિસેપ્શન સદનુન પર આવ્યા હતા અને તેમણે ગેસ્ટ હાઉસ રૂમની અસલી જેવી લાગતી રૂમ બુકીંગ ની નકલી રસીદ રજૂ કરી હતી. આર.એફ.ઓ.એ પ્રવાસીને 'સિંહ સદનના રૂમનું ઓનલાઇન બુકીંગ થતું નથી, તમારી સાથે ફ્રોડ થયું છે' એમ જણાવ્યું હતું. બુકીંગ કઈ રીતે કરાવ્યું એ બાબતે પ્રવાસીની પૂછપરછ કરતા તેણે સિંહસદન ડોટ કોમ વેબસાઈટ પર કરાવ્યું હોવાનું અને તેના નંબર પર ફોન કરતા અજાણ્યા શખ્સે પોતે સિંહસદન ગેસ્ટ હાઉસના કર્મચારી તરીકે ઓળખ આપી હોવાનું કહ્યું હતું.

# માવઠા બાદ સરકાર દ્વારા ખેડૂતો માટે કરાયેલ રાહત પેકેજમાં ચાણસ્મા તાલુકો બાકાત રહ્યો

નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા પંથકમાં દિવાળી પહેલાં થયેલા માવઠાથી ખેતી પર માઠી અસર થતાં ખેડૂતો ને પડયા પર પાટુ માર્યા જેવી સ્થિતી થઈ છે .કઠોળ બીટી કપાસ એરંડા સહિતના વાવેતરમાં વ્યાપક નુકશાન થતાં ખેડૂતો ને રાતા પાણીએ રોવાનો દિવસ આવ્યો છે સ્રરકાર દ્વારા કચ્છ સૌરાષ્ટ્ર સહિત કેટલાક વિસ્તારમાં સરકાર દ્વારા માવઠાથી ખેતી પાકોમાં થયેલ નુકશાનનો સર્વે કરાવી રાજ્ય સરકાર દ્વારા ૧૦ હજાર કરોડ જેટલી માતબર રકમનું ખેડૂતો માટે રાહતના ઢાલ રૂપે પેકેજ જાહેર કર્યું છે પરંતુ પાટણ જિલ્લા સહિત ચાણસ્મા તાલુકાના ખેડૂતોના ખેતી ક્ષેત્રે થયેલા નુકશાન સર્વે નહી કરાવી ચાણસ્મા તાલુકાને અળખામણી નિતી રખાતાં ચાણસ્મા તાલુકાના ખેડૂતોમાં સરકાર પ્રત્યે રોષે વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

## વ્હેલ માછલીની ઊલટી આપી ગયાનું આરોપીનું રટણ

# રાજકોટમાં રૂપિયા ૩ કરોડનું એમ્બરગ્રીસ વેચવા આવેલી સુરેન્દ્રનગરની ત્રિપુટી ઝડપાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજકોટનાં શાસ્ત્રી મેદાન પાસેથી એસઓજીએ વ્હેલ માછલી ની ઉલ્ટી એટલે કે ૩ કિલો એમ્બરગ્રીસ સાથે સુરેન્દ્રનગરમાં રહેતાં નરેન્દ્રસિંહ મહિપતસિંહ જાડેજા (ઉ.વ.૫૧), આશિષ સુરેશભાઈ ભટ્ટ (ઉ.વ.૪૮) અને સુરેન્દ્રનગરમાં રતનપર ગામે રહેતાં પરેશ ચંદ્રકાન્તભાઈ શાહ (ઉ.વ.૬૬)ને ઝડપી લીધા હતાં.એસઓજીના પીઆઈ સંજયસિંહ જાડેજા અને પીએસઆઈ ઘાસુરાએ મળેલી બાતમીનાં આધારે અલ્ટો કારમાં સવાર ત્રણેય આરોપીઓને ઝડપી લઈ તેની પાસેથી ૨.૯૬૩ કિલોગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો કબ્જે કર્યો હતો. એમ્બરગ્રીસ નો ૧ કિલોનો ભાવ રૂા ૧ કરોડ આસપાસ હોય છે, જે જોતાં રૂા ૨.૯૬ કરોડનું એમ્બરગ્રીસ, ૪ મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂા.૨.૯૭ કરોડનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. એસઓજીએ આ ત્રણેય આરોપીઓને કબ્જો વનવિભાગને સોંપી દીધો છે, જે હવે આગળની તપાસ કરશે.

### ખેડા ગળતેશ્વર તાલુકાના પીપળીયા પ્રાથમિક શાળામા વય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો



અશેષ વ્યાસ | ખેડા ગળતેશ્વર તાલુકાના પીપળીયા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા સુભાષચંદ્ર પ્રજાપતિ ભિખાભાઈ પરમાર લલિતાબેન પ્રજાપતિ વય મર્યાદા ના કારણે નિવૃત્ત થતા પીપળીયા પ્રાથમિક શાળા મા આ ત્રણેય શિક્ષકો નો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ઠાસરા ના ધારાસભ્ય શ્રી યોગેન્દ્ર સિંહ પરમાર ખેડા જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલ પ્રદેશ કારોબારી સભ્ય શ્રી વિનુભાઈ પટેલ શ્રી રસિકભાઈ પટેલ મા.વિભાગ સંઘચાલકજી નડીયાદ વિભાગ શ્રી અરૂણ ભાઈ જોષી ઉપાધ્યક્ષ રા.શૈ સંઘ જ્યંતીભાઈ પરમાર ગળતેશ્વર તાલુકા પંચાયત પ્રમુખ નિરવભાઈ ઉપાધ્યાય ગળતેશ્વર તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ સહિત શિક્ષણ જગતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ગ્રામજનો શાળા ના વિધાર્થીઓ શાથી શિક્ષકો દ્વારા સુંદર આયોજન કરી ને આ ત્રણેય શિક્ષકો ને ખુબ ભવ્યતા થી સન્માનિત કરાયા હતા શાળા ની વિધાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

## અબડાસા તાલુકા એસ ડી એમ સાહેબ ને

# સ્થાનિક કોન્ટ્રાકટરોને તેમજ લોકોને રોજગારી આપવામાં આવે તે સબબ બહુજન આર્મી દ્વારા આવેદન પત્ર પાઠવવામાં આવ્યું

મહેશ એલ. સોની | નખત્રાણા



બહુજન આર્મીના નેતા લખન ભાઈ ધુવા દ્વારા એસ ડી એમ સાહેબને પાઠવવામાં આવેલા આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે વાયોર પાસેની વિસ્ટ્રા ( નિરમા ) દ્વારા સ્થાનિક લોકોને રોજગારી આપવામાં આવે તેમજ આજુબાજુના વિસ્તાર ના લોકોને પ્રાયરોટી આપવામાં આવે સાથે સાથે આજુ બાજુના ગામ લોકોને જેઓને સેક્યુરિટી ગાર્ડ તરીકે ૨૦૦૯ ની સાલ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં છુટા કરવામાં આવ્યા છે. તેઓને પૂન: નોકરી આપવામાં આવે .અગાઉની વદરાઝ સિમેન્ટમાં નાના કોન્ટ્રાકટરો તેમજ મોટા કોન્ટ્રાક્ટરોના મજૂરોના દેવાના અંદાજિત ૯ થી ૧૨ કરોડ હાલની કંપની દ્વારા ચૂકવવામાં આવે તેવી અપીલ આવેદનપત્ર માં કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે વિસટ્રા નિરમા કંપની દ્વારા ફંડનો યોગ્ય ઉપયોગ આજુબાજુના ગામોમાં પશુપાલન માટે દર મહિને ઘાસ ચારો આપવામાં આવે તેમજ એક એમ્બ્યુલન્સ ની માંગ પણ પત્રમાં જણાવાઈ છે. સ્થાનિક લોકોની રોજગારી અથવા અથવા તો તેઓની જમીન પરત આપવાની માંગ સ્વીકારવામાં જણાવ્યું હતું.

## શ્રી ચિત્રકુટધામ - તલગાજરડામાં સંતવાણી તથા એવૉર્ડ સમારંભ

# ભજનથી ભય,ભ્રમ અને ભેદ મટી જાય : મોરારિબાપુ





તખુભાઈ સાંડસુર | તલગાજરડા

કારતક વદ બીજ એ પુ.મોરારિબાપુનાં પિતાશ્રી પ્રભુદાસબાપુની પુણ્યતિથિ હોય છે.દર વર્ષ તે તિથિ પ્રસંગે તલગાજરડા શ્રી ચિત્રકુટધામમાં સંતવાણી સન્માન સમારંભ યોજાય છે.સવારે તલગાજરડાની દિકરીઓનો સમુહલગ્ન પ્રસંગ આયોજિત થાય છે જેમાં આ વર્ષે કુલ -3 દિકરીઓના લગ્ન યોજાયા હતા.સાંજે સંતવાણી વંદના સમારોહના આયોજનમાં સંતવાણીના વિવિધ વિધાઓને એવોર્ડ અપાય છે.જેમા આ વર્ષે આદિ સર્જકની વંદનામાં ભક્ત કવિ શ્રી ગેમલદાસજી - ગેમલજી ગોહિલ ( પ્રતિનિધિ શ્રી નરેન્દ્રસિંહ ગોહિલ (કુકડ), ભજનિક શ્રી પરસોત્તમપુરી ગોસ્વામી (જામ ખંભાળિયા), તબલા વાદક શ્રી રમેશપુરી ગોસ્વામી (કળમ લખતર), વાદ્ય વાદક (બેન્જો) શ્રી ધીરજસિંહ અબડા (જખૌ કચ્છ) તથા મંજીરા વાદક શ્રી હર્ષદગિરિ ગોસ્વામી (વલ્લભીપુર) વર્ષ ૨૦૨૫ માટે શ્રી મોરારિબાપુના શુદ્ધ હસ્તે અર્પણ કરાયા.આ એવોર્ડમા રોકડ ધનરાશિ,સુત્રમાલા અને પ્રશસ્તિપત્ર એનાયત થાય છે. પુ. મોરારિબાપુએ આ પ્રસંગે ઉદબોધન કરતાં કહ્યું હતું કે ભજનથી ભૂત ભાગે, ભવિષ્ય જાગે અને વર્તમાન રહે આગે, એમ ભજનાનંદી હંમેશા મોજમાં જ હોય છે.

### આ સંતવાણી સન્માન સમારોહનું સંચાલન શ્રી હરિશ્ચંદ્ર જોષીએ કર્યું

પુ મોરારિબાપુની પ્રેરણાથી યોજાયેલ આ સંતવાણી સન્માન સમારોહનું સંચાલન શ્રી હરિશ્ચંદ્ર જોષીએ કર્યું અને તેઓએ પ્રાસંગિક વાતમાં શ્રી ગેમલજીબાપુ રચનાઓનો સાથે ચરિત્ર ઉલ્લેખ કર્યો તેમજ આ ઉપક્રમની તબ્બક્કા વાર વિગત જણાવી.

એવોર્ડ પસંદગી પ્રક્રિયા શ્રી જયશ્રી માતાજી, શ્રી રામદાસજી ગોંડલિયા તથા શ્રી હિતેશગિરી ગોસાઈએ સંભાળી હતી.

આ સન્માન અર્પણવિધિ સમારોહમાં સંતો, મહંતો અને વિદ્વાનો તથા કલાકારોની ઉપસ્થિત હતા.પુ. ભક્તિરામબાપુ,પુ રામેશ્વરદાસ બાપુ, વગેરેની વિશેષ હાજરી હતી.ભજનિકો તથા સંતવાણી આરાધકો કીર્તિદાન ગઢવી,જયશ્રી માતાજી, મહાવીરદાસબાપુ,લલિતા ઘોડાદ્રા,બીપીન સઠિયા હાજી રમકડું વગેરે ઉપસ્થિત હતાં. તેમની વાણીનો સંતવાણી લાભ મળ્યો હતો.

### બ્રાન્ડ આવક વાર્ષિક 33% વધી રૂ. 283 કરોડ થઈ

## પ્રોવેન્ટસ એગ્રોકોમ લિમિટેડ (ProV) એ નાણાકીય વર્ષ 2026ના પ્રથમ છ મહિનામાં મજબૂત પરિણામો દર્શાવ્યા

અમદાવાદ | નાણાકીય વર્ષ 26ના પ્રથમ છ મહિનામાં વેરા પછીનો નફો વાર્ષિક 37% વધી રૂ. 6.68 કરોડ; નાણાકીય વર્ષ 25ના બીજા છ મહિના કરતાં 164% વધ્યો પોષણ આધારિત આરોગ્યવર્ધક ઉત્પાદનો નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે *આવતીકાલ માટે નિર્માણ કરી રહ્યાં છે. મુખ્ય ડ્રાય ફ્રૂટ્સથી આગળ વધીને પોષણ આધારિત આરોગ્યવર્ધક ઉત્પાદનોમાં વિસ્તરણ બ્રાન્ડ આવક વાર્ષિક 33% વધી રૂ. 283 કરોડ થઈ; પોષણ આધારિત ઉત્પાદનો હવે પોર્ટફોલિયોના ₹50%; માર્જિન વિસ્તરણ માટે તૈયાર નાણાકીય વર્ષ 28 સુધીમાં રૂ. 1000 કરોડની બ્રાન્ડ આવક લક્ષ્યાંકની પ્રતિબદ્ધતાને દોહરાવે છે.

પ્રોવેન્ટસ એગ્રોકોમ લિમિટેડ (NSE: PROV) જે ભારતની સૌથી ઝડપથી વિકસતી હેલ્ધી સ્નેકિંગ કંપનીઓમાંની એક છે તેણે નાણાકીય વર્ષ 26 ના પહેલા છમાસિકના પરિણામો જાહેર કર્યા, જે તેની વૃદ્ધિ યાત્રામાં એક નિર્ણાયક તબક્કો દર્શાવે છે, જેમાં આરોગ્યપ્રદ પોષણ આધારિત ઉત્પાદનો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

કંપનીએ નાણાકીય વર્ષ 26ના પહેલા છમાસિક ગાળાની બ્રાન્ડ આવકમાં વાર્ષિક ધોરણે 33% ની વૃદ્ધિ નોધાવી છે જે રૂ. 283 કરોડ છે જે નાણાકીય વર્ષ 2025ના પહેલા છ માસિકમાં રૂ. 213 કરોડ હતી, જે દર્શાવે છે કે માર્કેટિંગ અને બ્રાન્ડ રોકાણોમાં 2x વધારો હોવા છતાં મજબૂત નફાક્ષમતા જાળવી રાખી છે. નાણાકીય વર્ષ 26 ના અંત સુધીમાં કુલ માર્જિન વધીને 22%થી વધુ થવાની ખાતરી છે.

### વર્કમેટ્સ કોર2ક્લાઉડ સોલ્યુશન લિમિટેડ દ્વારા IPO ના લોન્ચની જાહેરાત કરવામાં આવી

અમદાવાદ | વર્કમેટ્સ કોર2ક્લાઉડ સોલ્યુશન લિમિટેડ, કોલકાતા, પશ્ચિમ બંગાળ સ્થિત ક્લાઉડ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કંપની છે. તેણે તેના પ્રારંભિક જાહેર ઓફરિંગ (IPO) ના લોન્ચની જાહેરાત કરી છે જેમાં 29,08,800 ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ અને 10 પ્રતિ ફેસ વેલ્યુના 5,14,800 ઈક્વિટી શેરનો વેચાણ માટે ઓફરનો સમાવેશ થાય છે. આ ઓફર એન્કર રોકાણકારો માટે સોમવાર, 10 નવેમ્બર, 2025 ના રોજ ખુલશે અને જાહેર જનતા માટે મંગળવાર, 11 નવેમ્બર, 2025 ના રોજ ખુલશે, જે ગુરુવાર, 13 નવેમ્બર, 2025 ના રોજ બંધ થશે. ઈક્વિટી શેર BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટેડ થવાનો પ્રસ્તાવ છે, જેની લિસ્ટિંગ તારીખ 18 નવેમ્બર, 2025 છે.

### ગાંધીનગરના ખેડૂત અમૃતભાઈ પટેલે

## ખેતીને માત્ર પેટ ભરવાનું સાધન નહીં, પણ સમૃદ્ધિનું માધ્યમ બનાવ્યું

અમદાવાદ | એવું કહેવાય છે કે, 'જે ખેડૂત ટેક્નોલોજીનો હાથ પકડે છે, તે માત્ર પાક નથી ઉગાડતો, પણ સમૃદ્ધિનું ભવિષ્ય રોપે છે.' આ વાતને ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામના એક ખેડૂત - અમૃતભાઈ પટેલે ખરા અર્થમાં સાર્થક કરી બતાવી છે. અમૃતભાઈ પટેલ પરંપરાગત ખેતીની સીમાઓ તોડીને અને બાગાયત ખેતીની નવી ક્ષિતિજો સર કરીને આજે અનેક ખેડૂતો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પરંપરાગત ખેતીથી બાગાયત ખેતી તરફ તેમની આ સફર માત્ર આવક વધારવાની નહિ, પરંતુ આધુનિક ખેતી તરફનું એક પ્રેરણાદાયી પરિવર્તન હતું.લગભગ ૭ હેકટર જેટલી જમીન ધરાવતા અમૃતભાઈ પટેલ ઘણા વર્ષો સુધી સખત મહેનત કરવા છતાં આવકની અનિશ્ચિતતા અને પરંપરાગત ખેતીની મર્યાદાઓમાં બંધાયેલા રહ્યા. વર્ષ ૨૦૧૯ પહેલા અમૃતભાઈ અન્ય ખેડૂતોની જેમ શાકભાજી જેવા વિવિધ પાકોની પરંપરાગત ખેતી કરતા હતા. પરંપરાગત ખેતીના પાકોમાં રોજે-રોજની દોડધામ, ભાવની વધઘટ અને પાક નિષ્ફળ જવાનો ડર હંમેશા માથે રહેતો હતો, જેના પરિણામે તેમની આંખોમાં સપનાં અને હાથમાં મહેનત સિવાય ક્યારેક નિરાશા પણ દેખાતી હતી. અમૃતભાઈ અંદરથી જાણતા હતા કે, કંઈક બદલવાની જરૂર છે; ખેતીને માત્ર પેટ ભરવાનું સાધન નહીં, પણ સમૃદ્ધિનું માધ્યમ બનાવવાની જરૂર છે.



અમૃતભાઈને બાગાયતી પાકોમાં પહેલેથી જ ઊંડો રસ હતો. વર્ષ ૨૦૧૯,માં તેમને વિવિધ માધ્યમો થકી ગુજરાત સરકારની વિવિધ બાગાયત કૃષિ લક્ષી યોજનાઓ અંગે માહિતી મળી. બસ પછી શું? તેમણે નક્કી કરી લીધું કે, હવે શાકભાજી અને પરંપરાગત ખેતીની જગ્યાએ ફળ અને બાગાયતી પાકો પર ધ્યાન કેન્દ્રિત કરવું છે.

## ન્યૂઝ ઈન બોક્સ

### બ્લડ શુગરનું સ્તર નિયંત્રિત રાખવા માટે તમારા દૈનિક આહારમાં કેલિફોર્નિયાના બદામનો એક મુઠ્ઠી સમાવેશ કરો

અમદાવાદ | વિશ્વ ડાયાબિટીસ દિવસ દર વર્ષે 14 નવેમ્બરે ઉજવવામાં આવે છે, જેનો હેતુ ડાયાબિટીસ વિશે જાગૃતિ લાવવાનો અને દરેકને સરળતાથી ઉપચાર ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ વર્ષની થીમ "કાર્યસ્થળ પર ડાયાબિટીસ" છે, જે નોકરીદાતાઓ અને કર્મચારીઓને ડાયાબિટીસને વધુ સારી રીતે સમજવા અને કાર્યસ્થળે સહાયક વાતાવરણ બનાવવાની પ્રેરણા આપે છે.



આજના ઝડપી જીવનશૈલીના યુગમાં, લોકોનો આહાર મોટાભાગે રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સ અને ખાંડથી ભરપૂર પ્રોસેસ્ડ ખોરાક પર આધારિત બની ગયો છે, જે ડાયાબિટીસની વધતી સમસ્યામાં યોગદાન આપે છે. ભારતને ઘણીવાર "ડાયાબિટીસ કેપિટલ ઓફ ધ વર્લ્ડ" તરીકે ઓળખવામાં આવે છે, અને તે એક ગંભીર આરોગ્ય પડકારનો સામનો કરી રહ્યું છે. ભારતીય ચિકિત્સા સંશોધન પરિષદ (ICMR)ના તાજેતરના અભ્યાસ અનુસાર, ભારતમાં 101 મિલિયન લોકો ડાયાબિટીસથી પીડિત છે, જ્યારે વધુ 136 મિલિયન લોકો પ્રી-ડાયાબેટિક અવસ્થામાં છે.સંતુલિત આહાર બ્લડ શુગરનું સ્તર નિયંત્રિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, અને દિવસની શરૂઆત પોષક તત્ત્વોથી ભરપૂર ખોરાકથી કરવાથી નોંધપાત્ર ફેરફાર આવી શકે છે.

### પ્રતાપનગર યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય હેતુ બ્લોકના કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વિશ્વામિત્રી-ડભોઈ સેક્શન પર પ્રતાપનગર સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગના કાર્ય હેતુ એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે, 9 નવેમ્બર, 2025 થી 13 નવેમ્બર, 2025 સુધી કેટલીક ટ્રેનો રદ રહેશે. વિગતો નીચે મુજબ છે:

પૂર્ણતઃ રદ ટ્રેનો

1. ટ્રેન નં. 69202 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે.
2. ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 09 નવેમ્બર થી ૧૩ નવેમ્બર સુધી રદ રદ રહેશે.
3. ટ્રેન નં. 59122 છોટા ઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે.
4. ટ્રેન નં. 59125 પ્રતાપનગર - છોટા ઉદેપુર પેસેન્જર ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં રાખે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### જૂનાગઢમાં ભારત વિકાસ પરિષદ અને રેડ ક્રોસ સોસાયટી દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

નરેન્દ્ર દવે | જૂનાગઢ આગામી તા.૯/૧૧/૨૫ ને રવિવારે સવારે ૧૦ થી ૧ આઝાદ ચોક, રેડ ક્રોસ હોલ, જૂનાગઢ ખાતે ભારત વિકાસ પરિષદ તથા રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં અમદાવાદ રાજકોટ તેમજ જૂનાગઢના નામાંકિત ડોક્ટરો સર્વશ્રી ડો.પૂજા ગવલાણી,ન્યુરોસર્જન, ડો.હેમાંશુ ચુડાસમા, એમડી ફિઝિશિયન,ડો.તારક ચુડાસમા એમડી.આયુર્વેદ, ડો.મૌલિક ભાલોડીયા, ઓર્થોપેડિક સર્જન, ડો.અર્વી કોર બુચ ચામડીના રોગોના નિષ્ણાંત,ડો.રવિ મકવાણા કાનના ગળાના રોગોના નિષ્ણાંત, ડો.આકાશ મહેતા બાળકોના રોગોના નિષ્ણાંત,ડો.દેવાંગી પટેલ આંખના રોગના



નિષ્ણાંત, ડો.નૈતિ ઠુંમર ફેફસાના સ્પેશિયાલિસ્ટ, ડો.નીતિ ગઢવી ડાયટિસયન, ડો.હિતાર્થ અપારનાથી કિડની ના રોગોના નિષ્ણાંત, ડો.પ્રતીક ડોબરીયા ગાયનેકોલોજિસ્ટ, ડો.દર્શિલ સોઢા અને ડો. માનસી પુરષવાણી દાંતના રોગોના નિષ્ણાંત, ડો.કોમલ ઓતવાણી ફિઝિયોથેરાપિસ્ટ, ડો. પાયલ રાઘવાણી ફિઝિયોથેરાપિસ્ટ જેવા નામાંકિત ડોક્ટરો સેવા આપશે.

### SVIT ખાતે વંદે માતરમ @150 ની ઉજવણી

અમદાવાદ | ભારતનું રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' વર્ષ ૧૮૭૫માં રચાયાનું ગૌરવપૂર્ણ ૧૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે. આ અવસરે ઉજવણી કરવામાં આવી રહી છે અને દરેક સંસ્થા કીય ક્ષેત્રોમાં રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવી રહ્યું છે આજે એસબીઆઈટી વાસત ખાતે પણ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈ સ્ટાફના મેમ્બર સાથે મળી વંદેમાતરમ્ એડ દરેક 150 ની ઉજવણી કરતા સમૂહમાં રાષ્ટ્રગીત ગાયું હતું.૧૮૭૫મા રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન દેશના આમ



નાગરિકોમાં એકતા અને રાષ્ટ્રીય ચેતના જાગૃત કરવામાં "વંદે માતરમ" ગીતે મહત્વની ભૂમિકા ભજવી હતી અનેક નયા ઉમંગ સાથે દેશવાસીઓ આઝાદીની ચળવળમાં એકત્ર થયા હતાઆજે ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ તેની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા આ ઐતિહાસિક ક્ષણની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવી હતી। કાર્યક્રમના ભાગરૂપે રાષ્ટ્રચેતના અને માતૃભૂમિના ગૌરવના પ્રતીક તરીકે *"વંદે માતરમ"*નું સમૂહગાન કરવામાં આવ્યું હતું।

### ફિઝિક્સવાલા લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 11 નવેમ્બર, 2025ના રોજ ખૂલશે

અમદાવાદ | ફિઝિક્સવાલા લિમિટેડ ("COMPANY") ઈક્વિટી શેર્સના તેના આઈપીઓના સંદર્ભે તેની બિડ/ઓફર મંગળવાર, 11 નવેમ્બર, 2025ના રોજ ખોલશે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, 10 નવેમ્બર, 2025ના રોજ છે.



બિડ/ઓફર ગુરુવાર, 13 નવેમ્બર, 2025ના રોજ બંધ થશે. પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ સહિતની કુલ ઓફર સાઈઝનું મૂલ્ય રૂ. 3,480 કરોડ સુધીનું છે. આઈપીઓમાં પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સના રૂ. 3,100 કરોડ સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ અને પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના રૂ. 380 કરોડ સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. 103થી રૂ. 109ના ભાવે ફિક્સ કરવામાં આવ્યો છે ("The Price Band").એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડીંગ કરી રહેલા લાયક કર્મચારીઓને ઓફરમાં ઈક્વિટી શેર દીઠ રૂ. 10નું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. બિડ્સ લઘુતમ 137 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 137 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે ("Bid Lot").કંપની ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો વિવિધ વ્યૂહાત્મક હેતુઓ માટે ઉપયોગ કરવાની યોજના ધરાવે છે.

### વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના ૭૪મા દીક્ષાંત સમારોહમાં કુલ ૩૫૪

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું

અમદાવાદ |મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના ૭૪મા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા સહિતના મહાનુભાવો દ્વારા કુલ ૩૫૪ સુવર્ણપદકો એનાયત કરવામાં આવ્યા હતા. ૨૨૯ સુવર્ણપદક મેળવનારાઓમાં ૧૬૩ વિદ્યાર્થિનીઓ અને ૬૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.દીક્ષાંત પ્રવચનમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સુવર્ણપદક મેળવનાર અને પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીને ઉજ્જવળ ભવિષ્યની કામના કરતા જણાવ્યું હતું કે, આજનો દિવસ મહત્વનો હોવાની સાથે મંથન કરવાનો પણ છે. વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત માટે આપણે શું યોગદાન આપી શકીએ, તે દીક્ષાંત સમારોહના પવિત્ર દિવસે ચોક્કસથી વિચારવું જોઈએ. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ભવ્ય અને સમૃદ્ધ વારસા તેમજ ગૌરવને ફરી પ્રસ્થાપિત કરી તેને આગળ વધારવાનું કામ કરી રહ્યા છે, ત્યારે સમાજને શિક્ષિત, વિકસિત અને સમૃદ્ધ બનાવવાની જવાબદારી યુવાઓના શિરે હોય છે. સમાજકલ્યાણનો ભાવ રાખીને ભારતીય જીવન મૂલ્યો અને સંસ્કૃતિના અભિન્ન અંગ બનવા રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. મહારાજા સયાજીરાવ ગાયકવાડનું જીવન આજની અને આવનારી પેઢી માટે પ્રેરણાસ્ત્રોત છે તેમ કહીને રાજ્યપાલશ્રીએ મહારાજાના શિક્ષણપ્રેમ અને પ્રજાપાલનની વાત કરી હતી. નવસ્નાતકોને શીખ આપતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, યુનિવર્સિટીમાંથી જે શિક્ષણ મેળવ્યું છે, એના ઉપયોગ થકી સમાજને પરત આપવાનો સમય છે. શિક્ષણનો ઉદ્દેશ શ્રેષ્ઠ સમાજ અને ઉન્નત રાષ્ટ્ર નિર્માણનો છે. પ્રાચીન ભારતમાં દીક્ષાંત સમારોહનું આગવું મહત્વ સંસ્કૃતના શ્લોકો અને વેદોના ઉલ્લેખ સાથે સમજાવીને રાજ્યપાલશ્રીએ ગુરૂકુળમાં મળતા શિક્ષણધન અને સમાવર્તન સંસ્કારની રસપ્રદ અને પ્રેરક પરંપરાની ઝાંખી કરાવી હતી.

### ગુજરાત આદિવાસી સમુદાયના સ્વાસ્થ્ય માટે જીનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય

અમદાવાદ | આદિવાસી જનનાયક ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતે વર્ષ 2025ને "જનજાતીય ગૌરવ વર્ષ" તરીકે ઉજવવાનો સંકલ્પ કર્યો છે. ભગવાન બિરસા મુંડા આદિવાસી સમાજની ઓળખ અને બહાદુરીના પ્રતિક છે, જેમના સન્માનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જનજાતીય ગૌરવ દિવસની પહેલ આદરી હતી. તેઓ દ્રઢપણે માને છે કે, જ્યારે આપણા આદિવાસી સમુદાયો સમૃદ્ધ થશે ત્યારે ભારત સમૃદ્ધ થશે. તેમના આ વિઝનને અનુસરતાં ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ગુજરાતના આદિવાસી સમુદાયોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાના પરિણામે ગુજરાત ભારતનું પ્રથમ એવું રાજ્ય બન્યું છે જેણે આદિવાસી સમુદાયો પર ધ્યાન કેન્દ્રિત કરીને વ્યાપક જીનોમ સિક્વન્સિંગ પ્રોજેક્ટ શરૂ કર્યો છે.શરીરના કોષોની અંદર રહેલી આનુવંશિક સામગ્રીને જીનોમ કહેવામાં આવે છે. કોષની અંદર જનીનનું ચોક્કસ સ્થાન અને તેની રચના ને સમજવા માટે જીનોમ સિક્વન્સિંગ કરવામાં આવે છે. આ જીનોમમાં થતા ફેરફારો વિશે જણાવે છે. ગુજરાતની આદિવાસી વસ્તી લાંબા સમયથી થેલેસેમિયા અને સિકલ સેલ એનિમિયા જેવી આનુવંશિક બીમારીઓનો સામનો કરી રહી છે. અમુક આનુંવાન્શિક બીમારીઓ છેલ્લા સ્ટેજ સુધી પણ શોધી નથી શકાતી અને સારવાર વધુ જટિલ બની જાય છે. જીનોમ સિક્વન્સિંગ દ્વારા, વૈજ્ઞાનિકો મ્યુટેશન (પરિવર્તનો)ને શોધી શકે છે, ઓછા ખર્ચે ડાયગ્નોસ્ટિક પેનલ બનાવી શકે છે અને IVF પ્રક્રિયાઓ દરમિયાન પ્રિનેટલ અથવા તો ગર્ભ-સ્તરનું પરીક્ષણ પણ કરી શકે છે.આ પ્રોજેક્ટ આદિવાસી સમુદાયોની સુખાકારી સુનિશ્ચિત કરીને વધુ સારી આરોગ્યલક્ષી યોજનાઓ બનાવવામાં મદદ કરશે. તે રોગનું નિદાન, કુપોષણ અને એનિમિયા જેવી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ અને સિકલ સેલ એનિમિયા અને G6PDની ઉણપ જેવા આનુવંશિક વિકારોના વહેલા નિદાન માટે આનુવંશિક માહિતી પ્રદાન કરશે.

### એકતા નગરના પ્રકાશ પર્વમાં વડાપ્રધાનશ્રી

## મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતનું પ્રતિક 'ગ્રીન ટ્રી' બન્યું આકર્ષણનું કેન્દ્ર

અમદાવાદ | સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતના એકતા નગર ખાતે ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના પરિસરમાં ભવ્ય ભારત પર્વ-૨૦૨૫નું આયોજન થયું છે. આ પ્રથમ વખત છે કે ભારત પર્વ દિલ્હીની બહાર યોજાઈ રહ્યો છે, અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા માર્ગદર્શન હેઠળ ગુજરાતે આ પર્વને ભવ્યતા આપી છે.આ પર્વ દરમિયાન દેશની વિવિધતામાં એકતાનું પ્રતીક દર્શાવતા સાંસ્કૃતિક, ટેકનોલોજીકલ અને દેશભક્તિપ્રેરિત કાર્યક્રમોનું આયોજન થયું છે.ભારત પર્વ-૨૦૨૫ના થીમ પેવેલિયનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાકાર થયેલા વિવિધ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ અને વિકાસના પ્રતિકોને અનોખી રીતે રજૂ કરવામાં આવ્યા છે. આ પેવેલિયનનું મુખ્ય આકર્ષણ 'ગ્રીન ટ્રી' છે, જે વિકસિત ભારતના સ્વપ્નને પ્રતિકાત્મક રીતે વ્યક્ત કરે છે. પ્રકાશિત ઈન્સ્ટોલેશન સ્વરૂપે ઉભેલા આ ગ્રીન ટ્રી દ્વારા ભારતના સર્વાંગી વિકાસની દિશા અને પ્રગતિનો દ્રષ્ટિકોણ રજૂ થયો છે. આ દ્દશ્યાવલિએ દેશભક્તિ, આર્ટ અને ટેકનોલોજીનો અદભુત સંગમ સર્જ્યો છે, જે દેશ-વિદેશના પ્રવાસીઓને અદ્ભુત અનુભૂતિ કરાવે છે.

'ગ્રીન ટ્રી' ઈન્સ્ટોલેશનમાં વડાપ્રધાનશ્રીના દુરંદેશી વિઝન હેઠળ સાકાર થયેલા રાષ્ટ્રીય સ્તરના માઈલસ્ટોન પ્રોજેક્ટ્સને પ્રકાશિત રીતે રજૂ કરવામાં આવ્યા છે, જેમ કે સુરત ડાયમંડ બુર્સ, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, તેજસ ફાઈટર જેટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, ઓપરેશન સિંદુર, લક્ષદ્વીપ વિકાસ, શ્રી રામ જન્મભૂમિ મંદિર, સ્ટેચ્યૂ ઓફ ઈક્વાલિટી, મહાકુંભ-૨૦૨૫, INS વિક્રાંત, સોનમર્ગ ટનલ, વિઝિંજામ આંતરરાષ્ટ્રીય બંદર અને અટલ સેતુ જેવા પ્રોજેક્ટ્સ.આ તમામ પ્રોજેક્ટ્સ વડાપ્રધાનશ્રીના "વિકસિત ભારત"ના વિઝનને સાકાર કરનારા પ્રતીકાત્મક તબક્કાઓ તરીકે ઝળહળે છે.

### ભારતમાં વધતી જતી હેલ્થકેર તકોનો લાભ લેવા માટે બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન હેલ્થકેર ફંડ લોન્ચ કર્યું

અમદાવાદ | બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન હેલ્થકેર ફંડ લોન્ચ કરવાની ઘોષણા કરી છે. આ એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે જે હેલ્થકેર, ફાર્મા અને એલાઈડ સર્વિસીસમાં રોકાણ કરે છે. આ ફંડ ભારતના સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્રોમાંના એક, હેલ્થકેર , જેમાં હોસ્પિટલો અને ડાયગ્નોસ્ટિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, બાયોટેકનોલોજી, વેલનેસ, હેલ્થ-ટેક, વગેરેનો સમાવેશ થાય છે, તેમાં તકોનો લાભ લેવાનો પ્રયાસ કરે છે. નવી ફંડ ઓફર (NFO) સોમવાર, 10 નવેમ્બર, 2025 ના રોજ ખુલશે અને સોમવાર, 24 નવેમ્બર, 2025 ના રોજ બંધ થશે. બંધન હેલ્થકેર ફંડમાં રોકાણ લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ વિતરકો, રોકાણ સલાહકારો, ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા અથવા સીધા https://bandhanmutual.com/nfo/bandhan-healthcare-fund/ દ્વારા કરી શકાય છે.બંધન એએમસીના સીઈઓ, વિશાલ કપૂરે નવી ઓફરની ચર્ચા કરતી વખતે જણાવ્યું "આરોગ્યસંભાળ ફક્ત એક જરૂરિયાત નથી; તે આપણા સમયના સૌથી મજબૂત અને સૌથી સ્થાયી વિકાસ થીમ્સમાંની એક છે. જેમ જેમ વસ્તી વધતી જાય છે અને મેડિકલ ઈનોવેશન ઝડપી બને છે, તેમ તેમ સમગ્ર વિશ્વમાં અને ભારતમાં આરોગ્યસંભાળ ઈકોસિસ્ટમ ઝડપથી વિસ્તરી રહી છે.

# પંદર દિવસના બાળકો ચોરી ને લાવ્યા હતા પણ બન્ને માલ માથે પડ્યા



ભાગ્ય

- રુપાલી દવે

સપના માં ખાસ અવાજ નો પડઘો પડતા જ મંગુ પાથરી માં બેઠી થઈ ગઈ.

કોણ હતી એ સ્ત્રી?

વારંવાર કેમ મારા સપના માં આવ્યા કરે છે?

મારી લાડલી... આંશુ... ક્યાં ખોવાઈ ગઈ છો? જલ્દી આવી જા મમ્મી આગળ..

નિયમિત અડધી રાત્રે નીંદર માંથી જાગતી મંગુ ને ફૂટપાથ ના ઓટલે બેઠેલી જોઈને દારૂ ના નશા માં ધૂત કાંતિ એ એની બૈરી જીવી ને ધીમે થી કીધું કે ક્યાં કાળે બલ્લા માથે પડી છે? ધંધો તો થયો નહી ને ઉપર થી પાંચ વર્ષ થી એનું પેટ પાળવાનો વારો આવ્યો.

પતિની વાત સાંભળતા જ જીવી બોલી કે આપણા ને શું ખબર કે એનું અંદર નું માળખું હલબલી ગયેલું છે? હોસ્પિટલ માંથી મહા મહેનતે બે પંદર દિવસના બાળકો ચોરી ને લાવ્યા હતા પણ બન્ને માલ માથે પડ્યા.એક માલ તો વર્ષ ની અંદર જ રોડ એક્સિડન્ટ માં માર્યું ગયું એટલે એનો ભાર હળવો થઈ ગયો.દુબઈ ના શેઠ ની ફરમાઈશ થી બીજો માલ પાંચ વર્ષ સુધી પાળ્યો હતો.થયું હતું કે શેઠ માલ ખરીદી લેશે એટલે માલામાલ થઈ જશુ..પણ..પણ..

કાંતિ એની બૈરી જીવી સામે જોઈને ખંધુ હસ્તા બોલ્યો કે મૂઈ મંગુ પણ એક્સિડન્ટ માં મરી જાય તો માથે થી બલ્લા ટળી..

રાતના અંધારામાં ફૂટપાથ ની લાઈટ ના અજવાળા માં મંગુ હાથમાં મેલુઘેલુ રમકડું લઈને અનિમેષ નજરે રોડ તરફ આવતા જતા વાહનો ને જોતી હતી.

ત્યાં અચાનક ઉદાસ મંગુ ની બાજુમાં એનો ખાસ ફ્રેન્ડ શેરી કુતરો ભોલુ બેસી ને એને પ્રેમથી જીભથી ચાટવા લાગ્યો.

ભોલુ ને જોતાજ ઉદાસ મંગુ ખુશ ખુશાલ થઈને ભોલુ ને ભેટી પડી.નિત્ય મુજબ ઓટલા પર મંગુ એના દોસ્ત ભોલુ પાસે સૂઈ ગઈ.

સવાર પડતા જ મુંબઈ ની સડકો પુનઃ ગતિશીલ થઈ જતા ઘોંઘાટ વધવા લાગ્યો. વાહનોના ઘોંઘાટ ના અવાજ માં મંગુ જાગી ગઈ એણે જાગીને આસપાસ નજર કરી તો એના માબાપ ગુમ હતા. પાંચ વર્ષની મંગુ ને એના માબાપ ન દેખતા એ રડવા લાગી. ફૂટપાથ પરના દુકાનદાર ને નાનકડી પાંચ વર્ષની મંગુ ની દયા આવતા પાણી અને જમવાનું આપીને એને દુકાન થી દૂર જવાનું ફરમાવ્યું.

એક હાથ માં પ્લાસ્ટિક ની બેગ અંદર નું જમવાનું અને પાણી અને બીજા હાથમાં મેલુઘેલુ રમકડું પકડીને મંગુ સવાર થી લઈને રાત સુધી સતત એના માબાપ ની શોધમાં ખાધપીધા વગર ચાલ્યા કર્યું.

માબાપ ની ભાળ ન મળતા હતાશ પાંચ વર્ષની મંગુ રસ્તો ક્રોસ કરવા જતી હતી ત્યાં જ રસ્તા વચ્ચે બેભાન થઈ ને સિગ્નલ માં ઊભેલ કાર આગળ ઢળી પડી.

નાનકડી પાંચ વર્ષની મંગુ ની દયા આવતા કાર અંદર બેઠેલ સ્ત્રી એ મંગુ ને કાર અંદર લાવવા ડ્રાઈવર ને સૂચવ્યું.

ભાનમાં આવ્યા બાદ મંગુ એ ખુદને અલગ માહોલ માં નિહાળતા જ ભયભીત થઈ ગઈ.એના મનમાં સ્થળ પરથી નાસી જવાના વિચાર આવવા લાગ્યા,પણ મારી આંશુ ના નામનો મીઠો રણકાર સાંભળતા જ ત્રીસ વર્ષ ની ઉંમરે પણ એ અરુંધતી અમ્મા થી દૂર રહી શકતી નથી.

ત્રીસ વર્ષની ઉંમરે આંશુ વિચારતી હતી કે ભાગ્ય ભલે ને મારું ગરીબ હતું પણ નસીબ મારું ભાગ્યવાન હતું.જે દિવસે માબાપ એ પાંચ વર્ષની મંગુ ને ફૂટપાથ પર એકલી અટૂલી રઝળપાટ કરવા માટે ત્યજી દીધી હતી એ દિવસે અરુંધતી અમ્મા ને ભગવાન એ મોકલ્યા હતા. અમ્મા ની ગોદ માં માથું મૂક્યું છે ત્યારથી મંગુ ને અડધી રાતે ખાસ આવતા સ્વપ્ના બંધ થયા ને નીંદ ઉડી જતી નથી.

બાળપણ ની ઘટના માં સરી પડતા આંશુ વિચારવા લાગી કે શું મારા અને ભાઈના માબાપ જીવી અને કાંતિ હતા? કે અન્ય.આ સંસાર માં માબાપ ની વ્યાખ્યા કરવી ખૂબ અઘરી છે છતાંય કાંતી અને જીવી જેવા માબાપ ના નામે કલંક ગણતાં ક્રૂર લોકોને સજા તો મળવી જોઈએ.

જીવી અને કાંતિ નો અપરાધ શું?

શું ખબર મારા જન્મદાતા જીવી અને કાંતિ પણ ગુનેગાર હોઈ શકે છે? બન્ને ના ક્રૂર કૃત્યો સામન્ય માણસ જેવા નહતા.

પાંચ વર્ષની મંગુ ના હદયમાં મોટું મસ કાણાં ની ખબર પડતા દુબઈ ના શેઠે એ મંગુ ના અંગનો સોદો કરવાની ના પાડી દીધી એના ત્રીજા જ દિવસે કાંતિ અને જીવી એ મંગુ ને ભગવાન ભરોસે છોડી ને નાસી ગયા.

બાળપણ માંજ ભાઈ નુ લીવર નબળું છે એ ખબર પડતા જ કાંતિ અને જીવી એ ભાઈને રેલવે ના પાટા પર મરવા માટે મૂકી દીધો હતો.

મને તો લાગે છે કે હોસ્પિટલ માંથી અમ્મા ના દસ દિવસ ના બે ગુમ શુધા બાળકો ને પણ કાંતિ અને જીવી જેવા કિડનેપર એ રૂપિયા ના લોભ ખાતર કિડનેપ કર્યા હોય શકે.

છેલ્લા દસ વર્ષથી નિયમિત એ જગ્યા પર મારા ભોલુ ની શોધ માં જાવ છું જ્યાં મેં મારા બાળપણ ના પાંચ વર્ષ એની સાથે વિતાવ્યા હતા.બાળપણ નો એક જ સહારો મારો ભોલુ ખબર નહી મને શોધવા માટે ક્યાં ક્યાં ભટક્યા કરતો હશે? કાશ મને મળી જાય તો એની સાથે આખરી શ્વાસ સુધી રમ્યા કરીશ.ઘણીવાર આખા દિવસ ખાવાનું નહતું મળતું ત્યારે મારો ભોલુ રોટલી નો ટુકડો શોધી ને મારા માટે લાવતો હતો. ઉદાસ હોવ ત્યારે મને હસાવવા વિવિધ પ્રકારનાં ખેલ કરતો હતો

બેડ રૂમ માં પ્રવેશતા જ અમ્મા એ આંશુ ની આંખ માંથી વહી રહેલા આંસુઓ ને સાડી ના પાલવ થી લૂછતા કીધું કે આંશુ બેટા!!ભૂતકાળ ની ઘટનાઓ ને વાગોળવા થી કંઈ મળતું નથી અંતે તો દર્દ જ મળે છે.જ્યાર થી મને મારી આંશુ મળી ગઈ છે એ બાદ ભૂતકાળ માં મારા સાથે વીતેલી દર્દનાક ઘટના વિસરાઈ ચૂકી છે. તું મને એક ગિફ્ટ આપી શકીશ,

આંશુ એ પૂછ્યું શું?

અમ્મા એ કહ્યું કે મને મારી આંશુ નું લાંબું આયુષ્ય જોઈએ છીએ..

આંશુ એ સહેજ સ્માઈલ કરીને અમ્મા ને હગ કરતા કહ્યું સોરી અમ્મા,મારાથી ભૂલ થઈ ગઈ હદય ને ખુશ ખુશાલ રાખવાનો પ્રયત્ન તો કરીશ પણ મારા ભોલુ ની યાદ આવતા રડી પડું છું. ભોલુ પ્રાણી હતો છતાંય મારા દર્દ ને સમજી શકતો હતો.

ખબર નહીં મારી શોધ માં ક્યાં ક્યાં રખડતો હશે એની દશા કેવી થઈ ગઈ હશે? શું એ જીવતો હશે કે એ પણ ભાઈ ની જેમ એક્સિડન્ટ નો શિકાર બની ગયો હશે? કાશ મને મારો ભોલુ મળી જાય તો બોલતા બોલતા આંશુ એની અમ્મા ના ખંભા પર બેભાન થઈ ને ઢળી પડી..

આંશુ નો હાર્ટ એટેક તો સિવિયર હતો પણ અમ્મા ના પ્રેમ એ આંશુ ને મોત ના મુખ માંથી ખેંચી ને જીવાડી દીધી..

ના..ના અમ્મા અને આંશુના સબંધ ઋણનું બંધન ના નહતા અમ્મા જ આંશુ ની દસ દિવસ ની કિડનેપ નો શિકાર થયેલ દીકરી હતી. બન્ને ના મજબૂત સંયોગ ના લીધે જ બન્ને નું પુનઃ મિલન થયું હતું પરંતુ આ વાત થી બન્ને મા દીકરી તદન અજાણ હતા.

ધાર્યું ઘણી નું થાય એમજ ભાગ્ય માં લખ્યું એ ક્યારેય ન બદલાઈ..

### અભિષેક બજાજના બહાર થવાના સમાચાર પર આવેઝ દરબાર ભડક્યા

# 'આ ખોટું થઈ રહ્યું છે, નિર્ણય ખોટો છે'



મુંબઈ: 'બીગ બોસ ૧૯'ને લઈને આ વીકએન્ડના વાર પહેલાં એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહેવાલો મુજબ, મજબૂત સ્પર્ધક ગણાતા અભિષેક બજાજને ઘરની બહારનો રસ્તો દેખાડવામાં આવ્યો છે. આ એવિક્શનની ખબર સામે આવતા જ શોના પૂર્વ સ્પર્ધક આવેઝ દરબારે આ નિર્ણયને 'ખોટો' ગણાવ્યો છે અને બીગ બોસ પર આકરા પ્રહાર કર્યા છે. આવેઝ દરબારે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ટ્વીટ કર્યું અને કહ્યું કે, 'મને આશા છે કે અભિષેક બજાજના શોમાંથી બહાર થવાના સમાચાર ખોટા હશે. તેણે સતત સારું પ્રદર્શન કર્યું છે અને તે ટોચના ૩માં આવવા માટે હકદાર હતો. છેલ્લા કેટલાક એવિક્શન ખૂબ જ ખોટા રહ્યા છે.' આવેઝના આ નિવેદન પર નેટીઝન્સે પણ જોરદાર પ્રતિક્રિયા આપી છે. એક યુઝરે લખ્યું, 'અભિષેક તો વિજેતાના હકદાર હતા. આ શોએ તેની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે.' મીડિયા રિપોર્ટ મુજબ, આ વખતે શોમાં ડબલ એવિક્શન થવાનું છે. પહેલા નીલમ ગીરીને ઘરની બહાર કરવામાં આવી અને હવે અભિષેક બજાજનું નામ આવતા દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ ડબલ એવિક્શન વીકએન્ડના વારની રોમાંચકતા વધારશે તેમાં કોઈ શંકા નથી.

### મહિલા ક્રિકેટ ટીમની જીત બાદ ઝુલન ગોસ્વામી બાયોપિક ચર્ચામાં




### બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્માની ફિલ્મ

# 'ચકદા એક્સપ્રેસ'ના રિલીઝના દરવાજા ખુલ્યા?

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દક્ષિણ આફ્રિકા સામે વર્લ્ડ કપ ફાઈનલમાં ઐતિહાસિક વિજય મેળવતા, લાંબા સમયથી અટકેલી અનુષ્કા શર્મા અભિનીત ફિલ્મ **'ચકદા એક્સપ્રેસ'**ના રિલીઝની આશા ફરી જાગી છે. પૂર્વ ભારતીય ક્રિકેટર ઝુલન ગોસ્વામીના જીવન પર આધારિત આ બાયોપિકના મેકર્સે હવે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સને વિનંતી કરી છે કે આ ફિલ્મને વહેલી તકે દર્શકો સમક્ષ રજૂ કરવામાં આવે. જો આ સાકાર થશે તો અનુષ્કા શર્મા ૭ વર્ષ બાદ ફિલ્મમાં કમબેક કરશે. મીડિયા રિપોર્ટ મુજબ, ફિલ્મના એક સભ્યએ જણાવ્યું કે, 'ચકદા એક્સપ્રેસ'ના નિર્માણમાં વિલંબનું મુખ્ય કારણ બજેટ હતું, જેના કારણે પ્રોડક્શન હાઉસ ઓવર-બજેટ થઈ ગયું હતું. આ ઉપરાંત, નેટફ્લિક્સના ટોચના અધિકારીઓને પણ ફિલ્મ જે રીતે આકાર લઈ રહી હતી, તે પસંદ નહોતું આવ્યું. જોકે, મેકર્સે દાવો કર્યો છે કે, 'આ હજી પણ એક નક્કર ફિલ્મ છે.' ભારતીય મહિલા ક્રિકેટ ટીમે વર્લ્ડ કપનો ખિતાબ જીત્યા બાદ પરિસ્થિતિ બદલાઈ છે. એક આંતરિક સૂત્રએ જણાવ્યું કે, 'આ જીતથી બાયોપિક પર ફરી ધ્યાન ગયું છે. OTT પ્લેટફોર્મ પર આંતરિક ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે, અને ટીમ આ મહિનાના અંત સુધીમાં અંતિમ નિર્ણય લઈ શકે છે કે થોડું વધારાનું કામ કરીને આ ફિલ્મને રિલીઝ કરી શકાય કે નહીં.' ઝુલન ગોસ્વામી પોતે પણ વિજેતા ટીમ સાથે ઉજવણી કરતાં જોવા મળ્યા હતા, જેનાથી તેમની જીવનગાથા પર આધારિત ફિલ્મને લઈને લોકોમાં ઉત્સાહ વધ્યો છે.

# શ્રદ્ધા કપૂર એનિમેશનની દુનિયામાં, ડિઝનીએ 'ઝૂટોપિયા ૨'નું એલાન કર્યું

બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર હવે અભિનયની સાથે સાથે એનિમેશનની દુનિયામાં પણ પગ મૂકવા જઈ રહી છે. ડિઝનીની સુપરહિટ એનિમેટેડ ફ્રેન્ચાઈઝી **'ઝૂટોપિયા'**નો સીક્વલ 'ઝૂટોપિયા ૨' ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાનો છે, જેમાં શ્રદ્ધા કપૂર મુખ્ય પાત્રને પોતાનો અવાજ આપશે. શ્રદ્ધા કપૂર આ ફિલ્મમાં પ્યારી અને બહાદુર સસલા પોલીસ ઓફિસર **'જૂડી હૉપ્સ'**ના હિન્દી અવાજ બનશે. ડિઝની ઈન્ડિયાએ સોશિયલ મીડિયા પર શ્રદ્ધાનો પોસ્ટર જાહેર કરીને આની સત્તાવાર જાહેરાત કરી છે. શ્રદ્ધાએ આ પોસ્ટ શેર કરતા લખ્યું કે, 'જૂડી હૉપ્સ' જેવા એનર્જેટિક, બહાદુર અને ક્યૂટ પાત્રને અવાજ આપવો મારા માટે એક સપના જેવું છે. ચાહકોનું માનવું છે કે શ્રદ્ધાનો અવાજ જૂડી હૉપ્સના વ્યક્તિત્વ સાથે બિલકુલ મેળ ખાશે. 'ઝૂટોપિયા ૨' ભારતમાં ૨૮ નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં જૂડી હૉપ્સ અને તેના સાથી નિક વાઈલ્ડ એકવાર ફરી નવા રહસ્યોનો સામનો કરતા જોવા મળશે. આ સીક્વલ સમાજ, સાહસ અને સમાનતાના મુદ્દાઓને મનોરંજક રીતે રજૂ કરશે. પહેલો ભાગ ૨૦૧૬માં રિલીઝ થયો હતો અને તેણે ઑસ્કર જીતવાની સાથે બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી હતી. ડિઝની ઈન્ડિયાએ પુષ્ટિ કરી છે કે આ ફિલ્મ હિન્દી ઉપરાંત અંગ્રેજી, તમિલ અને તેલુગુ સહિત ચાર ભાષામાં રિલીઝ થશે. શ્રદ્ધા કપૂર છેલ્લે ૨૦૨૪ની બ્લોકબસ્ટર ફિલ્મ **'સ્ત્રી ૨'**માં જોવા મળી હતી.



● શ્રદ્ધા 'ઝૂટોપિયા ૨'માં: હોલિવૂડના એનિમેશન પાત્રને આપશે અવાજ

● બહાદુર સસલા પોલીસ ઓફિસર 'જૂડી હૉપ્સ'ના હિન્દી અવાજ બનશે શ્રદ્ધા



# રેપ સીને જીવન બનાવ્યું નર્ક, આજે પણ અડધી રાત્રે ઊંઘમાંથી ઝબકીને ધ્રુજી ઊઠે

આ અભિનેત્રી શાનદાર અભિનય માટે જાણીતી બની છે. તેની કારકિર્દીમાં 200થી વધુ ફિલ્મોમાં જોવા મળી છે. એક્ટ્રેસ બંગાળી સિનેમા અને હિન્દી સિનેમા બન્નેમાં કામ કરી રહી છે. આ અભિનેત્રી બીજી કોઈ નહીં પરંતુ રિતુપર્ણા સેનગુપ્તા છે. તેની પહેલી જ ફિલ્મ હિટ સાબિત થઈ અને ફિલ્મને વિવિધ એવોર્ડથી નવાજવામાં આવી હતી. રિતુપર્ણાએ 1992માં આવેલી 'શ્વેત પથોરેર થાલા'થી બંગાળી ફિલ્મોમાં ડેબ્યુ કર્યું હતું. એક્ટ્રેસે ફિલ્મમાં વિધવાનો નેગેટિવ રોલ પ્લે કર્યો, જેની દર્શકોએ ખૂબ જ પ્રશંસા કરી હતી. રિતુપર્ણા સેનગુપ્તાની 'શ્વેત પથોરેર થાલા' ફિલ્મ હિટ સાબિત થઈ, તેથી તેનું કરિયર પણ ચમકવા લાગ્યું હતું. ફિલ્મને બેસ્ટ બંગાળી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર અને બંગાળ ફિલ્મ પત્રકાર સંઘનો એવોર્ડ મળ્યો હતો. પહેલી બંગાળી ફિલ્મથી હિટ થયા પછી એક્ટ્રેસે 1994માં હિન્દી ફિલ્મ 'તીસરા કોન'થી ડેબ્યુ કર્યું હતું. આ ફિલ્મમાં તેના સામે મિથુન ચક્રવર્તીને કાસ્ટ કરવામાં આવ્યા હતા. આ ફિલ્મ પણ હિટ સાબિત થઈ અને અહીં પણ એક્ટ્રેસનો જાદુ ચાલ્યો. ત્યારબાદ તે 1997માં આવેલી બંગાળી ફિલ્મ 'દહન'માં જોવા મળી, જ્યાં તેની ફિલ્મના રેપ સીને સૌથી વધુ લાઈમલાઈટ મળી હતી. આ સીન કર્યા પછી એક્ટ્રેસ પોતે માનસિક રીતે હેરાન થઈ ગઈ હતી. રિતુપર્ણા સેનગુપ્તાએ પોતે એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો હતો કે, ઘણા દિવસો સુધી જ્યારે તે સૂતી હતી, ત્યારે સપનામાં એ જ સીન હેરાન કરતો હતો. ઘણીવાર તો તે ઝબકીને ઊઠી પણ જતી હતી.



# બોલિવૂડ અભિનેત્રી વામિકા ગબ્બીનો ઓટોમાં ચહેરો છુપાવતો વીડિયો વાયરલ, ચાહકોએ કહ્યું 'પબ્લિસિટી સ્ટંટ'

**અભિનેત્રી કેપથી પોતાનો ચહેરો ઢાંકીને કેમેરાથી દૂર ભાગતી દેખાઈ**

બોલિવૂડ અભિનેત્રી વામિકા ગબ્બીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે પેપરાઝીથી પોતાનો ચહેરો છુપાવતી જોવા મળી હતી. વામિકા ગબ્બી, જે સામાન્ય રીતે ફિલ્મોના પ્રમોશન દરમિયાન પેપરાઝીને પોઝ આપે છે, તે અચાનક કેમેરાથી દૂર ભાગી જતા યુઝર્સને નવાઈ લાગી છે. વાયરલ વીડિયોમાં વામિકા ગબ્બી એક ઓટો રિક્ષામાં બેઠેલી જોવા મળી હતી અને તેની સાથે એક અજાણ્યો શખ્સ પણ હતો. કેમેરાનો ફ્લેશ પડતા જ વામિકાએ પોતાની કેપને ચહેરા પર રાખી દીધી અને એક પણ ફોટો લેવા દીધો નહોતો. અભિનેત્રીની આ હરકત પર સોશિયલ મીડિયા યુઝર્સની ઘણી પ્રતિક્રિયાઓ સામે આવી છે. કેટલાક યુઝર્સે મજાક કરતાં કહ્યું કે અભિનેત્રીએ કદાચ મેકઅપ નહોતો કર્યો. જોકે, મોટાભાગના યુઝર્સે આ સમગ્ર ઘટનાને 'પબ્લિસિટી સ્ટંટ' ગણાવી છે. બીજી તરફ, કેટલાક યુઝર્સે પેપરાઝીની ટીકા કરી છે અને કહ્યું છે કે જ્યારે અભિનેત્રી કોઈ ફિલ્મનું પ્રમોશન ન કરી રહી હોય ત્યારે તેને એકલી છોડી દેવી જોઈએ, કારણ કે આ તેના અંગતસમયનો ભંગ છે.

# રશ્મિકા મંદાનાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ચિંતા વ્યક્ત કરી

**ડીપફેક વીડિયો તસવીરો બનવા પર અભિનેત્રી બોલી, 'AI ડરામણી વસ્તુ**



**અભિનેત્રી રશ્મિકા મંદાના પોતાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ની રિલીઝ બાદ આ દિવસોમાં ચર્ચામાં છે**

મુંબઈ: અભિનેત્રી રશ્મિકા મંદાના પોતાની ફિલ્મ 'ધ ગર્લફ્રેન્ડ'ની રિલીઝ બાદ આ દિવસોમાં ચર્ચામાં છે. આ પ્રસંગે રશ્મિકાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને તેનાથી થતા ડીપફેકના ખતરા વિશે વાત કરી છે. તેમણે આને ખૂબ જ ઘાતક ગણાવતા ઓનલાઈન મહિલાઓની સુરક્ષાની તાતી જરૂરિયાત પર ભાર મૂક્યો છે. રશ્મિકાએ જણાવ્યું કે AI ના માધ્યમથી તેમની ઘણી તસવીરો બદલી દેવામાં આવી છે. આનાથી તે ચિંતિત છે. 'જ્યારે હું આ તસવીરો જોઉં છું, ત્યારે મને ખબર પડે છે કે આ હું નથી. ઘણીવાર તો મારે ફરીથી તપાસ કરવી પડે છે,' તેમનું કહેવું છે. તેમણે આગળ ઉમેર્યું કે, 'આ તમારી તસવીર, અવાજ અને દરેક વસ્તુનો ઉપયોગ કરીને તેને સંપૂર્ણપણે કંઈક બીજું બનાવી શકે છે. AI ખૂબ જ ડરામણી વસ્તુ છે.' અભિનેત્રીએ ચિંતા વ્યક્ત કરી કે, જો કોઈ સામાન્ય છોકરીની બદલાયેલી તસવીર તેના કોલેજમાં શેર કરવામાં આવે, તો આખી કોલેજ અને તેના માતા-પિતા પણ તેને સાચું માનશે. રશ્મિકાએ સવાલ ઉઠાવ્યો કે, 'આવી સ્થિતિમાં તે છોકરી માટે કોણ ઊભું રહેશે? છોકરીને ખબર હશે કે આ ખોટું છે, પણ તેની વાત કોણ માનશે?' રશ્મિકાની માગ છે કે આ ડીપફેકને રોકવા માટે કડક નિયમો બનવા જોઈએ, કારણ કે આનાથી બાળકોમાં અવસાદ (ડિપ્રેશન) અને અન્ય ગંભીર સમસ્યાઓ પેદા થઈ શકે છે.

**ઈન્સ્ટા વાયરલ**

### દીપિકા પાદુકોણનો 'બૉસ લેડી' લુક વાયરલ



બોલીવુડ અભિનેત્રી દીપિકા પાદુકોણે મોટા પડદાથી દૂર હોવા છતાં, સોશિયલ મીડિયા પર તેના નવીનતમ ફોટોશૂટની તસવીરો શેર કરીને ચાહકોનું ધ્યાન ખેંચ્યું છે. તાજેતરમાં, તેણે 'બોસ લેડી' લુક ફ્લોન્ટ કર્યો. દીપિકાએ તેના ઈન્સ્ટાગ્રામ પર બ્લેક પેન્ટ, મેચિંગ ટોપ અને ફ્લોરલ ડિઝાઈનવાળું બ્લેઝર પહેરેલા ત્રણ ફોટા શેર કર્યા છે

### પિંક સાડીમાં કૃતિકા કામરાનો શાનદાર અને ગ્લેમરસ લૂક



ટીવી અભિનેત્રી કૃતિકા કામરા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને નિયમિતપણે પોતાના ચાહકો સાથે ફોટા શેર કરે છે. તાજેતરમાં, કૃતિકાએ તેના ગ્લેમરસ સાડી લૂકની તસવીરો શેર કરી છે, જે ખૂબ જ વાયરલ થઈ રહી છે. પિંક કલરની સાડીમાં કૃતિકાએ કેમેરા સામે ખૂબ જ શાનદાર પોઝ આપ્યા છે, જે તેના ચાહકોને ખૂબ પસંદ આવી રહ્યા છે. અભિનેત્રીનો આ સાડી લૂક ખૂબ જ સુંદર અને સ્ટાઈલિશ છે.

# સામંથા રૂથ પ્રભુએ રાજ નિદિમોરુ સાથેની તસવીર શેર કરીને સંબંધ કન્ફર્મ કર્યો!




**ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુ સાથે અભિનેત્રીની ગળે મળતી 'કોઝી' તસવીર. સોશિયલ મીડિયા પર લાંબા સમયથી ચાલી રહેલી અફવાઓનો અંત આવતો જણાયો**

મુંબઈ: અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ અને ફિલ્મ નિર્માતા રાજ નિદિમોરુના સંબંધોની ચર્ચા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. જોકે, બંનેમાંથી કોઈએ પણ આ અંગે સત્તાવાર જાહેરાત કરી નહોતી. પરંતુ, સામંથાએ આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો શેર કરીને આ સંબંધો પર મહોર મારી હોય એવું લાગી રહ્યું છે. સામંથાએ એક કાર્યક્રમ દરમિયાનની ઘણી તસવીરો શેર કરી છે, જેમાંથી એક તસવીરમાં તે રાજ નિદિમોરુને ખૂબ જ પ્રેમથી ગળે મળતી જોવા મળી રહી છે. સામંથાએ રાજને પોતાની બાહોમાં પકડી રાખ્યો છે, જ્યારે રાજે તેમની કમર પકડી છે. આ તસવીરોમાં અભિનેત્રી તમન્ના ભાટિયા પણ જોવા મળી રહી છે. તસવીરો શેર કરતાં સામંથાએ કેપ્શનમાં લખ્યું: 'દોસ્તો અને પરિવારથી ઘેરાયેલી. છેલ્લા દોઢ વર્ષમાં, મેં મારા કરિયરમાં કેટલાક સૌથી સાહસિક પગલાં લીધા છે. જોખમ લેતા, મારા પર વિશ્વાસ રાખતા, અને આગળ વધતા હું શીખી છું. આજે, હું નાની-નાની જીતની ઉજવણી કરી રહી છું. હું મહેનતુ લોકો સાથે કામ કરવા બદલ ખૂબ જ આભારી છું. મને ખબર છે કે આ તો માત્ર શરૂઆત છે.' સામંથા અને રાજ નિદિમોરુએ પહેલા 'ધ ફેમિલી મેન ૨' અને તાજેતરમાં 'સિટાડેલ: હની બની'માં સાથે કામ કર્યું છે. જોકે આ સંબંધોની ઔપચારિક પુષ્ટિ નથી, પણ અભિનેત્રીના ઈશારા સ્પષ્ટ સંકેત આપી રહ્યા છે.

સામંથાએ કેપ્શનમાં લખ્યું: "દોસ્તો અને પરિવારથી ઘેરાયેલી. છેલ્લા દોઢ વર્ષમાં, મેં મારા કરિયરમાં કેટલાક સૌથી સાહસિક પગલાં લીધા છે. જોખમ લેતા, મારા પર વિશ્વાસ રાખતા, અને આગળ વધતા હું શીખી છું.

### બોલિવૂડ સ્ટાર નવાઝુદ્દીન સિદ્દીકીએ સંઘર્ષના દિવસોને યાદ કર્યા....હાથમાંથી ઘણી મોટી ફિલ્મો સરકી ગઈ હતી: નવાઝુદ્દીન

# સફળતા પહેલાં નવાઝુદ્દીનને આવ્યો હતો આત્મહત્યાનો વિચાર



મુંબઈ: પોતાના દમદાર અભિનયથી બોલિવૂડમાં એક અલગ ઓળખ બનાવનાર અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીએ તાજેતરમાં પોતાના જીવનના સંઘર્ષના દિવસોને યાદ કર્યા છે. એક પોડકાસ્ટમાં વાત કરતાં તેમણે એક ચોંકાવનારો ખુલાસો કર્યો કે એક સમય એવો હતો જ્યારે તેઓ આત્મહત્યા કરવાનો વિચાર કરી રહ્યા હતા. નવાઝુદ્દીન સિદ્દીકીએ જણાવ્યું કે ૨૦૧૨માં સફળતા મળ્યાના લગભગ પાંચ વર્ષ પહેલાં તેમને સૌથી મોટો માનસિક સંઘર્ષ અનુભવાયો હતો. તેમના કેટલાક સંઘર્ષ કરી રહેલા મિત્રોનું મૃત્યુ થયું હતું, જેમાં એક મિત્રએ આત્મહત્યા કરી હતી. આ દુઃખને કારણે તેઓ શારીરિક અને માનસિક રીતે ખૂબ જ નબળા પડી ગયા હતા. તેમણે તે ક્ષણ યાદ કરતાં કહ્યું, 'એક સમય એવો હતો જ્યારે હું રેલવે ટ્રેકના કિનારે ઊભો હતો. હું વિચારતો હતો, 'શું મારે બસ આગળ વધી જવું જોઈએ?' પરંતુ પછી એક નાની આશાએ મને પાછળ હટાવ્યો.' નવાઝુદ્દીને જણાવ્યું કે ૨૦૧૨ પહેલાં તેમની સાથે સતત એવું બનતું હતું કે તેમને ફિલ્મો મળતી અને પછી કોઈ બીજાને આપી દેવાતી. આનાથી તે માનવા લાગ્યા હતા કે કદાચ તેઓ જીવનમાં કંઈ ખાસ હાંસલ કરવા માટે નથી બન્યા. જોકે, તેમણે મક્કમતા દર્શાવી કે કશું ન થાય તો પણ તે મફતમાં અને રસ્તા પર ઊભા રહીને પણ અભિનય કરવાનું ચાલુ રાખશે. વર્ષ ૨૦૧૨માં 'ગૅન્ગ્સ ઑફ વાસેપુર', 'કહાની' અને 'તલાશ' જેવી તેમની બેક ટુ બેક ત્રણ સફળ ફિલ્મો આવી, અને પછી તેમને આખરે વિશ્વાસ આવ્યો કે વસ્તુઓ થવા માટે સમય લે છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## IPL 2026
## એમ એસ ધોની સન્યાસ અંગે CSK CEO કાશી વિશ્વનાથનના નિવેદને ઉત્સાહ વધાર્યો

● મહેન્દ્ર સિંહ ધોની આગામી IPL સિઝનમાં રમતા જોવા મળશે, CEOએ કરી સત્તાવાર પુષ્ટિ



મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ ચેન્નાઈ સુપર કિંગ્સે પાંચ વખત IPLનો ખિતાબ જીત્યો છે. આ વિજય સત્રમાં ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩નો સમાવેશ થાય છે

(એજન્સી) ચેન્નાઈ । તા. 08

ઈન્ડિયન પ્રીમિયર લીગ ના આગામી સત્રની શરૂઆત પહેલાં, મહાન ખેલાડી મહેન્દ્ર સિંહ ધોનીના સંન્યાસને લઈને ચાહકોના મનમાં સતત ચર્ચાઓ ચાલી રહી હતી. દરેક ચાહકને બસ એક જ સવાલ હતો: શું ધોની આ વર્ષે સંન્યાસ લેશે? જોકે, હવે આ તમામ અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયો છે. ચેન્નાઈ સુપર કિંગ્સ ના સીઈઓ કાશી વિશ્વનાથને સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે ક્રિકેટના આ દિગ્ગજ ખેલાડીનો સમય હજુ ઈન્ડિયન પ્રીમિયર લીમાં પૂરો થયો નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ, સીએસકેના સીઈઓ કાશી વિશ્વનાથને આ અંગે માહિતી આપતા કહ્યું છે કે, 'એમએસ (ધોની) એ અમને જણાવ્યું છે કે તે આઈપીએલ ૨૦૨૬ના આગામી સત્ર માટે ઉપલબ્ધ રહેશે.' આ નિવેદન ધોનીના કરોડો ચાહકો માટે રાહત અને આનંદના સમાચાર લાવ્યું છે. અત્રે નોંધનીય છે કે, ધોની સીઈઓ ૨૦૨૫ માં અનકેપ્ડ ખેલાડી તરીકે રમવા ઉતર્યા હતા અને ઋતુરાજ ગાયકવાડની ગેરહાજરીમાં તેમણે ટી-૨૦ લીગની કમાન સંભાળી હતી. હવે તે ૨૦૨૬માં પણ મેદાન પર પોતાનો જાદુ ચલાવતા જોવા મળશે. મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપ હેઠળ ચેન્નાઈ સુપર કિંગ્સે પાંચ વખત IPLનો ખિતાબ જીત્યો છે. આ વિજય સત્રમાં ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩નો સમાવેશ થાય છે.આ ઉપરાંત, ધોનીની કપ્તાનીમાં સીએસકેએ ૨૦૧૦ અને ૨૦૧૪માં ચેમ્પિયન્સ લીગ T20નો ખિતાબ પણ જીત્યો છે.

## જાનિક સિનર ATP ફાઈનલ્સ ટાઈટલ જાળવી રાખવા તૈયાર



ટુરિન: વિશ્વના નંબર-૧ ખેલાડી જાનિક સિનર રવિવારથી ટુરિનમાં શરૂ થઈ રહેલી ATP ફાઈનલ્સમાં પોતાના ટાઈટલનો બચાવ કરવા માટે તૈયાર છે. આ ટૂર્નામેન્ટમાં તેના સૌથી મોટા હરીફ કાર્લોસ અલકારેઝ સાથે વધુ એક એપિક મુકાબલો થવાની પ્રબળ સંભાવના છે, જે આ ઉતાર-ચઢાવવાળા વર્ષનો શાનદાર અંત લાવી શકે છે. ગયા વર્ષે ટુરિનમાં વિજય મેળવ્યા બાદ, સિનરે આ વર્ષે વિમ્બલ્ડન ફાઈનલમાં અલકારેઝ સામેની નોંધપાત્ર જીત સહિત બે ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે. આ આઠ-ખેલાડીઓની ટૂર્નામેન્ટમાં, સિનર અને અલકારેઝ બંને તેમના સંબંધિત બ્યોર્ન બોર્ગ અને જિમી કોનોર્સ ગ્રુપોમાંથી ક્વોલિફાય થાય તે લગભગ નિશ્ચિત છે. આ વર્ષના સર્વશ્રેષ્ઠ બે ખેલાડીઓ વચ્ચે સેમિફાઈનલ અથવા ફાઈનલમાં વધુ એક રોમાંચક મુકાબલો થવાની આશા છે. સિનરે શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે, 'જો હું આ કરી શકીશ તો મહાન, જો નહીં તો પણ મારું આ વર્ષ અવિશ્વસનીય રહ્યું છે. પહેલી મેચ ખરેખર મહત્ત્વની છે કારણ કે તમે વિશ્વના શ્રેષ્ઠ આઠ ખેલાડીઓમાંથી એક સામે રમો છો.' જોકે, સિનરે ૨૦૨૫માં વિવાદોનો પણ સામનો કરવો પડ્યો છે.


પી.વી. સિંધુએ દિગ્ગજ ખેલાડીને યાદ કરીને 'હૃદયસ્પર્શી નોટ' લખી... વારંવારની ઈજાઓને કારણે ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-૧એ કોર્ટ છોડી

# બેડમિન્ટન સ્ટાર તાઈ ત્ઝુ-યિંગના સંન્યાસથી પી.વી. સિંધુ ભાવુક

### 'TTY યુગનો અંત આવ્યો'

(એજન્સી) અમદાવાદ । તા. 08

ચાઈનીઝ તાઈપેઈની ટોક્યો ઓલિમ્પિક્સ સિલ્વર મેડલ વિજેતા અને વિમેન્સ બેડમિન્ટનની દિગ્ગજ ખેલાડી તાઈ ત્ઝુ-યિંગે રમતમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમની કારકિર્દી પર પૂર્ણવિરામ મુકતાં આ શટલરે ૧૭ BWF વર્લ્ડ ટૂર ટાઈટલ જીત્યા હતા અને ૧૨ ટૂર્નામેન્ટમાં રનર-અપ રહી હતી. ૩૧ વર્ષીય તાઈ ત્ઝુ-યિંગ, જે પોતાની કળાત્મકતા અને કાંડાની જાદુગરી માટે જાણીતી હતી, તેણે વારંવારની ઈજાઓને તેના નિર્ણયનું કારણ ગણાવ્યું. ભૂતપૂર્વ વિશ્વ નંબર-૧ તાઈ ત્ઝુ-યિંગ ગયા વર્ષથી ઈજાઓ સામે ઝઝૂમી રહી હતી અને આંતરરાષ્ટ્રીય સર્કિટમાં પાછી ફરી શકી નહોતી. તેમણે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક પોસ્ટમાં લખ્યું હતું કે, 'એક સુંદર પ્રકરણનો અંત આવ્યો છે. બેડમિન્ટન, તમે મને જે કંઈ આપ્યું છે તે બદલ આભાર.' તેમણે ઉમેર્યું કે ઈજાઓએ તેમને કોર્ટ છોડવા માટે મજબૂર કર્યા. તેમણે કહ્યું, 'TTY યુગનો અંત આવ્યો છે, પરંતુ હું આશા રાખું છું કે TTYની ભાવના હંમેશા તમારી સાથે રહેશે.' હાલમાં, તેમનું ધ્યાન વર્ષોની સખત તાલીમ અને મુસાફરી પછી શાંતિ માણવા પર છે. તેમનું છેલ્લું BWF ટાઈટલ ૨૦૨૪માં ઈન્ડિયા ઓપનમાં આવ્યું હતું. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી.વી. સિંધુ, જે તાઈ ત્ઝુ-યિંગની સૌથી મોટી હરીફ અને સમકાલીન ખેલાડીઓમાંની એક હતી, તેણે X (અગાઉનું ટ્વિટર) પર એક હૃદયસ્પર્શી સંદેશ લખીને શ્રદ્ધાંજલિ આપી હતી. સિંધુએ કબૂલ્યું કે તાઈ ત્ઝુ-યિંગે તેને હંમેશા તેની મર્યાદાઓ સુધી પહોંચાડવા માટે મજબૂર કરી હતી. '૧૫ વર્ષથી વધુ સમય સુધી, તું એવી પ્રતિસ્પર્ધી હતી જેણે મને દરેક વખતે મારી મર્યાદાઓ સુધી ધકેલી. મારા જીવનના બે સૌથી મહત્વપૂર્ણ મેડલ – રિયો ૨૦૧૬ ઓલિમ્પિક સિલ્વર અને ૨૦૧૯ વર્લ્ડ ચેમ્પિયનશિપ ગોલ્ડ – તારી સામેની મેરેથોન, હૃદય રોકાવી દે તેવી મેચો પછી આવ્યા હતા,' સિંધુએ લખ્યું.


ભૂતપૂર્વ વિશ્વ નંબર-૧ તાઈ ત્ઝુ-યિંગ ગયા વર્ષથી ઈજાઓ સામે ઝઝૂમી રહી હતી

**સિંધુએ ખુલ્લેઆમ સ્વીકાર્યું...**સિંધુએ ખુલ્લેઆમ સ્વીકાર્યું, 'તારી સામે રમવું મને નહોતું ગમતું. તારી રિસ્ટવર્ક, તારો છેતરપિંડીભર્યો ખેલ અને તારી શાંત તેજસ્વિતાએ મને કલ્પના નહોતી કરી એટલી ઊંડી મહેનત કરવા મજબૂર કરી. તારી સામે રમવાથી એક એથ્લીટ તરીકે હું બદલાઈ ગઈ. પાર્ક કોચ પણ તારી સામે રમતા પહેલાં અમે કેટલી તૈયારી કરતા તે જણાવી શકશે.' તેમણે અંતમાં કહ્યું કે, 'આ હરીફાઈની બહાર, અમે એક સાચી અર્થપૂર્ણ મિત્રતા, ઊંડો આદર અને વર્ષોની લડાઈ દ્વારા બંધાયેલો સંબંધ બનાવ્યો છે. તને કોર્ટ છોડતા જોવું એ મારી પોતાની સફરનો એક ટુકડો ગુમાવવા જેવું લાગે છે.'

ભારત-પાકિસ્તાન ઝઘડામાં ICCની દખલગીરી


## વિવાદ ઉકેલવા માટે આઈસીસી બોર્ડે એક ખાસ સમિતિની રચના કરી

ઓમાન ક્રિકેટના પંકજ ખીમજી બન્યા સમાધાન સમિતિના વડા



(એજન્સી) દુબઈ । તા. 08

એશિયા કપ ૨૦૨૫ના સમાપન બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલો ટ્રોફી વિવાદ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ના દરબાર સુધી પહોંચી ગયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા આ મામલો ઉઠાવવામાં આવતા, ICC બોર્ડે બંને દેશો વચ્ચેના ગૂંચવણભર્યા મુદ્દાઓને ઉકેલવા માટે એક સમિતિની રચના કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓમાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ પંકજ ખીમજી આ સમિતિનું નેતૃત્વ કરશે. પંકજ ખીમજીને બંને બોર્ડની નજીક માનવામાં આવે છે અને તેમણે અગાઉ પણ અનેક પ્રસંગોએ મધ્યસ્થીની ભૂમિકા ભજવી છે.



### શા માટે ઊભો થયો આ વિવાદ?

ભારતે ફાઈનલમાં પાકિસ્તાનને સાત વિકેટે હરાવીને એશિયા કપનો ખિતાબ જીત્યો હતો. પરંતુ, વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ અને પાકિસ્તાન ક્રિકેટના ચીફ મોહસિન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. નકવી એ જ સમયે પાકિસ્તાનના આંતરિક મંત્રી તરીકે ભારતમાં આતંકવાદને ટેકો આપવાની ભૂમિકા ધરાવતા હોવાથી, ભારતીય ટીમે તેમના હાથે ટ્રોફી લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. ટ્રોફી ન સ્વીકાર્યા બાદ સૂર્યકુમાર યાદવે હવામાં ટ્રોફી પકડીને ઉજવણી કરી હતી, જેનો એક વીડિયો પણ વાયરલ થયો હતો.

### ICC બોર્ડની બેઠકમાં ચર્ચા

મોહસિન નકવી તરફથી બીસીસીઆઈને ૧૦ નવેમ્બરે દુબઈમાં એક કાર્યક્રમમાં ટ્રોફી સ્વીકારવાની ઓફર કરવામાં આવી હતી, જેને બીસીસીઆઈએ નકારી કાઢી હતી અને આઈસીસીની બેઠકની બાજુમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર, આ બેઠક ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા જેવા બોર્ડના સભ્યોએ બંને પક્ષોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. આઈસીસી બોર્ડે ભારપૂર્વક જણાવ્યું કે ભારત અને પાકિસ્તાન બંને ક્રિકેટ જગતના મહત્ત્વપૂર્ણ સભ્યો છે અને ક્રિકેટના ભલા માટે તેમણે તેમના મુદ્દાઓનું નિરાકરણ કરવું જરૂરી છે. સૂત્રોએ જણાવ્યું કે મોહસિન નકવીને બેઠક સૌહાર્દપૂર્ણ રહેશે તેવી ખાતરી આપવામાં આવી હતી, જેના કારણે જ તેઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. ત્રણ સભ્યોની સમિતિ હવે આ વિવાદિત ટ્રોફી મામલે નિર્ણય

સચિન સરે કહ્યું, 'જો તમે પણ ઝડપથી રમશો તો લથડી શકો છો, સંતુલન જાળવવું જરૂરી.'

## 'ગેમ ઝડપી ચાલે ત્યારે થંભીને રમો': સચિનની સલાહથી દીકરીઓ બની વિશ્વ વિજેતા! :હરમનપ્રીત કૌરે કર્યો ખુલાસો

(એજન્સી) નવી મુંબઈ । તા. 08

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવીને નવી મુંબઈમાં માત્ર એક ખિતાબ જ નથી જીત્યો, પરંતુ વર્ષોથી જોયેલા સપનાને સાકાર કર્યું છે. કેપ્ટન હરમનપ્રીત કૌરે આ ઐતિહાસિક જીતનો એક મોટો રાજ ખોલતા જણાવ્યું કે, મહાન બેટ્સમેન સચિન તેંડુલકરની સલાહ એ ટીમની જીતમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી. હરમનપ્રીતે ICC રિવ્યૂમાં જણાવ્યું કે, ફાઈનલ મેચની આગલી રાતે સચિન સરે તેમને ફોન કર્યો હતો. 'તેમણે કહ્યું કે, જ્યારે મેચ ઝડપી ચાલી રહી હોય, ત્યારે ખુદને સંભાળો, થંભીને રમો. જો તમે પણ મેચની એ જ ગતિથી રમવા લાગશો, તો લથડી શકો છો. તેમની આ વાત આખી ફાઈનલ દરમિયાન મારા મગજમાં રહી.' કેપ્ટને વધુમાં કહ્યું કે, તેમને હજુ પણ વિશ્વાસ નથી થતો કે તેઓ વિશ્વ ચેમ્પિયન બની ચૂક્યા છે. જોકે, તેમના માતા-પિતાની સામે વર્લ્ડ કપની ટ્રોફી ઉઠાવવી એ તેમના જીવનની સૌથી ખાસ ક્ષણ હતી, કારણ કે તેમણે બાળપણથી જ ભારતની જર્સી પહેરવાનું, કપ્તાની



કરવાનું અને વર્લ્ડ કપ જીતવાનું સપનું જોયું હતું. આ ઐતિહાસિક સિદ્ધિ પર ટીમની સાથી ખેલાડી સ્નેહ રાણાએ મુંબઈમાં આયોજિત 'સીએનબીસી ટીવી૧૮ ગ્લોબલ લીડરશિપ સમિટ'માં વાત કરી હતી. તેમણે કહ્યું કે આ જીત ૨૦૧૭ના વર્લ્ડ કપ પછી આવેલા પરિવર્તનોનું પરિણામ છે. રાણાએ જણાવ્યું કે, ૨૦૧૭ પહેલાં લોકોને મહિલા ક્રિકેટ વિશે ખાસ જાણકારી નહોતી. પરંતુ, BCCIના નિયંત્રણમાં આવ્યા બાદ અને ટીવી પ્રસારણ શરૂ થતાં આ રમતની ઓળખ વધી અને ૨૦૧૭ના વર્લ્ડ કપની હારે તેને એક નવો મુકામ આપ્યો. રાણાએ વધુમાં એક ભાવનાત્મક સંકલ્પનો ઉલ્લેખ કર્યો: ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન જ્યારે ટીમના કેટલાક સહયોગી સ્ટાફને કિંગ ચાર્લ્સને મળવાનું આમંત્રણ ન મળ્યું, ત્યારે ખેલાડીઓએ નક્કી કર્યું કે હવે પછી જ્યારે પણ તેઓ કપ જીતશે, ત્યારે પોતાના સ્ટાફ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જ મળશે. ફાઈનલમાં ૮૭ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમીને ભારતની જીતનો પાયો નાખનાર શેફાલી વર્માએ કહ્યું કે, 'અમે હવે દર વખતે કપ જીતવાની આદત પાડીશું.' હરિયાણાથી આવતી શેફાલીએ કહ્યું કે તેના પિતા હંમેશા કહેતા હતા કે 'સચિન સર જેવા બનો' અને સચિન તેંડુલકર જ તેની સૌથી મોટી પ્રેરણા છે.

ઈજા બાદ યમાલનું ક્વાલિફાયર માટે સ્પેનિશ ટીમમાં પુનરાગમન, કોચ ખુશ

## સ્પેન ફૂટબોલ ટીમમાં ૧૮ વર્ષીય લામીને યમાલની શાનદાર વાપસી

(એજન્સી) મેડ્રિડ । તા. 08

સ્પેનના કોચ લુઈસ ડી લા ફ્યુએન્ટેએ વર્લ્ડ કપ ક્વાલિફાયર મેચો માટે ટીમમાં યુવા સ્ટાર લામીન યમાલના પુનરાગમન પર ખુશી વ્યક્ત કરી છે. બાર્સેલોનાનો આ ૧૮ વર્ષીય ફોરવર્ડ અગાઉના બે ક્વાલિફાયર મુકાબલામાં ગ્રોઈન (જાંઘના ઉપરના ભાગમાં)ની સમસ્યાને કારણે બહાર રહ્યો હતો. જોકે, રિયલ મેડ્રિડ સામેના ક્લાસિકોમાં હાર પહેલાં તે ક્લબની મેચોમાં પાછો ફર્યો હતો, અને હવે તે જ્યોર્જિયા અને તુર્કી સામેની રાષ્ટ્રીય ટીમની ફરજ નિભાવવા તૈયાર છે. ક્લાસિકોમાં બાર્સેલોનાની ૨-૧થી હાર બાદ યમાલનું ધ્યાન કેન્દ્રિત થયું છે. મેચ બાદ રિયલ મેડ્રિડના ખેલાડીઓ સાથેના તેના વિવાદને કારણે મીડિયાનું દબાણ વધી ગયું છે. યમાલને લગતા પ્રશ્નોના barrage વચ્ચે, કોચ ડી લા ફ્યુએન્ટે તેના સમર્થનમાં મક્કમ રહ્યા. તેમણે કહ્યું, 'તે ફરીથી ફિટ છે.



## ફરી ઘાયલ થયો ઋષભ પંત, શું દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણીમાં નહીં કરી શકે કમબેક?

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

દક્ષિણ આફ્રિકા A સામેની બિનસત્તાવાર ટેસ્ટ મેચ દરમિયાન તેમને ફરીથી ઈજા થઈ હતી. બીજી બિનસત્તાવાર ટેસ્ટના ત્રીજા દિવસે ઈજાગ્રસ્ત થયા બાદ પંત મેદાન છોડીને ચાલ્યો ગયો હતો. ટીમ ઈન્ડિયા 14 નવેમ્બરે દક્ષિણ આફ્રિકા સામે પહેલી ટેસ્ટ રમવાની છે. ભારત A અને દક્ષિણ આફ્રિકા A વચ્ચેની બિનસત્તાવાર ટેસ્ટ મેચ બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રમાઈ રહી છે. મેચના ત્રીજા દિવસે બેટિંગ કરતી વખતે, પંતને ત્શેપો મોરેકીની બોલિંગથી ત્રણ વાર બોલ વાગ્યો. દક્ષિણ આફ્રિકાના બોલરનો બોલ પણ પંતના હેલ્મેટમાં વાગ્યો. પંતના શરીર પર ત્રણ વાર વાગવાથી પંતને ઈજા થઈ હતી.



MLS ગોલ્ડન બૂટ વિજેતા // કોચ લિયોનેલ સ્કેલોનીએ ૨૪ સભ્યોની ટીમ જાહેર કરી, 3 નવા ખેલાડીઓને તક

## લિયોનેલ મેસ્સી અંગોલા સામેની ફ્રેન્ડલી મેચ માટે આર્જેન્ટિના ટીમમાં સામેલ

(એજન્સી) બ્યુનોસ આયર્સ । તા. 08

વિશ્વ ચેમ્પિયન આર્જેન્ટિનાની ફૂટબોલ ટીમ ૧૪ નવેમ્બરના રોજ લુઆન્ડામાં અંગોલા સામે રમાનારી ફ્રેન્ડલી મેચ માટે તૈયાર છે. મેનેજર લિયોનેલ સ્કેલોનીએ આ મેચ માટે ૨૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે, જેમાં કેપ્ટન લિયોનેલ મેસ્સી ટીમની આગેવાની કરશે. સમાચાર એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, આ ટીમમાં ત્રણ નવા યુવા ખેલાડીઓને પ્રથમ વખત સ્થાન મળ્યું છે. સ્કેલોનીએ બોલાવેલા ત્રણ નવા ખેલાડીઓમાં બેનફિકાના વિન્ગર જિયાનલુકા પ્રેસ્ટિઆન્ની, સ્ટ્રાસબર્ગના ફોરવર્ડ જોક્વિન પાનીચેલ્લી અને કોમોના મિડફિલ્ડર મેક્સિમો પેરોનનો સમાવેશ થાય છે. આ આંતરરાષ્ટ્રીય વિન્ડોમાં આર્જેન્ટિનાની આ એકમાત્ર ફ્રેન્ડલી મેચ હશે વર્લ્ડ કપ અને કોપા અમેરિકા ચેમ્પિયન ટીમમાં હંમેશની જેમ મેસ્સીની સાથે લાઉતારો માર્ટિનેઝ અને જુલિયન આલ્વારેઝ જેવા સ્ટ્રાઈકરો હુમલાની કમાન સંભાળશે. જોકે, ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝને પગની ઘૂંટીની ઈજાને કારણે આ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો છે. સ્કેલોની માટે આ મેચ ૨૦૨૬ FIFA વર્લ્ડ કપ પહેલા યુવા ખેલાડીઓ સાથે પ્રયોગ કરવાની છેલ્લી તકો પૈકીની એક હશે.

### મેસ્સીનો નવો રેકોર્ડ: આંતરરાષ્ટ્રીય આસિસ્ટમાં વિશ્વમાં નંબર વન

આર્જેન્ટિનાના મહાન ખેલાડી મેસ્સીએ તાજેતરમાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ગયા મહિને પ્યુઅર્ટો રિકો સામેની ફ્રેન્ડલી મેચમાં બે ગોલ માટે આસિસ્ટ કરીને, તેણે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાં કુલ ૬૦ આસિસ્ટ પૂરા કર્યા. આ સાથે, તેણે નેમાર અને લેન્ડન ડોનોવાન (બંને ૫૮ આસિસ્ટ)ને પાછળ છોડીને મેન્સ ઈન્ટરનેશનલ ફૂટબોલમાં સૌથી વધુ આસિસ્ટ આપનાર ખેલાડી બની ગયો છે. તેના પ્રોફેશનલ કરિયરમાં હવે તે ૪૦૦ આસિસ્ટના આંકડાથી માત્ર ત્રણ જ આસિસ્ટ દૂર છે.


પ્રોફેશનલ કરિયરમાં હવે તે ૪૦૦ આસિસ્ટના આંકડાથી માત્ર ત્રણ જ આસિસ્ટ દૂર છે

● ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝને પગની ઘૂંટીની ઈજાને કારણે આ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યો છે

**MLS ગોલ્ડન બૂટ વિજેતા...** આંતરરાષ્ટ્રીય સફળતાની સાથે, મેસ્સીએ ક્લબ ફૂટબોલમાં પણ દબદબો જાળવી રાખ્યો છે. તેણે ગયા મહિને તેની ઈન્ટર મિયામી સાથેની બીજી સંપૂર્ણ સિઝનમાં ૨૯ ગોલ કરીને ૨૦૨૫ MLS ગોલ્ડન બૂટ જીત્યો છે. ૨૪ ગોલ કરનાર એલએએફસીના ડેનિસ બોઆંગા અને નેશવિલ એસસીના સેમ સરીજને પાછળ છોડીને તે લીગનો ટોચનો સ્કોરર બન્યો. આ સન્માન મેળવનાર તે મિયામીનો પ્રથમ ખેલાડી અને ૨૦૨૧માં વેલેન્ટિન 'ટાટી' કાસ્ટેલાનોસ પછીનો પ્રથમ આર્જેન્ટિનાનો ખેલાડી છે.

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિના અધ્યક્ષ ક્રિસ્ટી કોવેન્ટ્રીનું મોટું નિવેદન

## ઓલિમ્પિકમાં ક્રિકેટની વાપસીથી ભારત અને આઈઓસી સંબંધો વધુ મજબૂત થશે: અધ્યક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)ના અધ્યક્ષ ક્રિસ્ટી કોવેન્ટ્રીએ શુક્રવારે જણાવ્યું હતું કે ઓલિમ્પિક કાર્યક્રમમાં ક્રિકેટની વાપસી થવાથી ભારત અને ઓલિમ્પિક ચળવળ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે લોસ એન્જલસ ઓલિમ્પિક ૨૦૨૮ માં ક્રિકેટનો સમાવેશ થવાથી ભારતીય પ્રેક્ષકોની રુચિમાં મોટો વધારો થશે.



### ૧૨૮ વર્ષ પછી ક્રિકેટનું પુનરાગમન

ક્રિસ્ટી કોવેન્ટ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'લોસ એન્જલસ ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટનું પુનરાગમન આ સંબંધને વધુ મજબૂત બનાવશે, જેનાથી રમતોનો જાદુ ભારતીય ચાહકોના દિલની વધુ નજીક પહોંચશે.' ઉલ્લેખનીય છે કે, ટી૨૦ ફોર્મેટમાં ક્રિકેટને ઓલિમ્પિકમાં સામેલ કરવામાં આવશે, જે ૧૨૮ વર્ષ પછી આ રમતની ઓલિમ્પિક કાર્યક્રમમાં વાપસી હશે.

**ભારતમાં મીડિયા પાર્ટનરની શોધ...**પૂર્વ તરવૈયા અને સાત વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા કોવેન્ટ્રીએ એ પણ માહિતી આપી હતી કે IOC હાલમાં ભારતમાં ઓલિમ્પિકના પ્રસારણ અધિકારો માટે યોગ્ય મીડિયા ભાગીદાર પસંદ કરવાની પ્રક્રિયામાં છે. તેમણે કહ્યું, 'ભારતમાં અમે હાલમાં મીડિયા અધિકારો માટે એક ખુલ્લી ટેન્ડર પ્રક્રિયા યોજી રહ્યા છીએ. અમારો હેતુ આ અસાધારણ દેશના દરેક ખૂણે ઓલિમ્પિક રમતોનો જાદુ પહોંચાડવા માટે યોગ્ય ભાગીદાર શોધવાનો છે.'

### શટડાઉનના કારણે સ્ટાફ મળી રહ્યો નથી, કર્મચારીઓ પગાર વિના કામ કરી રહ્યા છે

# અમેરિકામાં 40 એરપોર્ટ પર 1000થી વધુ ફ્લાઈટ કેન્સલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08


અમેરિકામાં ચાલી રહેલા લાંબા શટડાઉનની અસર હવે દેશની હવાઈ સેવાઓ પર જોવા મળી રહી છે. સરકારી ભંડોળના અભાવે ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) દ્વારા લેવાયેલા પગલાંને કારણે દેશભરમાં એક હજારથી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### ફ્લાઈટ કામગીરીમાં મોટો ઘટાડો

એવિએશન એનાલિટિક્સ કંપની સિરિયમના ડેટા અનુસાર, સાતમીથી નવમી નવેમ્બર દરમિયાન 1,700થી વધુ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. FAAના આદેશ મુજબ, પગાર ચૂકવવાને કારણે થતી નાણાકીય મુશ્કેલીને ધ્યાનમાં રાખીને અમેરિકાના 40 મુખ્ય એરપોર્ટ પર ડોમેસ્ટિક ફ્લાઈટ કામગીરીમાં શરૂઆતમાં 4 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જે મુખ્ય એરપોર્ટની સેવાઓ ખોરવાઈ છે તેમાં એટલાન્ટા, ડેનવર, નેવાર્ક, શિકાગો, હ્યુસ્ટન અને લોસ એન્જલસ જેવા મોટા શહેરોના એરપોર્ટનો સમાવેશ થાય છે.

### પગાર કાપ અને ભંડોળનો પ્રશ્ન

FAA અનુસાર, શટડાઉનને કારણે કર્મચારીઓને પગાર ચૂકવવામાં થતી નાણાકીય મુશ્કેલીને કારણે આ ઘટાડો લાગુ કરવો પડ્યો છે. FAAએ સ્પષ્ટતા કરી છે કે જો કોંગ્રેસ ભંડોળની ડીલ પર સંમત થવામાં નિષ્ફળ જશે, તો આવતા સપ્તાહમાં આ



પગાર કાપ વધારીને 10 ટકા સુધી કરવામાં આવી શકે છે. જો પરિસ્થિતિ યથાવત્ રહેશે તો, એરલાઈન્સને મંગળવારે (11મી નવેમ્બર) આ એરપોર્ટ પર તેમની 6 ટકા, ગુરુવારે (13મી નવેમ્બર) 8 ટકા અને આવતા શુક્રવારે (14મી નવેમ્બર) 10 ટકા ફ્લાઈટ્સ રદ કરવી પડી શકે છે.

હાલમાં અમેરિકામાં શટડાઉનનો 38મો દિવસ ચાલી રહ્યો છે, અને તે ધીમે ધીમે વિવિધ ક્ષેત્રોને અસર કરી રહ્યો છે. આ શટડાઉન અત્યાર સુધીનો સૌથી લાંબો શટડાઉન છે. અગાઉ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન 35 દિવસનો સૌથી લાંબો શટડાઉન નોંધાયો હતો.

FAAએ અગાઉ જણાવ્યું હતું કે, શટડાઉનને કારણે સ્ટાફની તીવ્ર અછત સર્જાઈ છે. હજારો એર ટ્રાફિક કંટ્રોલર્સ અને ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (TSA) નિરીક્ષકો પગાર વિના કામ કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સલામતીના ધોરણો જાળવવા માટે ફ્લાઈટ ઘટાડવાનું પગલું જરૂરી હતું.

### પ.આફ્રિકન દેશ માલીમાં આતંકીઓ દ્વારા પાંચ

## ભારતીયોના અપહરણથી પરિવારમાં ચિંતાનો માહોલ

(એજન્સી) આફ્રિકન । તા. 08

પશ્ચિમી આફ્રિકન દેશ માલીમાં અજાણ્યા બંદૂકધારીઓએ વીજળીકરણ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા પાંચ ભારતીય નાગરિકોનું અપહરણ કરતાં આફ્રિકામાં ભારતીયોની સુરક્ષા અંગે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કંપની અને સુરક્ષા સૂત્રોએ આ ઘટનાની પુષ્ટિ કરી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે ગુરુવારે કોબ્રી (Kobri) વિસ્તાર પાસે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું અને તેઓ માલીના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી પુરવઠા પ્રોજેક્ટ ચલાવતી કંપનીના કર્મચારી હતા.

કંપનીના પ્રતિનિધિએ પાંચ ભારતીય નાગરિકોના અપહરણની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે બાકીના કર્મચારીઓને રાજધાની બમાકો સુરક્ષિત પહોંચાડી દેવાયા છે. હાલમાં, કોઈ પણ જૂથે આ અપહરણની જવાબદારી લીધી નથી. માલીમાં હાલમાં સૈન્ય જુન્ટાની સત્તા છે, પરંતુ દેશ આતંકી હિંસા અને અશાંતિથી પીડાઈ રહ્યો છે. અહીં ઈસ્લામિક સ્ટેટ, અલ કાયદા, અને 'ગ્રુપ ફોર ધ સપોર્ટ ઓફ ઈસ્લામ એન્ડ મુસ્લિમ્સ (JNIM)' જેવા જિહાદી જૂથોનો પ્રભાવ છે, જેમાં JNIM લોકોને પરેશાન કરી રહ્યું છે.

#### સુદાનમાં ભારતીય કામદારનું અપહરણ

માલીની ઘટના બાદ, આફ્રિકામાં ભારતીય કામદારોની સુરક્ષા અંગે ચિંતા વધી છે, કારણ કે થોડા સમય પહેલાં જ સુદાનમાં ઓડિશાના આદર્શ બેહેરાનું અપહરણ થયું હતું. તેમને રેપિડ સપોર્ટ ફોર્સ (RSF) મિલિશિયાએ બંધક બનાવ્યા છે. એક વીડિયોમાં આદર્શ બે હથિયારબંધ સૈનિકો સાથે દેખાય છે, જેમાંથી એકે તેમને 'શાહરૂખ ખાનને જાણો છો?' તેવું પૂછ્યું હતું અને બીજાએ તેમને RSF પ્રમુખ 'મોહમ્મદ હામદાન ડગાલો (હેમેતી)'ના નામ પરથી 'ડગાલો ગુડ' કહેવા જણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રીફ

### Meta એ ફ્રોડ જાહેરાતો બતાવીને 1.44 લાખ કરોડની કમાણી કરી!




નવી દિલ્હી | ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાનો ઈન્ટર્નલ ડોક્યુમેન્ટ લીક થયો છે. લીક ડોક્યુમેન્ટ મુજબ કંપનીની કમાણીનો લગભગ દસમા ભાગનો હિસ્સો ફ્રોડ એડમાંથી આવ્યો છે. કંપનીની આવકનો દસમા ભાગનો હિસ્સો એટલે કે 16 અબજ ડોલર એટલે કે 1419 અબજ રુપિયા (1.44 લાખ કરોડ)ની આવક છેતરપિંડી આચરવા લોકોને સપડાવતી એડમાંથી આવ્યો છે. આનો ખુલાસો બીજે ક્યાંય નહીં પણ કંપનીના આંતરિક દસ્તાવેજમાંથી થયો છે. સોશિયલ મીડિયા કંપની કમસેકમ ત્રણ વર્ષ સુધી બનાવટી ઈ-કોમર્સ એડ, ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ અને ગેરકાયદેસર ઓનલાઈન કેસિનોની એડ રોકી શકી નથી. આ જાહેરાતોને ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર અબજો યુઝર્સ જોઈ છે.

### હવે ધનવાનો અને તંદુરસ્ત લોકો જ અમેરિકામાં પ્રવેશી શકશે

વોશિંગ્ટન | અમેરિકામાં આકરી બનેલી વિસા પોલીસી તથા ગ્રીનકાર્ડ સહિતના ઈમીગ્રાન્ટ માટે પણ હવે એક નાનો કાનૂન ભંગ અને ડિપોર્ટ થવાના અટકતા ભય વચ્ચે હવે આ દેશમાં વિસા પોલીસીમાં એક મહત્વના ફેરફારમાં ડાયાબીટીસ અને હૃદય સંબંધી બિમારી સાથેના અને ઓવરવેઈટ વધુ પડતા વજન ધરાવતા વ્યક્તિઓને પણ વિસા નહી આપવા નિર્ણય લીધો છે. પ્રી-એક્ઝીટીંગ અગાઉથી જ મૌજૂદ રોગોમાં પ્રથમ વખત ડાયાબીટીસ તથા હૃદય સંબંધી રોગોનો સમાવેશ કરાયો છે. ટ્રમ્પ શાસને આ માટે એક વિસ્તૃત માર્ગ રેખા ઈસ્યુ કરી છે. અમેરિકાના વિદેશ વિભાગે તેની તમામ દૂતાવાસ કચેરીના વિસા ડિપાર્ટમેન્ટને એક કેબલ મોકલીને વિસા નેગેટીવની યાદી વધુ વિસ્તૃત બનાવી છે.

### ઝોહરાન મમદાની સાથે આ ભારતવંશી શીખ નેતા પણ અમેરિકામાં છવાયા



યુએસ | ભારતીય મૂળ ઝોહરાન મમદાની અમેરિકાના ન્યૂયોર્ક શહેરના મેયર બનતાં જ વિશ્વભરમાં ચર્ચામાં આવ્યા છે. તેઓ તેમના પક્ષ ડેમોક્રેટમાં ચૂંટાઈ આવ્યા બાદથી ચર્ચામાં હતા. અમેરિકામાં ભારતીય મૂળના અન્ય એક શીખ નેતા સ્વર્ણજીત સિંહ ખાલસાએ પણ મોટી સફળતા હાંસલ કરી છે. તેઓ યુએસએના કનેક્ટિકટના શહેર નોર્વિચના મેયર પદે ચૂંટાયા છે. ખાલસાએ રિપબ્લિક ઉમેદવાર પીટર નેસ્ટ્રોમને હરાવ્યા હતા. નોર્વિચ શહેર માત્ર 10 પરિવારનું શહેર છે. તેમ છતાં ખાલસાની આ જીત મહત્ત્વની ગણાય છે. 40 વર્ષીય અમૃતધારી શીખ સ્વર્ણજીત સિંહ ખાલસા મૂળ રૂપે પંજાબના જલંધરના રહેવાસી છે.

### બહિષ્કાર : દક્ષિણ આફ્રિકામાં રંગભેદને કારણે બેઠકનો બહિષ્કાર કર્યાનો દાવો

# દક્ષિણ આફ્રિકાથી નારાજ ટ્રમ્પે G20 સમિટનો બહિષ્કાર કર્યો, કહ્યું- કોઈ અધિકારી ભાગ નહીં લે

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે જાહેરાત કરી કે, દક્ષિણ આફ્રિકામાં આ વર્ષે યોજાનારી જી20 શિખર સંમેલનમાં કોઈપણ અમેરિકન સરકારી અધિકારી ભાગ નહીં લે. તેમણે તેનું કારણ દક્ષિણ આફ્રિકન સરકાર દ્વારા શ્વેત ખેડૂતો (અફ્રીકાનર્સ) સાથે થતો કથિત દુર્વ્યવહાર જણાવ્યું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાતી જી-20 શિખર સંમેલનમાં કોઈપણ અમેરિકન સરકારી અધિકારી ભાગ નહીં લે. કારણ કે, દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડૂતો સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. જોકે, દક્ષિણ આફ્રિકન અધિકારીઓએ ટ્રમ્પના દાવાને નકારી દીધા છે.



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી કે, દક્ષિણ આફ્રિકામાં આ વર્ષે યોજાનારી જી20 શિખર સંમેલનમાં કોઈપણ અમેરિકન સરકારી અધિકારી ભાગ નહીં લે. તેમણે તેનું કારણ દક્ષિણ આફ્રિકન સરકાર દ્વારા શ્વેત ખેડૂતો (અફ્રીકાનર્સ) સાથે થતો કથિત દુર્વ્યવહાર હોવાનું જણાવ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, આ વર્ષે દક્ષિણ આફ્રિકામાં યોજાતી જી-20 શિખર સંમેલનમાં કોઈપણ અમેરિકન સરકારી અધિકારી ભાગ નહીં લે. કારણ કે, દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડૂતો સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. જોકે, દક્ષિણ આફ્રિકન અધિકારીઓએ ટ્રમ્પના દાવાને નકારી દીધા છે.

ટ્રમ્પે પહેલાં જાહેરાત કરી હતી કે, તે 22-23 નવેમ્બરે પ્રમુખ અને ઉભરતી અર્થવ્યવસ્થાઓના નેતાઓની બેઠકમાં ભાગ નહીં લે અને તેની બદલે ઉપપ્રમુખ જેડી વેન્સની સામેલ થવાની આશા હતી. જોકે, વેન્સની યોજનાઓથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું કે, વેન્સ હવે શિખર સંમેલન માટે દક્ષિણ આફ્રિકા નહીં જાય. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું, આ સંપૂર્ણ રીતે અપમાનજનક છે કે, જી-20 દક્ષિણ આફ્રિકામાં આયોજિત કરવામાં આવશે. તેમણે દક્ષિણ આફ્રિકા પર શ્વેત આફ્રિકન લોકો સાથે દુર્વ્યવહાર કરવાનો આરોપ લગાવ્યો, જેમાં જમીન પર કબ્જો અને હિંસક હુમલા સામેલ છે.

ટ્રમ્પ વહીવટી તંત્રએ દક્ષિણ આફ્રિકન સરકારની વારંવાર ટીકા કરી છે અને આરોપ લગાવ્યો કે, તે અલ્પસંખ્યક શ્વેત ખેડૂતો સામે ભેદભાવ અને હિંસાને પ્રોત્સાહન આપે છે. આ વર્ષની શરૂઆતમાં વહીવટી તંત્રએ જાહેરાત કરી હતી કે, તે પોતાના 7500 શરણાર્થીની વાર્ષિક સંખ્યામાં ભારે કાપ સાથે શ્વેત આફ્રિકનને પ્રાથમિકતા આપશે. આ દરમિયાન, દક્ષિણ આફ્રિકાના અધિકારીઓએ ટ્રમ્પના દાવાઓને નકારતા કહ્યું કે, રંગભેદના અંતના ત્રણ દાયકાથી વધુ સમય પછી, શ્વેત નાગરિકો મોટાભાગના કાળા દક્ષિણ આફ્રિકનો કરતાં વધુ સારું જીવનધોરણ ભોગવે છે. પ્રમુખ સિરિલ રામાફોસાએ કહ્યું કે, તેમણે ટ્રમ્પને કહ્યું હતું કે શ્વેત ખેડૂતો પર ઉત્પીડનના અહેવાલો સંપૂર્ણપણે ખોટા છે. રાજદ્વારી તણાવ છતાં, ટ્રમ્પ તેમની ટીકા પર અડગ રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, મિયામીમાં એક ભાષણમાં, તેમણે કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકાને G20 માંથી દૂર કરવું જોઈએ. ફેબ્રુઆરીમાં, રાજ્ય સચિવ માર્કો બિયોએ G20 વિદેશ મંત્રીઓની બેઠકનો બહિષ્કાર કર્યો હતો, જેમાં વિવિધતા, સમાવેશીતા અને આબોહવા પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરતા એજન્ડાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

### શિખર સંમેલનમાં નહીં જાય વેન્સ

ટ્રમ્પે પહેલાં જાહેરાત કરી હતી કે, તે 22-23 નવેમ્બરે પ્રમુખ અને ઉભરતી અર્થવ્યવસ્થાઓના નેતાઓની બેઠકમાં ભાગ નહીં લે અને તેની બદલે ઉપપ્રમુખ જેડી વેન્સની સામેલ થવાની આશા હતી. જોકે, વેન્સની યોજનાઓથી પરિચિત એક સૂત્રએ જણાવ્યું કે, વેન્સ હવે શિખર સંમેલન માટે દક્ષિણ આફ્રિકા નહીં જાય.

#### આફ્રિકન અધિકારીઓએ આરોપો નકાર્યા

આ દરમિયાન, દક્ષિણ આફ્રિકાના અધિકારીઓએ ટ્રમ્પના દાવાઓને નકારતા કહ્યું કે, રંગભેદના અંતના ત્રણ દાયકાથી વધુ સમય પછી, શ્વેત નાગરિકો મોટાભાગના કાળા દક્ષિણ આફ્રિકનો કરતાં વધુ સારું જીવનધોરણ ભોગવે છે. પ્રમુખ સિરિલ રામાફોસાએ કહ્યું કે, તેમણે ટ્રમ્પને કહ્યું હતું કે શ્વેત ખેડૂતો પર ઉત્પીડનના અહેવાલો સંપૂર્ણપણે ખોટા છે.

#### G20માંથી હાંકી કાઢવાની માંગણીઓ

રાજદ્વારી તણાવ છતાં, ટ્રમ્પ તેમની ટીકા પર અડગ રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, મિયામીમાં એક ભાષણમાં, તેમણે કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકાને G20 માંથી દૂર કરવું જોઈએ. ફેબ્રુઆરીમાં, રાજ્ય સચિવ માર્કો રુબિયોએ G20 વિદેશ મંત્રીઓની બેઠકનો બહિષ્કાર કર્યો હતો, જેમાં વિવિધતા, સમાવેશીતા અને આબોહવા પરિવર્તન પર ધ્યાન કેન્દ્રિત કરતા એજન્ડાનો વિરોધ કરવામાં આવ્યો હતો. વૈશ્વિક આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટેનું એક મુખ્ય મંચ, G20 સમિટ, નવેમ્બરના અંતમાં દક્ષિણ આફ્રિકાના જોહાન્સબર્ગમાં યોજાવાનું છે.

### સમુદ્રમાં અમેરિકાએ કોના પર કર્યો હુમલો?

## 60થી વધુ લોકો માર્યા ગયા, યુએન ભડક્યું



(એજન્સી) ન્યૂયોર્ક । તા. 08

દક્ષિણ અમેરિકાના દરિયાકાંઠે અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં અમેરિકા દ્વારા સપ્ટેમ્બરથી અત્યાર સુધીમાં ડ્રગ્સની હેરફેર સાથે સંકળાયેલી બોટ પર કરવામાં આવેલા 13 હવાઈ હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ ઘેરો બન્યો છે. આ હુમલાઓમાં 60થી વધુ લોકો માર્યા ગયા છે. અમેરિકાના સંરક્ષણ સચિવ પીટ હેગસેથ આ કાર્યવાહીને ડ્રગ્સ હેરફેર સામેના અભિયાનનો ભાગ ગણાવી રહ્યા છે, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર (UN) અને વેનેઝુએલાએ તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવીને સખત નિંદા કરી છે.

યુએસના આ હવાઈ હુમલાઓને UN અને વેનેઝુએલાની સરકારે ગેરકાયદે ગણાવ્યા છે. યુએન માનવાધિકાર વડા વોલ્કર ટર્કે જણાવ્યું હતું કે, 'દક્ષિણ અમેરિકાના દરિયાકાંઠે યુએસ હવાઈ હુમલાઓ અસ્વીકાર્ય છે અને તેને ગેરકાયદે હત્યા તરીકે જોવું જોઈએ.'

વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોએ યુએસ સામે આક્રમણ અને હત્યાનો આરોપ લગાવ્યો. તેમણે જણાવ્યું હતું કે, 'આ કાર્યવાહી રાજકીય હસ્તક્ષેપ અને શાસન પરિવર્તનના પ્રયાસનો ભાગ છે. ટ્રમ્પ વહીવટનો ઉદ્દેશ્ય સ્પષ્ટ છે. અમારા દેશમાં અસ્થિરતા ફેલાવવી અને શાસન પરિવર્તન માટે જમીન તૈયાર કરવી.' અમેરિકાએ આ હુમલાઓને ડ્રગ્સ વિરોધી મિશન તરીકે વર્ણવ્યા છે. યુએસ સંરક્ષણ સચિવ હેગસેથએ જણાવ્યું હતું કે, 'અમે ફક્ત એવા જહાજોને નિશાન બનાવ્યા હતા જે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં ગેરકાયદે પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા.' ટ્રમ્પ વહીવટીતંત્રનો દાવો છે કે હુમલો કરાયેલી બોટમાં કોકેન અને અન્ય ડ્રગ્સ અમેરિકા તરફ લઈ જવામાં આવી રહ્યા હતા. જો કે, અમેરિકાએ હજુ સુધી આ આરોપોને સમર્થન આપવા માટે કોઈ નક્કર પુરાવા જાહેર કર્યા નથી.

## 'શી જિનપિંગ અને વ્લાદિમીર પુતિન જેવા નેતાઓ...' ટ્રમ્પનું મોટું નિવેદન

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી કહ્યું છે કે, તેમની પાસે એટલા બધા પરમાણુ હથિયાર છે, જેનાથી તેઓ વિશ્વનો નાશ કરી શકે છે. તેમણે વ્હાઈટ હાઉસમાં પત્રકારોને સંબોધતા કહ્યું કે, 'વોશિંગ્ટન પાસે પહેલેથી જ પૂરતા પરમાણુ હથિયારો છે અને મારું અંતિમ લક્ષ્ય વિશ્વને પરમાણુ મુક્ત બનાવવાનું છે. મને લાગે છે કે પરમાણુ મુક્ત એક મહાન બાબત હશે. આપણે વિશ્વને 150 વખત ઉડાવી શકીએ છીએ. પરંતુ તેની કોઈ જરૂર નથી.'

ટ્રમ્પે પરમાણુ ક્ષમતાઓમાં અમેરિકાને પ્રથમ સ્થાને, ત્યારબાદ રશિયાને બીજા અને ચીનને ત્રીજા સ્થાને મૂક્યું હતું. તેમણે કહ્યું કે, 'શી જિનપિંગ અને વ્લાદિમીર પુતિન જેવા નેતાઓ હવે તેમના પૈસા અન્ય બાબતો પર ખર્ચવા માંગશે. અમે નંબર વન છીએ, રશિયા નંબર બે



અને ચીન નંબર ત્રણ છે, જે ઘણું પાછળ છે પણ તેઓ ચાર કે પાંચ વર્ષમાં આગળ આવી જશે. આની કોઈ જરૂર નથી. મેં રાષ્ટ્રપ્રમુખ પુતિન અને શી સાથે આ અંગે વાત કરી છે અને દરેક જણ તે બધા પૈસા અન્ય વસ્તુઓ પર ખર્ચવા માંગશે.'

આ નિવેદનો ટ્રમ્પે ગયા અઠવાડિયે આપેલા નિવેદન પછી આવ્યું છે. અગાઉના નિવેદનમાં તેમણે કહ્યું હતું કે, 'અમેરિકા પરમાણુ પરીક્ષણ ફરી શરૂ કરશે અને પેન્ટાગોનને હથિયારોના પરીક્ષણો ફરી શરૂ કરવાનો નિર્દેશ અપાયો છે. તમને ટૂંક સમયમાં ખબર પડશે.

### ટ્રમ્પ તંત્રનું નવું તરકટ,

## ફરી અમેરિકન વિઝાના નિયમો બદલ્યા

વોશિંગ્ટન | ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા બાદ વિઝા નિયમોમાં અનેકવાર ફેરફાર થઈ ચુક્યા છે, ત્યારે હવે ટ્રમ્પ વહીવટીતંત્રે ઈમિગ્રેશન નિયમોને વધુ કડક બનાવતા વિઝા નિયમોમાં ફરી ફેરફાર કર્યા છે. ટ્રમ્પ નવા નિર્દેશ મુજબ, અમેરિકામાં રહેવા માટે વિઝા અરજી કરનાર વિદેશી નાગરિકોને જો મેદસ્વીતા અથવા ડાયાબિટીસ જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓ હશે, તો તેમને વિઝા આપવાનો ઈનકાર કરવામાં આવી શકે છે. વોશિંગ્ટન મીડિયા રિપોર્ટ મુજબ, વિદેશ મંત્રાલય દ્વારા તમામ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સને વિઝા નિયમોમાં ફેરફારની વિગતો મોકલાઈ છે. તેમાં સ્પષ્ટ કહેવાયું છે કે, જો બીમાર લોકોને અમેરિકામાં પ્રવેશ આપવામાં આવશે, તો તેઓ જાહેર બોજ બની શકે છે, જેના કારણે અમેરિકન સંસાધનોને નુકસાન થઈ શકે છે.

## પાક. સેના પોતાના નાગરિકો સામે જ તોપો માંડે છે : ગામો ખાલી થઈ રહ્યાં છે

#### અંધાધૂંધ તોપમારાથી અનેક ઘરો નાશ પામ્યાં છે

(એજન્સી) પેશાવર । તા. 08

પાકિસ્તાન સેનાનો ત્રાસવાદીઓ વિરોધી કાર્યવાહી સામે ખૈબર-પખ્તુનવા પ્રાંત સ્થિત બિજૌર, લારાબાંદા, શાગી, કોસાર, જન્નતશાહ, ગાલોખાસ, ગૂરો અને આસપાસનાં વિસ્તારોમાં તેમજ બાજૌર તહેસીલમાં અનેક લોકો માર્ગો ઉપર આવી ગયા હતા અને પાકિસ્તાન સેનાના જુલ્મો સામે સરઘસો કાઢી નારાઓ લગાવ્યા હતા.

વિશ્વભરના સુશિક્ષિત દેશોમાં એક વણલખ્યો નિયમ છે કે, દેશની સેના કદી પોતાના દેશના નાગરિકો ઉપર કાર્યવાહી કરે નહીં. ભારતનું ઉદાહરણ લઈએ તો નકસલવાદીઓ કે ખૂંખાર ડાકુ વીરપ્પન સામે પણ કાર્યવાહી કરવાની સેનાએ 'ના' પાડતાં કહ્યું હતું કે, તેઓ અપરાધી છે પરંતુ દેશના નાગરિકો તો છે જ, તેમની સામે અમે કાર્યવાહી ન જ કરી શકીએ. જમ્મુ અને કાશ્મીરમાં તો પાકિસ્તાની ઘૂસણખોરો હોવાથી તેઓ વિદેશીઓ હોવાથી તેમની સામે અમે કાર્યવાહી કરી રહ્યા છીએ. પરંતુ પાકિસ્તાનને કોઈ સિદ્ધાંતો જ નથી. તેણે તો તેના જ દેશના નાગરિકો સામે અંધાધૂંધ તોપમારો જ શરૂ કરી દીધો છે.

ઈસ્લામાબાદ સ્થિત એક વર્તમાનપત્રે જણાવ્યું છે કે, સાહિબજાદા, હારૂન-અલ-રશીદના નેતૃત્વ નીચે બજૌર-અમન-જિર્ગાના કાર્યકરોએ પાકિસ્તાન સેનાની આ નૃશંસ કાર્યવાહીના વિરોધમાં કલાકો સુધી નેશનલ હાઈવે ઉપર ધરણાં કરી તે બંધ કરાવી દીધો હતો. કારણ કે બુધવારે રાત્રે પાકિસ્તાન સેનાએ કેટલાંએ ગામો ઉપર તોપમારો કરતાં લોકો ગભરાટના માર્યા ઘરની બહાર નીકળી ગયા હતા અને મોટી પર્વતીય શિલાઓની આડમાં છુપાઈ ગયા હતા.

**પગાર** 10 વર્ષમાં બે કરોડ ટેસ્લા, 10 લાખ રોબોટ વેચવા પડશે, ટેસ્લાની માર્કેટ કેપ ૮.૫ લાખ ડોલર સુધી લઈ જવી પડશે

# મસ્કનો પગાર વર્ષે અધધ એક લાખ કરોડ ડોલર

(એજન્સી) ઓસ્ટિન । તા. 08

દુનિયાના સૌથી ધનકૂબેર ઉદ્યોગપતિ અને ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કને અધધધ કહી શકાય તેટલું ૧ લાખ કરોડ ડોલરનું સેલેરી પેકેજ મળી શકે છે. દુનિયામાં કોઈપણ કંપનીના સીઈઓને અત્યાર સુધીમાં આટલું સેલેરી પેકેજ મળ્યું નથી. ટેક્સાસના ઓસ્ટિનમાં ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાની વાર્ષિક સામાન્ય બેઠકમાં ૭૫ ટકા શેરધારકોએ ઈલોન મસ્કને ૧ લાખ કરોડ ડોલરનું પેકેજ આપવાની દરખાસ્તને બહુમતીથી મંજૂરી આપી દીધી છે. જોકે, આ પેકેજ મસ્કને તાત્કાલિક મળવાનું નથી. ઈલોન મસ્ક કેટલીક શરતો પૂરી કરશે ત્યારે ૧૦ વર્ષમાં તેને મળનારા શૅર અને સ્ટોક સાથેનું પગાર પેકેજ ૧ ટ્રિલિયન ડોલરનું થશે. ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાના સીઈઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સના માલિક ઈલોન મસ્કનું સેલેરી પેકેજ સિંગાપોર, યુએઈ, હોંગકોંગ, કતાર, યુરોપના અનેક વિકસિત દેશો સહિત ૧૭૦ દેશોના જીડીપી કરતાં વધુ થઈ જાય છે. ઈલોન મસ્ક માટે ટેસ્લાના અંદાજે ૭૫ ટકા શેરધારકોએ બોનસ સાથે જે પગાર પેકેજને મંજૂરી આપી છે, પરંતુ મસ્ક આગામી ૧૦ વર્ષમાં કેટલાક સિમાચિહ્નો સરક કરશે ત્યારે તેને ૧૨ હપ્તામાં ટેસ્લાના શેર અને સ્ટોક સ્વરૂપે વાર્ષિક ૧ ટ્રિલિયન ડોલરનું પેકેજ મળી શકે છે.

ઈલોન મસ્ક ટેસ્લા છોડીને જાય નહીં તે માટે શૅરધારકોએ આ જંગી પેકેજ મંજૂર કર્યું છે. જોકે, ટેસ્લાના બોર્ડે મસ્કના પેકેજને એવી રીતે ડિઝાઈન કર્યું છે કે આગામી ૧૦ વર્ષમાં ટેસ્લાની



માર્કેટ કેપ ૮.૫ લાખ કરોડ ડોલર થાય તો મસ્કને એક લાખ કરોડ ડોલરનું સ્ટોક પેકેજ મળી શકે છે. હાલમાં ટેસ્લાની માર્કેટ કેપ ૧.૩૪ ટ્રિલિયન ડોલર છે. વધુમાં આગામી ૧૦ વર્ષમાં મસ્કે બે કરોડ ટેસ્લા કાર અને ૧૦ લાખ રોબોટનું વેચાણ કરવાનું રહેશે. સાથે મસ્કે કંપનીનું બજાર મૂલ્ય અને ઓપરેટિંગ નફો મોટાપાયે વધારવો પડશે. આ શરતો પૂરી થતાં મસ્કને ૧ લાખ કરોડ ડોલરનું પેકેજ મળી શકે છે.

ટેસ્લાના એક અધિકારીએ કંપનીની વાર્ષિક બેઠક અંગે ખુલાસો કરતા જણાવ્યું કે, ટેસ્લા એઆઈ અને રોબોટિક્સ અંગે ટેસ્લા ઝડપથી આગળ વધી રહી છે અને તેમાં ઈલોન મસ્ક સતત આગળ રહે તે માટે શેરધારકોએ તેમના માટે જંગી પેકેજ મંજૂર કર્યું છે. ટેસ્લાના બોર્ડના સભ્યોએ શૅરધારકોને સપ્ટેમ્બરમાં રજૂ કરેલા પગાર પેકેજને મંજૂરી આપવા ભલામણ કરી હતી જ્યારે અન્ય એક રિપોર્ટ મુજબ ટોપ પ્રોક્સી એડવાઈઝર ગ્લાસ લુઈસ અને આઈએસએસે તેના વિરુદ્ધ મતદાન કરવા શેરધારકોને ભલામણ કરી હતી.

## દ.લેબેનોનમાં ઈઝરાયેલના વ્યાપક હુમલા હીઝબુલ્લાહના લશ્કરી થાણાઓનો સફાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ઈરાનનું પીઠબળ પામેલા આતંકી જૂથ હીઝબુલ્લાહે દક્ષિણ લેબેનોનમાં લશ્કરી દ્રષ્ટિએ મહત્વનાં તેવા બાંધકામો ઉપર ગઈકાલે (ગુરુવારે) વ્યાપક હવાઈ હુમલા કરી તે બાંધકામો તોડી ફોડી નાખ્યા હતાં આથી હીઝબુલ્લાહની બાંધકામ પ્રવૃત્તિ અટકી ગઈ છે.

આ હુમલા કરતાં પૂર્વે ઈઝરાયલે આતંકી મથકો નજીક આવેલા તૈબેહ, તાયીર ડેબ્બા અને આયાત-અલ-જબર ગામોના રહેવાસીઓને તે ગામો છોડી ગામથી ઓછામાં ઓછા ૫૦૦ મીટર દૂર ચાલ્યા જવા જણાવ્યું હતું. આ ચેતવણી કર્નલ અવિચ્ચે ખદ્દાઈએ અરબી ભાષામાં આપી હતી.

આ અધિકારીએ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, એવી અફવા ચાલી રહી છે કે, ઈઝરાયલે ગામોના ગામો ખાલી કરાવ્યા છે, પરંતુ તે અફવા સાચી નથી અમે માત્ર હીઝબુલ્લાહનાં લશ્કરી થાણાઓ નજીક આવેલા ગામોના નિવાસીઓને ઘર છોડી ૫૦૦ મીટર દૂર રહેવા જણાવ્યું છે.

આ સાથે તેઓએ દાવો કર્યો હતો કે, હીઝબુલ્લાહે જ પહેલા યુદ્ધ વિરામ ભંગ કર્યો હોવાથી તેને શિક્ષા કરવા અમારે આ પગલું ભરવું પડયું છે.

ઈઝરાયલના આ હુમલાને લીધે એક જણનું મૃત્યું થયું હતું. કેટલાક ઘાયલ પણ થયા હતા. જોકે ઘાયલોનો સાચો આંક અને મૃતકોનો સાચો આંક તો પછીથી જાણવા મળશે. ઈઝરાયલ સેનાના કર્નલ ખદ્રાઈએ વધુમાં કહ્યું હતું કે, હીઝબુલ્લાહ જો હુમલા કરશે તો તેમને વળતો ખતરનાક જવાબ અપાશે. દરમિયાન, કીરીયાત શ્મોના નામક નગરની મ્યુનિસિપાલિટીએ કહ્યું હતું કે, તે ઉપરાંત ગેલીલી અને નોર્ધન મોલન હાઈટ્સ ઉપર પણ વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા.

# News Brief

## સુપ્રીમમાં ૧૧ નવેમ્બરે સમગ્ર દેશમાં એસઆઈઆર અંગે સુનાવણી





નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સમગ્ર ભારતમાં મતદાર યાદીનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) કરાવવાનાં ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર ૧૧ નવેમ્બરે સુનાવણી કરવા સંમતિ દર્શાવી છે. બિન સરકારી સંગઠન એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ વતી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણે જણાવ્યું હતું કે આ મુદ્દો લોકશાહીનાં મૂળ સુધી જાય છે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્યા બાગચાની ખંડપીઠે જણાવ્યું હતું કે તે ૧૧ નવેમ્બરે આ અરજીઓ પર સુનાવણી કરશે.ખંડપીઠે જણાવ્યું હતું કે ૧૧ નવેમ્બરે અન્ય મહત્ત્વપૂર્ણ કેસોની સુનાવણી હોવા છતાં તે એસઆઈઆરની અરજીઓની સુનાવણી કરવાનાં પ્રયત્નો કરશે. ભૂષણે જણાવ્યું હતું કે કેસની સુનાવણી એટલા માટે જરૂરી છે કારણકે વિભિન્ન રાજ્યોમાં એસઆઈઆરની પ્રક્રિયા શરૃ થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટ બિહારમાં એસઆઈઆર કરાવવાનાં ચૂંટણી પંચનાં નિર્ણયની કાયદેસરતાને પડકારતી અરજીઓ અગાઉથી જ સુનાવણી કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે ૧૬ ઓક્ટોબરે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે બિહારમાં મતદાર યાદીનું એસઆઈઆર સચોટ છે. ચૂંટણી પંચે આરોપ મૂક્યો હતો કે અરજી કરનાર રાજકીય પક્ષ અને બિન સરકારી સંગઠન આ પ્રક્રિયાને ફક્ત બદનામ કરવા માટે જૂઠા આક્ષેપો કરી રહ્યાં છે. ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે અંતિમ મતદાર યાદીના પ્રકાશન પછી એક પણ મતદારે નામ કમી કરવા સામે અપીલ દાખલ કરી નથી.

## ભારતીય સુરક્ષા એજન્સીઓની યાદીમાં ડોન દાઉદ ઈબ્રાહિમના આ રહ્યા 23 નામો, પોતાનું નામ બદલી દુનિયાની આંખમાં નાંખી રહ્યો છે ધૂળ

(એજન્સી) નવી દિલ્હી | તા 08

નામચીન ડોન દાઉદ ઈબ્રાહિમ ઘણા વર્ષોથી ભારતીય સુરક્ષા એજન્સીઓના હિટ લિસ્ટમાં રહ્યો છે. મુંબઈ બોમ્બ વિસ્ફોટ પછી, દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાન ભાગી ગયો. તે વારંવાર નામ બદલે છે અને હાલમાં તે પાકિસ્તાનમાં ISI અને સેના દ્વારા દેખરેખ હેઠળ છે. નામચીન ડોન દાઉદ ઈબ્રાહિમ ઘણા વર્ષોથી ભારતીય સુરક્ષા એજન્સીઓના હિટ લિસ્ટમાં રહ્યો છે. મુંબઈ બોમ્બ વિસ્ફોટ પછી, દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાન ભાગી ગયો. તે વારંવાર નામ બદલે છે અને હાલમાં તે પાકિસ્તાનમાં ISI અને સેના દ્વારા દેખરેખ હેઠળ છે. ભારતીય એજન્સીઓએ તેને તેમની આતંકવાદી યાદીમાં ચોથા નંબરે રાખ્યો છે. ભારતીય એજન્સીઓ અનુસાર, દાઉદ પોતાનું નામ બદલતો રહે છે. તેના આતંકવાદીઓની યાદીમાં ઘણા નામો દેખાય છે, જેમાં દાઉદ ઈબ્રાહિમ કાસકર, દાઉદ હસન શેખ કાસકર, દાઉદ ભાઈ, ...બાબા પટેલ, દાઉદ ઈબ્રાહિમ, શેખ



દાઉદ હસન, અબ્દુલ હમીદ અબ્દુલ અઝીઝ, અનીસ ઈબ્રાહિમ, અઝીઝ દિલીપ, દાઉદ હસન શેખ ઈબ્રાહિમ કાસકર, દાઉદ ઈબ્રાહિમ મેમણ કાસકર, દાઉદ હસન ઈબ્રાહિમ કાસકર, દાઉદ ઈબ્રાહિમ મેમણ, કાસકર દાઉદ હસન, શેખ મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ રહેમાન, દાઉદ હસન શેખ ઈબ્રાહિમ, દાઉદ ભાઈ લો ક્વોલિટી, ઈબ્રાહિમ શેખ મોહમ્મદ અનીસ, શેખ ઈસ્માઈલ અબ્દુલ, શેખ ફારૂકી અને ઈકબાલ ભાઈનો સમાવેશ થાય છે. ભારતીય સુરક્ષા એજન્સીઓની યાદીમાં ટોચનું નામ મસૂદ અઝહર છે. તેના પણ ત્રણ નામ છે. હાફિઝ સઈદ બીજા ક્રમે છે, અને તેના પણ અનેક નામ છે. લખવી ત્રીજા, દાઉદ ચોથા ક્રમે છે તો વાધવા સિંહ બબ્બર પાંચમા, લખબીર સિંહ છઠ્ઠા, રણજીત સિંહ સાતમા, પરમજીત સિંહ આઠમા, ભૂપિંદર સિંહ ભિંડા નવમા અને ગુરમીત સિંહ બગ્ગા દસમા ક્રમે છે. ગુરપતવંત સિંહ પન્નુ 11મા ક્રમે છે અને નિજ્જર 12મા ક્રમે છે. પાકિસ્તાન એકમાત્ર એવો દેશ છે જ્યાં સરકાર અને સૈન્ય ખુલ્લેઆમ આતંકવાદીઓને સમર્થન આપે છે. તેમના માટે અનેક પાસપોર્ટ જારી કરવામાં આવે છે. પાકિસ્તાની સેના પોતે જ તેમની સુરક્ષા માટે તૈનાત છે. ISI સતત નજર રાખે છે કે ભારત આ કિંમતી આતંકવાદીઓને મારી ન નાખે. આ જ કારણ છે કે, આ આતંકવાદીઓ દ્વારા ઉભા થયેલા ખતરા ને ધ્યાનમાં રાખીને, સરકારી દસ્તાવેજો અલગ અલગ નામથી બનાવવામાં આવે છે. વધુમાં, અન્ય દેશોને ગેરમાર્ગે દોરવા માટે, પાકિસ્તાન આ આતંકવાદીઓના નામ બદલી નાખે છે અને દાવો કરે છે કે તેમાં કોઈ આતંકવાદી નથી. તે આતંકવાદીનું નામ અલગ છે, અને બનાવટી દસ્તાવેજો રજૂ કરીને, તે સાબિત કરે છે કે તે પોતે દાઉદ ઈબ્રાહિમ નથી, પરંતુ અઝીઝ દિલીપ છે. તે જ વાત અન્ય આતંકવાદીઓ પર પણ લાગુ પડે છે. આ કારણોસર, ભારતે હવે પાકિસ્તાનમાં સ્થિત આ આતંકવાદીઓ સામે કાર્યવાહી શરૂ કરી છે.

### દેશના ઈતિહાસના એક ઐતિહાસિક અને આઘાતજનક આર્થિક નિર્ણય

# નોટબંધીના 9 વર્ષ પૂરાં, 1000 રૂપિયાની નોટ લોકો ભૂલ્યાં! 2000ની નોટ આવી અને જતી પણ રહી

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દેશના ઈતિહાસના એક ઐતિહાસિક અને આઘાતજનક આર્થિક નિર્ણય, નોટબંધીને નવ વર્ષ પૂર્ણ થયા છે. 8 નવેમ્બર, 2016ના દિવસે રાત્રે 8 વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક રાષ્ટ્રજોગ સંબોધન કરીને 500 અને 1000 રૂપિયાની નોટોને તાત્કાલિક અસરથી બંધ કરવાની જાહેરાત કરી હતી, જેનાથી સમગ્ર દેશ ચોંકી ગયો હતો.

નોટબંધીના આ નિર્ણયે દેશની અર્થવ્યવસ્થા, બજાર અને સામાન્ય માણસથી લઈને ખાસ વ્યક્તિ સુધીના જીવનને હચમચાવી દીધું હતું. સિસ્ટમમાં રોકડની તીવ્ર અછત થતા, લોકોને ઝડપથી રાહત આપવા માટે RBI દ્વારા પ્રથમ વખત 2000ની નોટ જાહેર કરવામાં આવી હતી. જોકે, આ ત્યાર બાદ પણ મહિનાઓ સુધી લોકો રોકડ મેળવવા માટે બેન્ક અને ATMની બહાર કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા મજબૂર હતા.

10 નવેમ્બર 2016ના રોજ 500 રૂપિયાની નવી નોટ અને વર્ષ 2017માં 200 રૂપિયાની નવી નોટ જાહેર કરવામાં



આવી હતી. મે, 2023માં RBI એ 2000ની નોટને ચલણમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી, પરંતુ તે હજુ પણ તે હજુ સુધી લીગલ ટેન્ડર તરીકે (Legal Tender) માન્ય છે.સરકારનો મુખ્ય દાવો હતો કે, નોટબંધીનો હેતુ કાળા નાણાં, આતંકવાદના ફંડિંગ અને નકલી ચલણ પર લગામ લગાવવાનો છે. જોકે, આંકડાઓ દર્શાવે છે કે બંધ કરાયેલા આશરે રૂ. 15.44 લાખ કરોડમાંથી રૂ. 15.31 લાખ કરોડ બેન્કિંગ સિસ્ટમમાં પાછા ફર્યા હતા, એટલે કે 99% થી વધુ નાણાં 'સફેદ' બની ગયા. નકલી નોટોનું પ્રમાણ ઘટ્યું, પણ સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી.જો નોટબંધીની કોઈ સૌથી મોટી અને સકારાત્મક ઉપલબ્ધિ હોય, તો તે દેશમાં આવેલી ડિજિટલ પેમેન્ટની ક્રાંતિ છે. Paytm, PhonePe, Google Pay જેવી UPI એપ્સે ગામડે-ગામડે લેવડ-દેવડની રીત બદલી નાખી. આજે UPI દ્વારા રોજના લગભગ 14 કરોડથી વધુ ટ્રાન્ઝેક્શન થાય છે, જે 2016ની તુલનામાં 1000 ગણાથી પણ વધુ છે. નોટબંધી દરમિયાન રોકડની અછતના કારણે નાના દુકાનદારોથી લઈને શાકભાજી વેચનારાઓ સુધી તમામ વર્ગોમાં QR કોડ દ્વારા પેમેન્ટ ઝડપથી લોકપ્રિય થયું. નોટબંધીના કારણે નાના ઉદ્યોગો, રોકડ-આધારિત સેક્ટર અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને મોટો આંચકો લાગ્યો હતો. નાના ઉદ્યોગોને પાટા પર આવતા ઘણા વર્ષો લાગ્યા. જાણકારો માને છે કે નોટબંધીને કારણે GDPમાં પણ ઘટાડો નોંધાયો હતો. કાળું નાણું ખતમ થયું કે નહીં, તે મુદ્દે રાજકીય ઘમસાણ હજુ પણ શરૂ છે.

## નાણા ખર્ચવાના ટાસ્કમાં AI નિષ્ફળ! માઈક્રોસોફ્ટે ફેક પૈસા આપ્યા તો એણે કૌભાંડ પાછળ ખર્ચ્યાં!

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દુનિયાભરમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ-એઆઈ એજન્ટ્સ-દ્વારા કામ કરાવવાનો મોહ વધતો જાય છે તેની સામે લાલ બત્તી સમાન પરિણામો માઈક્રોસોફ્ટ કંપનીને ઓનલાઈન શોપિંગ વિશના તેના એક પ્રયોગ દરમ્યાન મળ્યા છે. પરિણામે અભ્યાસના અંતે માઈક્રોસોફ્ટે તારણ કાઢ્યુ છે કે શોપિંગ કરવામાં એઆઈ એજન્ટ્સે માણસને નિર્ણય લેવામાં સહાય કરવી જોઈએ તેનું સ્થાન ન લેવું જોઈએ.માઈક્રોસોફ્ટે હજારો એઆઈ એજન્ટ્સ ખરીદદાર અને વેચનાર તરીકે કામ કરતાં હોય એવી સિમ્યુલેટેડ ઈકોનોમી રચી તેમાં એઆઈ એજન્ટ્સની ભૂમિકા પર નજર રાખતાં આ એઆઈ એજન્ટ્સ માણસ દ્વારા કરવામાં આવતી સામાન્ય કામગીરી કરવામાં પણ નિષ્ફળ નીવડયા હતા એટલું જ નહીં તેઓ ધાર્યા પરિણામ મેળવવા અયોગ્ય વ્યૂહો અપનાવતાં પણ જોવા મળ્યા હતા. મેગ્નેટિક માર્કેટપ્લેસ રિસર્ચ કંપનીના સંશોધનના પરિણામોને એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના સહયોગથી જારી કરવામાં આવ્યા હતા. આ સંશોધનમાં ગ્રાહકો વતી સો એઆઈ એજન્ટ્સને ડિનર ઓર્ડર કરવાની અને તેની સામે આ ઓર્ડર ઝડપી લેવા બિઝનેસ ગૃહ વતી 300 એઆઈ એઆઈ એજન્ટ્સને તહેનાત કરવામાં આવ્યા હતા. જ્યારે સો સર્ચ રિઝલ્ટ્સ અગ્રણી કંપનીઓના એઆઈ મોડેલ્સને ફીડ કરવામાં આવ્યા ત્યારે આ એઆઈ મોડેલ્સને તેમના વેલ્ફેર સ્કોરને જાળવવાના ફાંફાં પડી ગયા હતા.

# દિલ્હી એરપોર્ટ પર 800થી વધુ ફ્લાઈટ્સ ખોટકાઈ

નવી દિલ્હી: દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટમાંના એક દિલ્હી એરપોર્ટ પર શુક્રવારે સવારથી જ એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ખામી સર્જાતા ૮૦૦થી વધુ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ વિલંબમાં મૂકાઈ હતી તથા ૨૦ જેટલી ફ્લાઈટ્સ રદ કરાઈ હતી, જેને કારણે હજારો પ્રવાસીઓ અટવાઈ ગયા હતા. એટીસીમાં ખામીથી એરપોર્ટ પર બધી જ એરલાઈન્સની ફ્લાઈટ્સના શેડ્યુલ ખોરવાઈ ગયા હતા. એરપોર્ટ પર અધિકારીઓ હજુ પણ ખામી સુધારવા પર કામ કરી રહ્યા છે. બીજી બાજુ સાયબર હુમલાના કારણે એટીસીમાં ખામી થઈ હોવાના દાવા વચ્ચે ડીજીસીએએ આ અંગે તપાસ શરૂ કરી છે ત્યારે આઈટી મંત્રાલયે સાયબર હુમલાના દાવા નકારી કાઢ્યા હતા.દેશના સૌથી વ્યસ્ત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દૈનિક ૧૫૦૦થી વધુ ફ્લાઈટ્સની મુવમેન્ટ્સ હોય છે તેવા સમયે ઈન્ડિગો, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, સ્પાઈસ જેટ અને અકાસા એરની ફ્લાઈટ્સ વિલંબમાં મુકાઈ હતી. ફ્લાઈટ્સના ટ્રેકિંગ પર નજર રાખતી વેબસાઈટ ફ્લાઈટ રડાર૨૪.કોમ પર ઉપલબ્ધ માહિતી મુજબ દિલ્હી એરપોર્ટ પર ૮૦૦થી વધુ ફ્લાઈટ્સ વિલંબમાં મુકાઈ છે અને ફ્લાઈટ્સ ૫૦ મિનિટના વિલંબથી ચાલી રહી છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ)એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સવારે ૧૦.૦૮ કલાકે જણાવ્યું હતું કે, દિલ્હી એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ ડેટાને મદદ કરતી ઓટોમેટિક મેસેજ સ્વિચિંગ સિસ્ટમ (એએમએસએસ)માં ટેકનિકલ ખામી સર્જાવાના કારણે ફ્લાઈટ્સના ઉડ્ડયન વિલંબમાં મૂકાયા છે.

### પર્સનલ લો વિશેષ કાયદાઓ કરતા મોટો નથી

## સગીરા સાથે નિકાહ બાદ પણ સંબંધ બાંધવો પોક્સો મુજબ રેપ : હાઈકોર્ટ

ચંડીગઢ: પંજાબ-હરિયાણા હાઈકોર્ટે પોક્સો અને પર્સનલ લો વચ્ચેના ટકરાવને લઈને એક મહત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે ૧૮ વર્ષથી ઓછી વયની સગીરા સાથે લગ્ન બાદ પણ બાંધેલા શારીરિક સંબંધ પોક્સો કાયદા મુજબ બળાત્કાર જ ગણવામાં આવશે. એક મુસ્લિમ સગીરાની સુરક્ષાની માગ કરતી અરજીની સુનાવણી પર આ સ્પષ્ટતા કરાઈ હતી. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે પર્સનલ લો ક્યારેય વિશેષ કાયદાથી મોટો ના ગણી શકાય. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે ધાર્મિક કે વ્યક્તિગત કાયદાની માન્યતા જે હોય તે, સગીરાની સંમતિ હોય કે ના હોય, પરિણીત હોય તો પણ જો તેની સાથે શારીરિક સંબંધ બાંધવામાં આવે તો તેને પોક્સો કાયદા હેઠળ બળાત્કાર ગણવામાં આવે છે. પંજાબના હોશિયારપુરની ૧૭ વર્ષીય મુસ્લિમ સગીરા અને તેના પતિએ પરિવારની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરી દીધા હતા. બાદમાં પરિવારથી ખતરો હોવાનો દાવો કરીને હાઈકોર્ટ પાસે સુરક્ષાની માગણી કરી હતી.અરજદાર સગીરાએ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે મારા માતા-પિતાથી અમને ખતરો છે, મુસ્લિમ પર્સનલ લો મુજબ એક યુવતીને યુવાની બાદ નિકાહ કરવાનો અધિકાર છે જે માટેની વય મર્યાદા ૧૫ વર્ષ આસપાસ માનવામાં આવે છે. બાદમાં ન્યાયાધીશ સુભાષ મેહતાની બેંચે આ દલીલોને ફગાવી હતી અને સ્પષ્ટતા કરી હતી કે આ મામલામાં ત્રણ કાયદાઓને અસર થઈ રહી છે જેમાં પર્સનલ લો, બાળ લગ્ન નાબુદી કાયદો અને પોક્સો કાયદો. વિશેષ કાયદાઓની વચ્ચે પર્સનલ લો ના આવી શકે.

### મૃતક ધરમ સિંહ કોરી ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ પણ હતા

## ઉત્તર પ્રદેશમાં ભાજપ નેતાની ગોળી મારી હત્યા, બદમાશોએ ઘરમાં ઘૂસીને મોતને ઘાટ ઉતાર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 08

ભાજપના અંબેહટા મંડલ ઉપાધ્યક્ષની શુક્રવારે (7 નવેમ્બર) મોડી રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ઘટના બાદ વિસ્તારમાં ચકચારી મચી ગઈ છે. મૃતકની ઓળખ 65 વર્ષીય ધરમ સિંહ કોરી તરીકે થઈ છે, જેઓ ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ પણ હતા. મૃતકના દીકરા અને ભાજપના અનુસૂચિત મોરચાના મંડળ અધ્યક્ષ સુશીલ કોરીએ જણાવ્યું કે, તેમના પિતા ધરમ સિંહ કોરી રાત્રે સમયે ગામ ટિડૌલી સ્થિત પોતાના ઘરે સૂતા હતા. સવારે જ્યારે તેમની પત્ની સુનીતાબેને ઘરમાં જોયું તો ખાટલા પાસે લોહી વહેતું હતું.



તેમણે બૂમાબૂમ કરતાં પરિવારના અન્ય સભ્યો ત્યાં દોડી આવ્યા અને જોયું તો ધરમ સિંહ કોરીના માથામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકના મોટા દીકરાએ જણાવ્યું કે, રાત્રે લગભગ 2:00 વાગ્યે તેમને શ્વાનના ભસવાનો અવાજ અને ફટાકડા જેવો અવાજ આવ્યો હતો. ગામમાં તે સમયે બે લગ્ન હોવાથી આતિશબાજી થઈ રહી હશે એમ સમજીને પરિવારજનો ઘરમાં જ સૂતા રહ્યા હતા. સવારે ઘરે પહોંચ્યા બાદ હત્યાની ઘટનાની જાણ થઈ.ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અજાણ્યા હુમલાખોરો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી ચાલશે, કેન્દ્રિય મંત્રી કિરેન રિજિજુએ કરી જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા 08

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી ચાલશે. કિરેન રિજિજુ મોદી સરકારમાં સંસદીય બાબતોના મંત્રી છે. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સંસદના શિયાળુ સત્રને મંજૂરી આપી છે.કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી છે કે સંસદનું શિયાળુ સત્ર 1 ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી ચાલશે. કિરેન રિજિજુ મોદી સરકારમાં સંસદીય બાબતોના મંત્રી છે. તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ સંસદના શિયાળુ સત્રને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, "અમે લોકશાહીને મજબૂત બનાવતા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરતા ઉત્પાદક સત્રની આશા રાખીએ છીએ." ઉલ્લેખનિય છે કે સંસદનું ચોમાસુ સત્ર 21 જુલાઈથી 21 ઓગસ્ટ સુધી ચાલ્યું. રાજ્યસભાના તત્કાલીન અધ્યક્ષ જગદીપ ધનખડે આ સત્રના પહેલા જ દિવસે રાજીનામું આપી દીધું હતું. પાછલું સત્ર SIR અને ઓપરેશન સિંદૂર મુદ્દાઓ પર હોબાળાથી પ્રભાવિત થયું હતું.

### ચૂંટણીમાં NDA બિહારની 243 બેઠકોમાંથી 160થી વધુ બેઠકો પર જીત મેળવશે

## 'ચૂંટણી બાદ નીતિશ કુમાર જ મુખ્યમંત્રી બનશે..', ભાજપના કદાવર નેતાએ મુંઝવણ દૂર કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 08

બિહાર વિધાનસભા ચૂંટણી 2025માં NDAના મુખ્યમંત્રી પદના ચહેરાને લઈને ઊભા થઈ રહેલા સવાલો વચ્ચે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે તમામ ગૂંચવણો દૂર કરી દીધી છે. શુક્રવારે (7 નવેમ્બર) રાજનાથ સિંહે સ્પષ્ટતા કરી કે, ચૂંટણી પછી પણ નીતિશ કુમાર જ બિહારના મુખ્યમંત્રી બનશે.તેમણે દાવો કર્યો હતો કે, આ ચૂંટણીમાં NDA બિહારની 243 બેઠકોમાંથી 160થી વધુ બેઠકો પર જીત મેળવશે. ઉલ્લેખનીય છે કે, મહાગઠબંધન દ્વારા તેજસ્વી યાદવને મુખ્યમંત્રી ઉમેદવાર જાહેર કર્યા બાદ વિપક્ષ NDAના મુખ્યમંત્રીના ચહેરાની સત્તાવાર જાહેરાત માટે સતત માંગ કરી રહ્યો હતો.એક ઈન્ટરવ્યુમાં રાજનાથ સિંહે મુખ્યમંત્રીના ચહેરાના સવાલનો જવાબ આપતા કહ્યું કે, NDA નીતિશ કુમારના નેતૃત્વમાં જ ચૂંટણી લડી રહ્યું છે. સ્વાભાવિક છે કે ચૂંટણી પછી પણ તેઓ જ મુખ્યમંત્રી હશે. NDAની રેલીઓમાં જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તેના પરથી નિશ્ચિતપણે લાગે છે કે ગઠબંધનને બે-તૃતિયાંશ બહુમતી મળશે. મહિલાઓને વિશ્વાસ છે કે નીતિશ કુમારના શાસનમાં (RJDના શાસનથી વિપરીત) કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે છે.

ભાજપ અને ચિરાગ પાસવાનના પક્ષ LJP (રામવિલાસ)માંથી એક-એક નાયબ મુખ્યમંત્રી હશે તેવા અટકળો પર તેમણે કહ્યું કે, ભવિષ્યમાં જે કંઈ પણ નક્કી થશે, તે સર્વસંમતિથી નક્કી કરવામાં આવશે. તેમજ તેમણે કહ્યું કે, ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત બિહાર ચૂંટણી પછી થઈ શકે છે.આ સિવાય રાજનાથ સિંહે બિહારની ચૂંટણીમાં પ્રશાંત કિશોરના 'જન સુરાજ' પક્ષના પ્રભાવને નકાર્યો અને દાવો કર્યો કે આ પક્ષ એક પણ બેઠક જીતી શકશે નહીં.

## જમ્મુ-કાશ્મીરના કૂપવાડામાં એન્કાઉન્ટર, ભારતીય જવાનોએ બે આતંકીઓને ઠાર માર્યા

(એજન્સી) જમ્મુ | તા 08

જમ્મુ-કાશ્મીરના કૂપવાડાના કેરન સેક્ટરમાં ભારતીય જવાનો અને આતંકીઓ વચ્ચે જોરદાર અથડામણ સર્જાઈ હતી જેમાં બે આતંકીઓ ઠાર મરાયાના અહેવાલ સામે આવયા છે. 7 નવેમ્બરે ગુપ્તચર એજન્સીઓના રિપોર્ટના આધારે



કૂપવાડાના કેરન સેક્ટરમાં એક સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું હતું. માહિતી અનુસાર એલર્ટ સૈનિકોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. આ દરમિયાન આતંકીઓની શંકાસ્પદ પ્રવૃત્તિઓનો ઈશારો મળતાં ગોળીબાર શરૂ થયો હતો. જેમાં બે આતંકીઓ ઠાર મરાયા હતા. હજુ પણ વિસ્તારમાં ઘણા આતંકીઓ એક્ટિવ હોવાની જાણકારી મળી રહી છે અને અથડામણની સ્થિતિ હજુ યથાવત્ છે.

### એરલાઈન ઈન્ડિગો : થોડા કલાકોમાં કામગીરી સામાન્ય થવાની આશા

## ટેક્નિકલ ખામીને કારણે ફ્લાઈટ્સના સંચાલનને અસર, ઈન્ડિગોએ મુસાફરો માટે જાહેર કરી ટ્રાવેલ એડવાઈઝરી

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ શનિવારે ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. ઈન્ડિગોએ માહિતી આપી કે એરપોર્ટ સંચાલક અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) ટીમ પ્રાથમિકતાના ધોરણે સિસ્ટમને સંપૂર્ણપણે પુન:સ્થાપિત કરવા અને સંચાલનને સ્થિર કરવા માટે કામ કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આ ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી. કંપનીએ સ્વીકાર કર્યો કે ટેક્નિકલ ખામીને કારણે ઘણી ફ્લાઈટ લેઈટ તેમજ કેન્સલ થઈ રહી છે, તેમ છતાં આગામી થોડા કલાકોમાં પરિસ્થિતિ સામાન્ય થવાની અપેક્ષા છે. ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરતા ઈન્ડીગોએ લખ્યું છે કે, એરપોર્ટ સંચાલકો અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ની ટીમ સિસ્ટમને ફરીથી સંપૂર્ણપણે ચાલુ કરવા અને કામગીરીને સ્થિર કરવા માટે સૌથી પહેલા આ કામ કરી રહી છે. આશા છે કે આગામી થોડા કલાકોમાં પરિસ્થિતિ સામાન્ય થઈ જશે. જોકે, આ સમય દરમિયાન, કેટલીક ફ્લાઈટના આવવા-જવાના સમયમાં ફેરફાર થઈ શકે છે.અમારી ટીમ એરપોર્ટ પર હાજર છે અને મુસાફરોને નવા ટાઈમટેબલ, આગળના કનેક્શન અને રીઅલ-ટાઈમ માહિતી આપીને મદદ કરી રહી છે, જેથી જો રાહ જોવી પડે તો તે તમારા માટે વધુ સરળ બની શકે. જો તમે આજે મુસાફરી કરી રહ્યા હોય, તો અમે તમને સલાહ આપીએ છીએ કે તમારી ફ્લાઈટનું લેટેસ્ટ સ્ટેટસ અહીં: http://bit.ly/2EjJGGT પર જોતા રહો અને એરપોર્ટ પર પહોંચવા માટે થોડો વધુ સમય લઈને નીકળો.

અમે તમારા ધૈર્ય અને સહકારની ખરેખર પ્રશંસા કરીએ છીએ. અમે તમને પૂરો સહકાર આપવા અને તમારી મુસાફરી શક્ય તેટલી આરામદાયક અને સરળ રહે તેની ખાતરી કરવા માટે અહીં છીએ.' સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા શુક્રવારે રાતથી શરૂ થઈ, જ્યારે ઈન્ડિગોની બુકિંગ અને ચેક-ઈન સિસ્ટમમાં અચાનક ખામી આવી. દિલ્હી, મુંબઈ, બેંગલુરુ, હૈદરાબાદ અને કોલકાતા જેવા મુખ્ય એરપોર્ટ પર મુસાફરોએ કલાકો સુધી રાહ જોવી પડી હતી. સોશિયલ મીડિયા પર ઘણા મુસાફરોએ ફરિયાદ કરી કે ફ્લાઈટ સ્ટેટસ અપડેટ થઈ રહ્યું નથી અને કાઉન્ટર પર લાંબી લાઈન લાગી છે.

### કળિયુગની હચમચાવતી ઘટના

# મા ચીખતી રહી કે દીકરા મને ન માર પણ નિર્દય પુત્રએ કરી હત્યા

(એજન્સી) શહડોલ | તા 08

મધ્ય પ્રદેશના શહડોલ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં અંધશ્રદ્ધામાં વહી ગયેલા એક પુત્રએ પોતાની જ સગી માતાની નિર્મમ હત્યા કરી નાખી. પુત્રએ હત્યાનો ગુનો છુપાવવા માટે માતાના મૃતદેહને ખેતરમાં દાટી દીધો હતો, જેમાં તેને તેના કાકાના દીકરાએ મદદ કરી હતી. જોકે, આ ગુનો લાંબો સમય છૂપો ન રહેતા પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા છે.મળતી માહિતી મુજબ, આ ખૌફનાક ઘટના શહડોલ જિલ્લાના છત્તીસગઢ બોર્ડર પર સ્થિત ઝિકબિજુરી પોલીસ ચોકી વિસ્તારના કુટેલા ગામની છે. 25 વર્ષીય આરોપી સત્યેન્દ્ર સિંહે તેના કાકાના પુત્ર ઓમપ્રકાશ સાથે મળીને પોતાની માતા પ્રેમબાઈની કુહાડી અને ડંડા વડે ક્રૂરતાથી માર મારીને હત્યા કરી દીધી હતી. માતા પીડાથી તડપતી રહી ત્યારે આરોપીએ તેનું ગળું




દબાવીને મોતની ખાતરી કરી હતી. હત્યા બાદ તેણે પિતરાઈ ભાઈ અને પરિવારના અન્ય સભ્યો ગુલાબ સિંહ, અમન સિંહ અને અમોદ સિંહની મદદથી માતાના મૃતદેહને ખેતરમાં દાટી દીધો. પોલીસે જ્યારે ખેતરમાંથી મૃતદેહને ખોદીને બહાર કાઢ્યો ત્યારે સમગ્ર ગામમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. હાલ પોલીસે તમામ પાંચેય આરોપીઓની અટકાયત કરીને તેમની પૂછપરછ શરૂ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી સત્યેન્દ્ર તેના કાકાનું મૃત્યુ અને તેના બાળકોની બીમારીનું કારણ તેની માતાને માનતો હતો. કાળા જાદૂની શંકામાં તેણે પોતાના જ લોહીના સંબંધનો અંત લાવી દીધો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જ્યારે માતા પોતાના જીવની ભીખ માંગી રહી હતી અને કહી રહી હતી કે 'બેટા મને મારીશ નહીં', ત્યારે પણ પુત્રએ ત્યાં સુધી માર મારવાનું ચાલુ રાખ્યું જ્યાં સુધી માતાના શ્વાસ થંભી ન ગયા. પોલીસે જણાવ્યું કે, આરોપી પુત્રએ પુરાવા નષ્ટ કરવા માટે મૃતદેહને ખેતરમાં દાટ્યો હતો. પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે અને તમામ આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

સિટી એક્સપ્રેસ
SUNDAY 09 NOVEMBER-2025
AHMEDABAD

## કુબેરનગરમાં ભગવતી સ્કૂલની માન્યતા રદ કરાઈ

અમદાવાદ | ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા અમદાવાદ પૂર્વમાં કુબેરનગર વિસ્તારમાં આવેલી ભગવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે. જેથી બોર્ડના આદેશ મુજબ બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થતા જ અમદાવાદ શહેરના ડીઈઓ દ્વારા સ્કૂલના 1000 જેટલા વિદ્યાર્થીઓને અન્ય સ્કૂલમાં ટ્રાન્સફર કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. માન્યતા રદ થતા હવે આ સ્કૂલમાં ભણતા ધો.10 અને 12ના વિદ્યાર્થીઓના બોર્ડ પરીક્ષાના ફોર્મ પણ આ સ્કૂલમાંથી નહીં ભરાય.

## ગાંધીનગરમાં ખનીજ ચોરો પર કલેક્ટરની તવાઈ

ગાંધીનગર | ગાંધીનગર કલેક્ટર મેહુલ દવેના સીધા માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ભૂસ્તર તંત્રએ જિલ્લામાં ખનીજની બિન-અધિકૃત ખનન અને વહન પ્રવૃત્તિઓ સામે કડક ઝુંબેશ ચલાવી છે. છેલ્લા 8 દિવસમાં વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું.ત્યારે છેલ્લા 24 કલાકના ગાળામાં જ અલગ અલગ સ્થળોથી કુલ 8 ડમ્પર અને ટ્રેક્ટર જપ્ત કરી 2.40 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ગાંધીનગર ભૂસ્તર તંત્રએ જિલ્લામાં ખનીજની બિન-અધિકૃત ખનન અને વહન પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવવા વધુ એક વખત સઘન ઝુંબેશ હાથ ધરી છે.

# ધો. 10 અને 12 બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર

## સાયન્સમાં ફિઝિક્સ અને કોમર્સમાં ઈકોનોમિક્સના પેપરથી પ્રારંભ, 29 માર્ચે ગુજકેટની પરીક્ષા; જાણો સંપૂર્ણ કાર્યક્રમ

### ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી યોજાશે

(એજન્સી) ગાંધીનગર | તા. 08

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને 12ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ધોરણ-10ની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાશે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી યોજાશે. ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાશે. વિદ્યાર્થીઓ 7 નવેમ્બર 2025ના બપોરે 12:00 કલાકથી 6 ડિસેમ્બર 2025ની રાત્રે 12:00 કલાક સુધી રેગ્યુલર ફી સાથે બોર્ડની અધિકૃત વેબસાઈટ www.gseb.org પર ફોર્મ ભરી શકશે. ગત વર્ષની જેમ આ વર્ષે પરીક્ષા 10 દિવસ વહેલા શરૂ થશે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026માં યોજાનારી ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડ પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તારીખો જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ 7 નવેમ્બર, 2025થી 6 ડિસેમ્બર, 2025 સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. બોર્ડ દ્વારા જણાવાયું છે કે, રેગ્યુલર ફી સાથેના ઓનલાઈન આવેદનપત્રો 7 નવેમ્બર, 2025ના રોજ બપોરે 12:00 કલાકથી 6 ડિસેમ્બર, 2025ના રોજ રાત્રીના 12:00 કલાક સુધી બોર્ડની વેબસાઈટ gseb.org પર ભરી શકાશે.

દરેક પ્રશ્ન પત્રમાં 15 મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીને ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટેની શરૂઆતની પાંચ મિનિટ અને પ્રશ્નપત્ર વાંચવા માટે 10 મિનિટ ફાળવવામાં આવશે અને જવાબ લખવા માટે નિયમ મુજબ 1 કલાકથી 3 કલાક સુધીનો સમય રહેશે. પ્રથમ પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓએ પરીક્ષા સેન્ટર પર શરૂ થવાની 30 મિનિટ પહેલાં પહોંચવાનું રહેશે, બાકીના દિવસોએ 20 મિનિટ અગાઉ રહેવાનું રહેશે.

ગત વર્ષે 27 ફેબ્રુઆરીથી બોર્ડ પરીક્ષાઓ શરૂ થઈ હતી. 27 ફેબ્રુઆરીથી શરૂ થઈને 10 માર્ચ સુધી પરીક્ષાઓ ચાલી હતી. જ્યારે આ વખતે પરીક્ષાઓ 26 ફેબ્રુઆરીથી 16 માર્ચે પૂર્ણ થશે. 2025 પહેલાં બોર્ડની પરીક્ષા 15 માર્ચથી શરૂ થતી હતી, પરંતુ બે વર્ષથી 15 દિવસ વહેલી પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આમ સતત 2 વર્ષથી 15 દિવસ વહેલી પરીક્ષા યોજવામાં આવે છે.

આ સાથે જ ગુજકેટ 2026ની પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં આગામી 29 માર્ચ, 2026ના રવિવારે સવારે 10 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધી જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાશે. GUJCET 2026ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની તારીખ આગામી સમયમાં જાહેર કરાશે. ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ સહિતની માહિતી પુસ્તિકા બોર્ડની સત્તાવાર વેબસાઈટ gseb.org પર જાહેર કરવામાં આવશે. પરીક્ષા ગુજરાતી, અંગ્રેજી અને હિંદી ત્રણ માધ્યમમાં આપી શકાશે.

## પ્રહલાદ મોદીનો હુંકાર, સરકારે અમારી સાથે છેતરપિંડી કરી

(એજન્સી) ગાંધીનગર | તા. 08

રાજ્યની વાજબી ભાવની દુકાનદારોની બે એસોસિયેશન દ્વારા સરકાર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. દુકાનદારોએ જણાવ્યું છે કે 4 નવેમ્બર, 2025ના રોજ પુરવઠામંત્રી, રાજ્ય કક્ષાના બન્ને મંત્રી, અગ્ર સચિવ, નિયામક અને અન્ય ટોચના અધિકારીઓ સાથે થયેલી બેઠકમાં કરાયેલી મહત્ત્વપૂર્ણ સમજૂતીનો ભંગ કરીને 7 નવેમ્બર 2025ના રોજ નવી શરતો સાથેનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો, જેમાં થયેલી ચર્ચા મુજબ પરિપત્રમાં અમલ કરવામાં ન આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

સસ્તા અનાજની દુકાનના સંચાલકો સાથે સરકારે કરેલી છેતરપિંડીના વિરોધમાં પ્રહલાદ મોદીએ ફરી એકવાર આંદોલનનો હુંકાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે સરકારે તાત્કાલિક નવો પરિપત્ર પાછો ખેંચવો પડશે, નહીં તો દુકાનદારોને આંદોલન કરવાની ફરજ પડશે. તેમનું કહેવું છે કે દુકાનદારો સાથે 4 નવેમ્બરના રોજ સમજૂતી થઈ હોવા છતાં સરકારે એકતરફી રીતે નવો પરિપત્ર બહાર પાડીને વિશ્વાસઘાત કર્યો છે. ફેર પ્રાઈસ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યુ હતું કે આ પરિપત્ર બે દિવસમાં સુધારીને આપવાનું નક્કી થયું એ મુજબ આપે પરિપત્ર આપ્યો, પરંતુ એમાં થયેલી ચર્ચાથી વિપરીત વસ્તુ રજૂ કરવામાં આવી છે. એનો વિરોધ છે. એમાં કલમ નં. 2માં લખ્યું છે કે વ્યવસ્થા મામલતદાર અથવા કલેક્ટર ઓફિસના કર્મચારી કરશે.

## બંધ ટ્રકમાં કાર ઘૂસી જતાં યુવકનું મોત, 2 યુવતીને ઈજા : SG હાઈવે પરના અંડરબ્રિજમાં વહેલી સવારે અકસ્માત, કિયા કારનો બુકડો...

(એજન્સી) અમદાવાદ । તા. 08

આજે વહેલી સવારે અમદાવાદના થલતેજ અંડરબ્રિજ પર કાર અને ટ્રકનો અકસ્માત થતાં એક યુવકનું મોત નીપજ્યું છે, જ્યારે કારમાં સવાર અન્ય બે યુવતીને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડાઈ છે. એક યુવક પોતાની કિયા સેલ્ટોસ કાર લઈને પૂરઝડપે આવી રહ્યો હતો, ત્યારે બંધ પડેલી ટ્રકના પાછળના ભાગે તેની ટક્કર થતાં કારચાલક યુવકનું કરુણ મોત થયું હતું. આ મામલે એસ. જી. 1 ટ્રાફિક-



પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

8 નવેમ્બરે સવારે 5 વાગ્યે એસ. જી. હાઈવે પરના ગુરુદ્વારા પાસેના અંડરબ્રિજમાં એક આઈસર ટ્રક પસાર થતા સમયે બંધ પડી ગઈ હતી. આ દરમિયાન થલતેજથી ઈસ્કોન તરફ કાળા કલરની કિયા સેલ્ટોસ કાર પૂરઝડપે જઈ રહી હતી. કારની સ્પીડ એટલી હતી કે અંડરબ્રિજમાં બંધ પડેલી આઈસર ટ્રક કારચાલકને દેખાઈ નહીં અને પાછળથી ટક્કર મારી દીધી હતી. ધાડાકાભેર કાર ટ્રકમાં અથડાવતાં કારચાલક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જ્યારે તેની સાથે બેઠેલી બે યુવતી પણ ઈજાગ્રસ્ત થઈ હતી. આ અકસ્માત થતાંની સાથે જ આઈસર ટ્રકનો ચાલક ફરાર થઈ ગયો હતો, જ્યારે ઈજાગ્રસ્ત યુવક અને યુવતીઓને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતાં.

ઘટનાની જાણ ટ્રાફિક- પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોચ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે કારચાલકનું નામ આર્યન બત્રા છે અને તે આંબલી પાસે આવેલા આર્યન ઓપ્યુલ્સન ફ્લેટમાં રહે છે.

## LCBએ અડાલજ કેનાલ નજીક પીકઅપ ડાલામાંથી દારૂ ઝડપ્યો, 12.25 લાખના માલ સાથે બેની ધરપકડ

(એજન્સી) ગાંધીનગર | તા. 08

રાજ્યના ગાંધીનગરમાં દારૂબંધીના કાયદાનો ભંગ કરવા માટે બૂટલેગરો દ્વારા અપનાવાતી અવનવી તરકીબો ફરી એકવાર પકડાઈ છે. ગાંધીનગર ક્રાઈમ બ્રાંચે અડાલજ કેનાલ નજીકથી પિકઅપ ડાલામાં લસણ જેવા જરૂરી માલસામાનની આડમાં ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો સહિત કુલ રૂ.12.25 લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમોની ધરપકડ ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.પી પરમારની ટીમ અડાલજ પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી કે, રાજસ્થાન પાર્સિંગનું એક મહિન્દ્રા પીકઅપ ડાલુ (RJ-02-GB-6617) લસણના 24 કટ્ટાની નીચે વિદેશી દારૂ સંતાડીને ગાંધીનગર-સરખેજ હાઈવે પરથી થોળ (કડી) તરફ જઈ રહ્યું છે. એલસીબીની ટીમ બાતમી આધારે તાત્કાલિક અડાલજ કેનાલ પાસે વોચ ગોઠવી દઈ બાતમી વાળા ડાલાની કાગડોળે રાહ જોઈ હતી. દૂરથી ડાલુ આવતું જોઈને એલસીબી ટીમે હાથનો ઈશારો કરતા જ ડ્રાઈવર ઊભો રહી ગયો હતો. બાદમાં પિકઅપ ડાલાની તલાશી લેતા પાછળના ભાગે વ્યવસ્થિત રીતે ગોઠવેલા લસણના કટ્ટા નીચે ભારતીય બનાવટના વિદેશી દારૂની 50 પેટીઓ છુપાયેલી મળી આવી હતી.

## USDTમાં કમિશનના બહાને ઠગાઈ : યુવતીના સંપર્કમાં આવી વેપારીએ 31 લાખ ગુમાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા. 08

અમદાવાદમાં USDTના નામે ઠગાઈના બે કિસ્સા સામે આવ્યા છે. એક કિસ્સામાં વેપારીએ સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીનો સંપર્ક થતા 10 ટકા કમિશનની લાલચ આપી USDTમાં રોકાણ કરવાના બહાને 31 લાખ પડાવ્યા, જ્યારે અન્ય એક વેપારીને પરિચિત વ્યક્તિએ 1 ડોલર પર 1 રૂપિયા કમિશન આપવાનું કહીને 10 લાખ રૂપિયાના USDT મેળવીને પૈસા આપ્યા ન્હોતા. બંને મામલે પોલીસે અલગ અલગ ગુના નોંધી તપાસ હાથ ધરી છે.

સોલામાં રહેતા શૈલેષ પટેલે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ બિલ્ડીંગ મટીરીયલ સપ્લાયનો વેપાર કરે છે. થોડા સમય અગાઉ તેમને ફેસબુક પર યુવતીનો સંપર્ક થયો હતો. યુવતીએ તેમની સાથે વાતચીત કરીને તેમને ડોલરમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવ્યું હતું. શૈલેષભાઈએ યુવતી પર વિશ્વાસ રાખીને વધારે વાતચીત કરી હતી. ત્યારે યુવતીએ ડોલરમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાથી 10% નફો મળશે તેવી લાલચ આપી હતી. શૈલેષભાઈ યુવતીની વાતો આવી ગયા હતા. ત્યારબાદ યુવતીએ એક લિંક મોકલી હતી, જેમાં શૈલેષભાઈએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. શૈલેષભાઈને એક કંપનીમાંથી કોલ આવ્યો હતો. પોતે કસ્ટમર કેરમાંથી હોવાનું જણાવીને અલગ અલગ બેન્ક એકાઉન્ટનો નંબર આપ્યા હતા, જેમાં આરટીજીએસ કરવાનું કહ્યું હતું.

શૈલેષભાઈએ ટુકડે ટુકડે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં 31 લાખ રૂપિયા ટ્રાન્સફર કરીને ડોલર માટે ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. આ પૈસા ભર્યા બાદ તેમને 10%થી વધુનો નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પૈસા ઉપાડવાનો પ્રયત્ન કરતા પૈસા ઉપડ્યા ન હતા અને તેમને વધારે ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું. શૈલેષભાઈને વિશ્વાસ આવે તે માટે તેમને 9900 રૂપિયા નફામાંથી ઉપાડવા દીધા હતા, પરંતુ બીજી રકમ ના ઉપાડતા શૈલેષભાઈને શંકા ગઈ હતી. જેથી તેમને વેબસાઈટ પર તપાસ કરી ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઇનની મદદ મેળવી હતી. બાદમાં અમદાવાદ સાયબર ક્રાઈમમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

નરોડામાં રહેતા રાજેશ કટકમે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ફોરેક્સ ટ્રેડિંગ અને સ્ટોક માર્કેટનું કામ કરે છે. ચાર મહિના અગાઉ તેમના દુબઈમાં રહેતા મિત્ર સતીશભાઈ દ્વારા તેમનો સંપર્ક સતિષભાઈના મિત્ર અખિલ સાથે થયો હતો.

## રાજ્યમાં ગુલાબી ઠંડીની શરૂઆત નલિયા રહ્યું સૌથી ઠંડુ શહેર



(એજન્સી) અમદાવાદ । તા. 08

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીને લઈને આગાહી કરવામાં આવી છે, જેમાં ગઈકાલે સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું હતું. સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયા ખાતે 16.3 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 33.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે ભૂજમાં મહત્તમ તાપમાન 34.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 18.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આમ સૌથી ઓછું ઠંડુ ભૂજ અને સૌથી વધુ ઠંડુ નલિયા શહેર નોંધાયું હતું.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં ઠંડીની આગાહી કરવામાં આવી છે, જેમાં પવનની દિશા ઉત્તર પૂર્વથી પૂર્વની થતા ઠંડીનો અનુભવ થશે. ઉત્તર તરફથી પવન આવતા તાપમાન ઘટવાની આગાહી કરવામાં આવી છે. મોટાભાગના જિલ્લાઓમાં 2-3 ડિગ્રી તાપમાન ઘટવાની શક્યતા છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન 30.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે.

## રાત્રે 12થી સવારે 11 વાગ્યા સુધીમાં વધુ 7 ફ્લાઈટ ડીલે

(એજન્સી) અમદાવાદ | તા. 08

એર ટ્રાફિક કંટ્રોલ ફ્લાઈટ પ્લાનિંગને ટેકો આપતી AMSSમાં આવેલી ટેકનિકલ સમસ્યાને કારણે અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટ કામગીરી પ્રભાવિત થઈ રહી છે. જેના કારણે આજે પણ અમદાવાદથી અસર કરતી અનેક ફ્લાઈટ ડીલે થઈ હતી.

દિલ્હીથી અમદાવાદ આવતી રાત્રે 12 વાગ્યાથી 11 વાગ્યા સુધીમાં ઈન્ડિગોની 2 ફ્લાઈટ 6E 6792, 163ની ફ્લાઈટ 2 કલાકથી વધુ સમય મોડી પડી હતી. જ્યારે સ્માર્ટ વિંગ્સની SG 8193ની ફ્લાઈટ 3 કલાકથી વધુ સમય મોડી પડી હતી. તો ઈન્ડોગોની 6E 2308ની ફ્લાઈટ જે સવારે 6:05 વાગ્યે દિલ્હીથી ટેક ઓફ થવાની હતી, જે હજી શિડ્યુલ બતાવવામાં આવી રહી છે. જ્યારે આકાશા એરની પણ QP 1334ની ફ્લાઈટ 10:40એ દિલ્હીથી ટેક ઓફ થવાની હતી, પરંતુ હજી થઈ નથી તે પણ શિડ્યુલ બતાવવામાં આવી રહી છે.

## અમદાવાદમાં મહિલા દોષિતને 11 વર્ષે રેગ્યુલર જામીન મળ્યા

જામનગર | જામનગરની સેશન્સ કોર્ટે વર્ષ 2018માં એક મહિલા આરોપી અને તેના પ્રેમી પુરુષ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. જેમાં મહિલા આરોપીએ વર્ષ 2018માં તેની સામે હાઈકોર્ટમાં દાખલ કરેલી અપીલમાં રેગ્યુલર જામીન અરજી મંજૂર થતા 11 વર્ષ બાદ તેને જેલમાંથી રેગ્યુલર જામીન પર મુક્ત કરવામાં આવશે. કેસની વિગતો જોતા પરિણીત મહિલા આરોપીને 5 વર્ષ અને 2 વર્ષના એમ બે પુત્રો હતા. જેને અન્ય એક પુરુષ સાથે પ્રેમ થઈ ગયો હતો, તે પુરુષ પણ પરિણીત હતો. મહિલાના પ્રેમીએ તેને બંને બાળકો સાથે રાજકોટ આવવા કહ્યું હતું.

